અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ જાન્યુઆરી ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૭ | અંક : ૧૮૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ઝોળી ભરીને પૈસા આપ્યા, પણ દિલ્હીના સત્તાધીશો શીશમહેલ બનાવવામાં વ્યસ્ત

## ભાજપની સરકાર બની તો મફત વીજ-પાણી જેવી કોઈ વર્તમાન સ્કીમ બંધ થશે નહીં : પીએમ મોદી







। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત પહેલાં જ વડાપ્રધાન મોદીએ રૂ. ૧૨ હજાર કરોડથી વધુ ભેટ દિલ્હીવાસીઓને આપી છે. 'નમો ભારત' નેટવર્કનું વિસ્તરણ અને નવી મેટ્રો લાઈનના ઉદ્ઘાટન સાથે ભારતને સૌથી મોટા મેટ્રો રેલ નેટવર્ક ધરાવતા દેશોની યાદીમાં ત્રીજું સ્થાન પણ અપાવ્યું છે. આ ઉદ્ઘાટન બાદ વડાપ્રધાન મોદી રોહિણીના જાપાની પાર્કમાં ભાજપની પરિવર્તન રેલીને સંબોધિત કરી રહ્યા હતા. જેમાં એકબાજુ આપ પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે, કેન્દ્ર સરકારે દિલ્હીને ઝોળી ભરીને પૈસા આપ્યા છે, પરંતુ દિલ્હીના સત્તાધીશો શીશમહેલ બનાવવામાં વ્યસ્ત હતાં. બીજી બાજુ અનેક વર્તમાન સરકારની ઉપલબ્ધ સ્કીમ્સને બંધ નહીં કરવાનું વચન પણ આપ્યું છે. અરવિંદ કેજરીવાલના પક્ષ તરફથી થઈ રહેલા પ્રચારોને ખોટા ઠેરવતાં કહ્યું છે કે, ભાજપની સરકાર બની તો મફત વીજ-પાણી જેવી કોઈ વર્તમાન સ્કીમ બંધ થશે નહીં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોહિણી રેલીમાં વિગતવાર સમજાવ્યું કે 'ભાજપ કઈ રીતે દિલ્હીનો વિકાસ કરવા માંગે છે. પીએમએ ફરી એકવાર દિલ્હીની આમ આદમી પાર્ટી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે કે, ઉનાળામાં પાણી માટે લડાઈ, વરસાદની ઋતુમાં પાણી ભરાઈ જવાની સમસ્યા અને શિયાળામાં પ્રદૂષણને કારણે શ્વાસ લેવામાં તકલીફ જેવી અનેક સમસ્યાઓથી દિલ્હીવાસીઓ પીડિત છે. આ લોકોએ દરેક સીઝનને દિલ્હી માટે આફત બનાવી છે. દિલ્હીની જનતાની ઉર્જા આખું વર્ષ આપત્તિનો સામનો કરવામાં ખર્ચાઈ રહી છે. તેથી દિલ્હીમાં આપત્તિનો અંત આવશે તો જ સુશાસનનું ડબલ એન્જિન આવશે.'

પીએમ મોદીએ ફરી એકવાર અરવિંદ કેજરીવાલનું નામ લીધા વિના કથિત શીશમહેલનો ઉલ્લેખ કરીને તેમના પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું, 'દિલ્હીમાં આપત્તિ લાવનારા લોકો ખોટો આરોપ લગાવે છે કે કેન્દ્ર સરકાર કામ કરવા દેતી નથી. કેન્દ્ર સરકાર તેમને પૈસા આપતી નથી. તેઓ કેટલા મોટા જૂઠા છે તેનું ઉદાહરણ શીશમહેલ છે. આજે જ એક મોટા અખબારે કેગના રિપોર્ટના આધારે શીશ મહેલ પર થયેલા ખર્ચનો ખુલાસો કર્યો છે. આ જાણીને તમને દુ:ખ થશે, સમગ્ર દેશના લોકો ચોંકી જશે, જ્યારે દિલ્હીના લોકો કોરોના સામે લડી રહ્યા હતા, જ્યારે દિલ્હીના લોકો ઓક્સિજન અને દવાઓ માટે ભટકતા હતા, ત્યારે આ લોકોનું ધ્યાન તેમનું શીશમહેલ ઉભું કરવા પર હતું. આજે અખબારે ખુલાસો કર્યો છે કે, આ શીશ મહેલ માટે ત્રણ ગણાથી વધુ બજેટ ખર્ચવામાં આવ્યું છે. આ તેમનું સત્ય છે.'

અરવિંદ કેજરીવાલ લગભગ દરેક સભામાં કહે છે કે જો ભાજપ જીતશે તો મફતની તમામ યોજનાઓ બંધ કરી દેશે. આ મુદ્દે પીએમ મોદીએ સ્પષ્ટતા આપી કે 'દરેકના ડરને દૂર કરતાં હું ખાતરી આપુ છું કે આ યોજનાઓ બંધ કરવામાં આવશે નહીં. દિલ્હી ચૂંટણીમાં પોતાની હારને જોતાં તેઓ જૂઠાણું ફેલાવી રહ્યા છે, દિલ્હીના લોકોને ડરાવી રહ્યા છે કે જો ભાજપ આવશે તો આ મફતની યોજનાઓ બંધ થઈ જશે. પરંતુ હું દિલ્હીની જનતાને આશ્વાસન આપવા આવ્યો છું કે ભાજપ સરકારમાં જનહિતની કોઈપણ યોજના બંધ કરવામાં આવશે નહીં, પરંતુ તેમાં જે લોકોના અપ્રમાણિક કોન્ટ્રાક્ટ હશે તેમને બહાર કરી દેવામાં આવશે. છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્ય સરકારની યોજનાઓ માત્ર કાગળ પર જ ચાલી રહી છે, આ યોજનાઓમાં ઘણા લોકોએ પ્રજાના પૈસાની લૂંટ ચલાવી છે, તેને ભાજપ સરકાર પૂરી ઈમાનદારી સાથે આગળ લઈ જશે, લૂંટેરાઓને દૂર કરશે. વધુમાં કેન્દ્ર સરકારની યોજનાઓ પણ લાગુ કરી ભાજપ દ્વારા બેવડી યોજનાઓનો લાભ આપીશું.'

મહિલા મતદારોને સંબોધિત કરતાં પીએમ મોદીએ કહ્યું કે 'ભાજપ દિલ્હીમાં પણ લાડલી બહેન જેવી યોજનાનું વચન આપી શકે છે. ભાજપની નીતિઓમાં મહિલાઓ માટે કરોડો શૌચાલય બનાવવા, દિલ્હીની મહિલાઓના નામે ઉજ્જવલા ગેસ કનેક્શન, સુકન્યા સમૃદ્ધિ યોજના, સગર્ભા મહિલાઓના ખાતામાં સહાય સહિત અનેક યોજનાઓ લાગુ કરવામાં આવશે. ભાજપ સરકાર દિલ્હીના ૭૫ લાખ જરૂરિયાતમંદ લોકોને મફત રાશન આપશે. દિલ્હીમાં ભાજપ સરકાર માતાઓ અને બહેનો સરળતાથી પોતાનું ઘર ચલાવી શકે તેની ખાતરી કરશે.

### સંજય રાઉતના દાવાથી રાજકારણમાં હલચલ

## ભાજપે JDU તોડવાનો પ્રયાસ કરતાં નીતિશ કુમાર છે નારાજ

### ભાજપ બિહારમાં સહયોગી દળની પીઠમાં છરો ઘોંપી રહી છે : શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતનો દાવો



। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે દાવો કર્યો કે, નીતિશ કુમારના નેતૃત્ત્વવાળી જનતા દળ (યુનાઈટેડ) NDA ગઠબંધન સાથે નહીં રહે. કારણકે, ભાજપ તેમની પાર્ટીના ૧૦ સાંસદોને લલચાવવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપ બિહારમાં સહયોગી દળની પીઠમાં છરો ઘોંપી રહી છે. નોંધનીય છે કે, બિહારમાં ભાજપ નીતિશ કુમારની સાથે ગઠબંધનમાં છે. સંજય રાઉતે કહ્યું, 'ભાજપે જેડી(યુ) ના ૧૦ સાંસદોને પોતાના પક્ષમાં કરવાનું કામ શરૂ કરી દીધું છે. તેથી નીતિશ કુમાર સંકોચ અનુભવી રહ્યા છે. તે એનડીએમાં રહેશે કે નહીં તે વિશે મને શંકાછે. જેડી(યુ) એનડીએના ભાગરૂપે ૨૦૨૫માં બિહાર વિધાનસભાની ચૂંટણી લડે તેવી સંભાવના ખૂબ ઓછી દેખાય છે. જેડી(યુ) પાસે લોકસભામાં ૧૨ સાંસદ છે, જે એનડીએ સરકાર માટે મહત્ત્વપૂર્ણ છે. કારણકે, ભાજપ પાસે સંસદના નીચલા ગૃહમાં પોતાના દમ પર બહુમત નથી. વળી, છત્તીસગઢના પત્રકાર મુકેશ ચંદ્રકારની હત્યા પર સંજય રાઉતે કહ્યું, તેણે રસ્તો બનાવવામાં થઈ રહેલાં ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો હતો. મુકેશ ચંદ્રાકરની હત્યાને હું સંતોષ દેશમુખની હત્યાની જેમ જોવ છું. મુકેશ ચંદ્રાકરની હત્યા એટલે થઈ કારણ કે, તેણે ભ્રષ્ટાચારની વિરોધમાં અવાજ ઉઠાવ્યો. ઝારખંડમાં એક પત્રકારને જેલમાં રાખવામાં આવ્યો. આ બધી જગ્યાએ ચાલી રહ્યું છે અને કહેવામાં આવે છે કે, દેશમાં લોકતંત્ર છે, ક્યાં છે લોકતંત્ર? દિલ્હી ચૂંટણી પર તેઓએ કહ્યું, વડાપ્રધાનની આદત છે ચૂંટણી પહેલાં હજારો કરોડોની જાહેરાત કરે છે.

## રસ્તા વચ્ચે ભાજપ સાંસદ અને TMC નેતા વચ્ચે તુ તુ મેં મેં

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ટીએમસી અને ભાજપનાના બે મોટા નેતાઓ વચ્ચે રસ્તા પર જ બબાલ થઈ ગઈ હતી. શુક્રવારે રાત્રે લગભગ ૧૦:૦૦ વાગ્યે અહીં બંને નેતાઓ વચ્ચે ઝઘડો થઈ ગયો હતો,જોકે, બાદમાં પોલીસે આ મામલો શાંત પાડ્યો હતો. ટીએમસી ધારાસભ્ય બાબુલ સુપ્રિયો અને ભાજપ સાંસદ અભિજીત ગાંગુલી વચ્ચે બબાલ થઈ ગઈ હતી. આ બબાલનો વીડિયો પણ સામે આવ્યો છે જેમાં બંને પક્ષો વચ્ચે ઝઘડો જોઈ શકાય છે. આ દરમિયાન ટીએમસી ધારાસભ્યએ આરોપ લગાવ્યો કે મારી કાર રોકી દેવામાં આવી અને મને અપશબ્દો બોલવામાં આવ્યા. આ બબાલ વધી જતાં લોકોની ભીડ ઘટના સ્થળે ઉમટી પડી હતી. તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય બાબુલ સુપ્રિયો અને ભારતીય જનતા પાર્ટીના તામલુકના સાંસદ અને પૂર્વ જસ્ટિસ અભિજીત ગાંગુલી વચ્ચે વિવાદનો મામલો સામે આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય બાબુલ સુપ્રિયોએ આરોપ લગાવ્યો છે કે, મારી કારને અપશબ્દો કહી ટાર્ગેટ કરવામાં આવી. તેમણે એમ પણ કહ્યું કે, મારી કાર પર MLA નથી લખેલું નથી અને તમે ૨ૈ લખીને ફરી રહ્યા છો.

### મૌલાના બરેલવીનું ચોંકાવનારું નિવેદન

## વક્ફ બોર્ડની જમીન પર યોજાઈ રહ્યો છે મહાકુંભનો મેળો

### પ્રયાગરાજના મુસ્લિમો ખુબ મોટા દિલના છે પરંતુ અખાડા પરિષદે તેમના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો છે



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૫ ।

છેલ્લા કેટલાક દિવસોથી મહાકુંભમાં મુસ્લિમોના પ્રવેશને લઈને વિવાદ ચાલી રહ્યો છે. સાધુ-સંતોએ મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો છે, તો મુસ્લિમ ધર્મગુરૂ આ વાતનો વિરોધ કરી રહ્યા છે. મહાકુંભની તૈયારીઓ વચ્ચે રવિવારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ એક નિવેદન જાહેર કર્યું છે. જેમાં તેમણે મહાકુંભના મેળા વાળી જગ્યાને વક્ફ બોર્ડની જમીન ગણાવી. સાથે જ પ્રયાગરાજના મુસ્લિમોના વખાણ કરતા કહ્યું કે, તેઓ ખુબ મોટા દિલના છે. પરંતુ અખાડા પરિષદે તેમના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી રહ્યા છે.

મૌલાના શહાબુદીને કહ્યું કે, 'પ્રયાગરાજના નિવાસી સરતાજે દાવો કર્યો છે કે કુંભના મેળાની જ્યાં તૈયારીઓ કરાઈ રહી છે તે જમીન વક્ફની સંપત્તિ છે. આ જમીન લગભગ ૫૪ વીઘા ગણાવાય રહી છે. મુસ્લિમોએ મોટું દિલ રાખતાં કોઈ વાંધો દર્શાવ્યો નથી. કુંભ મેળાની તમામ તૈયારીઓ વક્ફની જમીન પર થઈ રહી છે. પરંતુ બીજી તરફ અખાડા પરિષદ અને તેના બીજા બાબા લોકો મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી રહ્યા છે. તેમણે આ પ્રકારના વિચારો દૂર કરવા પડશે, મુસ્લિમોની જેમ મોટું દિલ દેખાડવું પડશે.'

એક દિવસ પહેલા જ તેમણે મહાકુંભમાં હજારો મુસ્લિમોના ધર્મ પરિવર્તન કરાયાની ચિંતા પણ વ્યક્ત કરી હતી. આ મામલે મૌલાનાએ મુખ્યમંત્રી યોગીને એક પત્ર પણ લખ્યો છે. પત્રમાં મૌલાનાએ આ પ્રકારના કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવવાની માગ કરી છે. પત્રમાં મૌલાનાએ લખ્યું હતું કે મને ક્યાંકથી માહિતી મળી છે કે પ્રયાગરાજમાં મહાકુંભના મેળામાં મોટી સંખ્યામાં મુસ્લિમોનું ધર્માંતરણ કરાવવામાં આવશે. તમારા નેતૃત્વવાળી યુપી સરકારમાં ધર્માંતરણ વિરૂદ્ધ કાયદો પાસ કર્યો છે, હવે એવી સ્થિતિમાં કુંભ મેળામાં મુસ્લિમોનું ધર્માંતરણ કરાવાશે તો ધર્માંતરણના કાયદામાં આવશે. તેનાથી દેશ અને રાજ્યમાં તણાવની સ્થિતિ સર્જાવાની સંભાવના છે. એટલા માટે ધર્માંતરણ કાર્યક્રમ પર રોક લગાવવામાં આવે.

### અચાનક ચીનમાં સ્કૂલો બંધ । વુહાનની સ્કૂલોમાં એક સાથે ૩૦થી વધુ બાળકો બીમાર

## વુહાનમાં સ્થિતિ કથળી, સંક્રમણ કેસોમાં ૫૨૯ ટકાનો તોતિંગ વધારો



। (એજન્સી) વુહાન, તા.૫ ।

ચીનમાં વાયરસના વધતા ખતરાને જોતા ભારતે પણ સતર્કતા વધારી દીધી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગે સ્થિતિ પર નજર રાખવા માટે એક બેઠક કરી. ICMR ની લેબની સંખ્યા વધારવા અને વાયરસ પર નજર રાખવા માટે આદેશ આપી દીધા છે. ચીનમાં કોરોના બાદ હવે એક નવા વાયરસે દસ્તક આપી દીધી છે. આ વાયરસનું નામ હ્યૂમન મેટાપ્રેયૂમો વાયરસ (HMPV) છે, જે ઝડપથી ફેલાઈ રહ્યો છે. વુહાનની સ્કૂલોમાં ૩૦થી વધુ બાળકો બીમાર હોવાના અહેવાલ બાદ સ્કૂલો તાત્કાલિક બંધ કરવામાં આવી છે. ચીનમાં સંક્રમણના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, જેનાથી હડકંપ મચ્યો છે. અસલમાં HMPV વાયરસના કારણે છેલ્લા ૧૦ દિવસોમાં સંક્રમણના કેસોમાં ૫૨૯ ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. હોસ્પિટલોમાં દર્દીઓની ભારે ભીડ જોવામાં આવી રહી છે. આ સ્થિતિ પર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) એ ચીનથી આ વાયરસની વિસ્તૃત જાણકારી માંગી છે. WHO એ જણાવ્યું છે કે વિગતો મળતાં જ સંશોધનને વધુ તેજ કરવામાં આવશે. ચીન સરકારનું માનવું છે કે આ વાયરસથી ગભરાવવાની જરૂર નથી. તેમનો દાવો છે કે સંક્રમણથી વધારે ખતરો નથી અને સ્થિતિ નિયંત્રણમાં છે. જોકે, શિયાળાની ઋતુમાં શ્વાસ સંબંધી બીમારીઓ વધવાના કારણે સતર્ક રહેવાની જરૂર છે. સ્વાસ્થ્ય વિભાગે લોકોને દિશા નિર્દેશોનું પાલન કરવાની સલાહ આપી છે.

ચીનમાં વાયરસના વધતા કેસને જોતા ભારતે પણ સતર્કતા વધારી દીધી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગે સ્થિતિ પર નજર રાખવા માટે એક બેઠક કરી. ICMRની લેબની સંખ્યા વધારવા અને વાયરસ પર દેખરેખ રાખવાનો નિર્ણય કર્યો છે. સાથે, આંતરરાષ્ટ્રીય યાત્રા કરનાર લોકોનું સ્ક્રીનિંગ વધારવામાં આવ્યું છે. HMPV વાયરસ મુખ્યત્વે શ્વાસ સાથે સંબંધિત બિમારીથી ફેલાવે છે. આ તમામ ઉંમરના લોકોને પ્રભાવિત કરી શકે છે.

## હાઇકોર્ટના પૂર્વ જજે ગડકરીની સામે જ મોદીની ટીકા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પુણેમાં આયોજિત મરાઠા સેવા સંઘના કાર્યક્રમમાં હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ બીજી કોલસે પાટીલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતાં તેમને જૂઠા વડાપ્રધાન કહ્યું. આ સિવાય તેઓએ નીતિન ગડકરીને વડાપ્રધાનનું પદ સંભાળવાની અપીલ કરી છે. જણાવી દઈએ કે, હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જ્યારે પોતાની વાત કહી રહ્યા હતાં, ત્યારે નીતિન ગડકરી પણ મંચ પર હાજર હતાં. જોકે, તેઓએ પાટીલના નિવેદનને ઈગ્નોર કરી દીધું. પાટીલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર તીખી ટિપ્પણી કરતા કહ્યું કે, અમારે જૂઠા વડાપ્રધાનને કેમ સ્વીકારવા પડે છે, તમે આ પદ કેમ નથી લઈ લેતા?

### દિલ્હી એનસીઆરમાં કોલ્ડવેવનો પ્રકોપ

## દિલ્હી NCR સહિત દેશના કેટલાક રાજ્યોમાં શીતલહેરનું એલર્ટ અપાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હી NCR સહિત દેશના કેટલાક રાજ્યોમાં શીતલહેરનું એલર્ટ આપવામાં આવ્યું છે. આજે અને કાલે બે દિવસ માટે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશના કેટલાક જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે. હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતિમાં કાતિલ ઠંડી પડી રહી છે. બરફવર્ષાના કારણે પહાડો પરથી વહેતા ઝરણાં થીજી ગયા છે. ઠંડીનો પારો માઈન્સ ડિગ્રીમાં પહોંચ્યો છે. પહાડોમાં સતત હિમવર્ષાના કારણે દિલ્હી-એનસીઆરમાં કાતિલ ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. ઠંડીના કારણે લોકો માટે હવે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. શીત લહેર અને આકાશમાંથી પડી રહેલા ઝાકળની સાથે, ગાઢ ધુમ્મસ પણ સતત વધી રહ્યું છે, જેના કારણે દિલ્હી હવામાન કેન્દ્રએ લોકોને ૫ જાન્યુઆરી, રવિવારના રોજ મુસાફરી કરતી વખતે સાવચેત રહેવાની ચેતવણી આપી હતી. તમને જણાવી દઈએ કે સમગ્ર દિલ્હી એનસીઆરમાં કોલ્ડવેવનો પ્રકોપ છે. આ દરમિયાન, દિલ્હી હવામાન કેન્દ્ર દ્વારા ૬ જાન્યુઆરી એટલે કે સોમવારે ભારે વરસાદની આગાહી પણ જારી કરવામાં આવી છે. ૬ જાન્યુઆરીએ દિલ્હી NCRમાં ભારે વરસાદને કારણે શિયાળાનો નવો તબક્કો શરૂ થશે, જેના કારણે તાપમાનમાં પણ ઘટાડો થઈ શકે છે. ઉત્તર ભારતમાં ઠંડીના ચમકારા વચ્ચે રાજધાની દિલ્હી સહિતના અનેક વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. વિઝિબિલિટી શુન્ય હોવાથી ટ્રેન અને હવાઈ સેવાને અસર થઈ છે. વહેલી સવારે ધુમ્મસની ચાદર છવાતા હેડલાઈટ ચાલુ કરીને વાહનો ચલાવવા પડે છે. દિલ્હીમાં ધુમ્મસના કારણે ફલાઈટને અસર થઈ છે. આખા જાન્યુઆરી મહિના દરમિયાન ખાસ કરીને ઉત્તરાયણ સુધી ઠંડીનો મારો યથાવત રહેવાની હવામાન વિભાગની આગાહી છે. દિલ્હી હવામાન કેન્દ્ર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આજે દિલ્હીનું મહત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ રહેશે.





અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના પાલડી વોર્ડમાં ચાલતા આંતરરાષ્ટ્રીય ફ્લાવર શો માં સ્વચ્છતા જાગૃતિ અંગે મેસ્કોટ, બેનર, સફાઈ અંગે શપથ લેવડાવવી, સુકો અને ભીનો કચરો અલગ રાખવો તેની સમજ જેવી વિવિધ આઈઈસી કામગીરી કરવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### દાણીલીમડામાં નશાકારક કફ સીરપની બોટલોનું ગેરકાયદે વેચાણ કરતા શખ્સની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

દાણીલીમડા પોલીસને માહિતી મળી હતી કે દાણીલીમડાના બેરલ માર્કેટ વિસ્તારમાં ફાતેમા ફ્લેટમાં સરફરાઝ સુરતવાલા નામનો શખ્સ પોતાના મકાનમાં ગેરકાયદે નશાકારક કફ સીરપ બોટલોનું વેચાણ કરે છે.જેને આધારે પોલીસે દાણીલીમડામાં નબીનગરની બાદમાં બેરલ માર્કેટ પાછળ અલહબીબ સોસાયટીના ફાતમા ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે સરફરાઝ હાજીમોહંમદ સુરતવાલા(૩૨)ની ધરપકડ કરી હતી. તેની પાસેથી પોલીસે કોડીન ફોસ્ફેટ નશાકારક કફ સીરપની કુલ-૪૬ બોટલો કબજે કરી હતી. પોલીસે કફ સીરપની બોટલો તથા મોબાઈલ વગેરે મળીને રૂ.૧૩,૫૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું. કફ સીરપની આ બોટલ અંગે પુછપરછ કરતા આરોપી સરફરાઝે દાણીલીમડા હિમાલયા બેકરીની પાસે આવેલા આસીફભાઈના મેડિકલ સ્ટોર પરથી વગર બિલે આ કફ સીરપની બોટલો ખરીદી હોવાનું કહ્યું હતું. જેને આધારે પોલીસે આસીફ નામના શખ્સની શોધ હાથ ધરી છે. આ કામગીરી દાણીલીમડા પોલીસ સ્ટેશનના સીનીયર પી.આઈ.જી.જે.રાવત અને તેમની ટીમે બજાવી હતી.

### એસ્ટ્રલ પાઇપના બનાવટી પાર્ટસ બનાવીને વેચતા બે શખ્સ ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ શહેરમાં દરેક વસ્તુઓ બનાવટી બની રહી છે ત્યારે જ બે આધેડે એસ્ટ્રલ પાઈપના બનાવટી પાર્ટસ બનાવીને દિલ્હીમાં વેચ્યા હતા. આ અંગે જાણ થતાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે બન્નેને ઝડપી લઇ તેમની પાસેથી એસ્ટ્રલનું બનાવટી મટિરિયલ કબજે કરવામાં આવ્યું હતું. કઠવાડાની એક ફેક્ટરીમાં એસ્ટ્રલના બનાવટી પાર્ટસ બનાતા હતા. એસ્ટ્રલ લિમિટેડ કંપની પીવીસી અને યુપીવીસી પાઈપ તેમજ ફિટીંગ્સ જેવા કે એલ્બા, ટી, બ્રાસ અને બ્રાસ ટી પાઈપ બનાવીને વેચે છે. કંપનીને જાણ થઇ હતી કે તેમના માર્કા સાથે બોગસ પાર્ટસ ચોક્કસ તત્ત્વો દ્વારા વેચવામાં આવી રહ્યા છે. આ બાબતે પોલીસને જાણ કરવામાં આવી હતી. તેને પગલે ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર વી.બી. આલની ટીમે એસ્ટ્રલ પાઈપ્સના મેનેજરને સાથે રાખીને તપાસ કરતાં કઠવાડાના નવીન અશોકકુમાર વૈષ્ણવ (ઉં.વ. ૫૧, રહે. પંચતીર્થ સોસાયટી, કઠવાડા રોડ, નવા નરોડા)ને ઝડપી લીધો હતો. તેના ઘરેથી મોલ્ડ (ડાઈ) તથા જુદા જુદા પાર્ટસ મળી આવ્યા હતા જેની કિંમત ૧.૮૦ લાખ થાય છે. પોલીસે તેના સાથીદાર રાજેશ ઉર્ફે રાજુ લાલજીભાઈ રાબડિયા (૫૨, એસપી રિંગ રોડ, અમદાવાદ)ને ઝડપી લીધો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે એસ્ટ્રલ કંપનીના બનાવટી પાર્ટસ કઠવાડામાં બનાવવામાં આવ્યા હતા અને તે દિલ્હીમાં વેચવામાં આવ્યા હતા. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે.

### ગુજરાત ક્રાઈમ બ્રાન્ચે ઉત્તરપ્રદેશના આરોપીને ઝડપ્યો

# જમીન માટે સાવકી માતા અને બહેનની કરી હત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

જર જમીન ને જોરૂ કજીયાના છોરું આવી જ એક ઘટના યુપીના બસ્તી જિલ્લાના શેઠા ગામ માં બનવા પામી હતી. જેમાં પુત્રએ પોતાની માતા અને બહેનની જમીનના વિવાદમાં ઠંડા કલેજે હત્યા કરી અમદાવાદમાં આવી ગયો હતો. ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૫૦ હજારના ઈનામી આરોપીની ધરપકડ કરી યુપી પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજેશ ઉપાધ્યાય ઉર્ફે રાજનની ધરપકડ બે હત્યાના કેસમાં કરી છે. આરોપી રાજેશ ઉપાધ્યાયએ ગઈ તારીખ ૩ ડિસેમ્બર ૨૦૨૪ના રાતે સાવકી માતા અને સાવકી બહેનની હત્યા કરી હતી. જેમાં રાજેશ ઉપાધ્યાય ઉર્ફે રાજને પોતાના કુટુંબી ભાઈઓ સાથે મળીને સાવકી માતા ગોદાવરી દેવી અને સાવકી બહેન સૌમ્યાને પહેલા બેભાન કરી બાદમાં ગળું દબાવીને હત્યા કરી ત્યાર બાદ ઓળખના થાય એ માટેથી મૃતદેહને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. મુખ્ય આરોપી રાજેશ ઉપાધ્યાય ઉર્ફે રાજન સહિત કુલ ૮ આરોપીઓએ આ ડબલ હત્યા કેસને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. આ હત્યાનો બનાવ સામે આવતાની સાથે જ યુપીના બસ્તી જિલ્લાના કપ્તાન ગંજ પોલીસે ૮ આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધી આરોપી સામે ૫૦ હજારનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ડબલ હત્યા કેસના મુખ્ય રાજેશ ઉપાધ્યાય ઉર્ફે રાજન અમદાવાદ ફરી રહ્યો હોવાની બાતમી મળતા નારોલથી ઝડપી પાડી પૂછપરછ હાથ ધરી હતી. તેમાં જાણવા મળ્યું હતું કે આરોપી રાજેશ ઉપાધ્યાય ના અવસાન પામેલા પિતા એ ૨૪ વીઘા જમીન પૈકી ૨૦ વીઘા જમીન આરોપીની સાવકી માતા અને સાવકી બહેનના નામે કરી આપી હતી. જે અંગે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. ત્યારે આરોપી રાજેશ ઉપાધ્યાયએ પિતારાય ભાઈઓ સાથે મળીને સાવકી માતા અને સાવકી બહેનની હત્યા કરી હતી. આ હત્યા પહેલા આરોપીઓએ એમપીના શૂટરોને કિલિંગ કોન્ટ્રાક્ટ પણ આપ્યો હતો. પણ કોન્ટ્રાક્ટ કિલરને પૈસા ઓછા પડતા સોદો રદ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ જાતે જ હત્યા કરવા નું નક્કી કર્યું હતું. બનાવના દિવસે આરોપીઓ ભોગ બનનારના ઘરની બાજુમાં વોચ રાખીને બેઠા હતા. આ દરમિયાન ગોદાવરી દેવી ઘરની બહાર આવતા આરોપી કરુણાકરે ગોદાવરી દેવીના માથામાં ઈંટનો ઘા માર્યો હતો. કૌશલે ગળું અને કરુણાકરે મોઢું દબાવ્યું હતું. ગોદાવરી દેવીનો અવાજ સાંભળીને તેની દીકરી સૌમ્યા ઘરની બહાર આવી હતી. રાજને સૌમ્યનું ગળું અને બલવીર ઉર્ફે મુન્નાએ મોઢું દબાવીને તેને બેભાન કરી હતી. ત્યારબાદ આરોપીઓએ ભેગા મળીને ગોદાવરી અને સૌમ્યને ઘરમાં ખેંચીને પથારી પર સુવડાવીને આગ લગાડી હતી. આમ મા - દીકરીની લાશ બળેલી હાલતમાં સવારે મળી આવી હતી. ઘટના અંગે યુપીના બસ્તી જિલ્લાના કપ્તાન ગંજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

### DEOની ટીમ સક્રિય

# સુરતમાં ડમી શાળાઓ વિરૂદ્ધ શિક્ષણ વિભાગની લાલ આંખ

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરત શહેરમાં ડમી શિક્ષકોની જેમ ડમી શાળાઓનો પણ રાફડો ફાટી નીકળ્યો છે. વિદ્યાર્થીઓના શિક્ષણનું જાણે કોઈ મોલ ન હોય તેમ એક પછી એક શાળાઓ ખુલી રહી છે, બાળકોને એડમિશન અપાઈ રહ્યાં છે. ત્યારે શિક્ષણ વિભાગ ડમી શાળાઓ સામે કાર્યવાહી કરવા સજ્ઞ બન્યું છે. ડમી શાળાઓ શોધવા ડીઈઓની ટીમ હવે સક્રિય થઈ છે. ડમી શાળાઓ પણ કથળતા શિક્ષણ માટે જવાબદાર ગણાતી હોય છે ત્યારે આવા દૂષણને અટકાવવા શિક્ષણ વિભાગ વધુ સજાગ બન્યું છે. સુરતમાં જીલ્લા શિક્ષણાધિકારીઓની ટીમ ડમી શાળા શોધવા સક્રિય થઈ છે. માહિતી મુજબ, તપાસ દરમિયાન જો કોઈ ડમી શાળાઓ મળી આવે તો આવી શાળાઓ સામે જરૂરી કાર્યવાહી કરવાનો પણ આદેશ કરાયો છે.એવા અહેવાલો પણ મળ્યા છે કે, સુરતમાં JEE, NEET ની તૈયારી માટે બંધાણિયા બજારમાં ડમી શાળાઓનો મોટા પ્રમાણમાં જોવા મળી છે. સુરતમાં જ ઝમ્જીઈ બોર્ડની અંદાજે ૧૬, ગુજરાત બોર્ડની ૨૫ જેટલી શાળાઓ ડમી હોવાની શિક્ષણ વિભાગને ફરિયાદ મળી છે.

### ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ

# ૧૨ વર્ષની બાળકી સાથે સામૂહિક દુષ્કર્મની ચોંકાવનાની ઘટના બની

। (એજન્સી) ભાવનગર, તા.૫ ।

જિલ્લામાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેના વિશે સાંભળીને તમારું પણ લોહી ઉકળી જશે. અહીંયા એક પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી ૧૨ વર્ષની બાળકી સાથે સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. જેથી આ ઘટના હાલ જિલ્લામાં ટોક ઓફ ધ ટાઉન બની ગઈ છે. સાથે જ ઘટનાને લઈને લોકોમાં રોષનો માહોલ ફેલાયેલો છે.

બનાવની જો વિગતવાર વાત કરીએ તો ભાવનગરના પાલીતાણામાં આ બનાવ સામે આવ્યો છે. જ્યાં ૧૨ વર્ષની બાળકી સાથે સોનગઢ રોડ પર રેલવે ફાટક પાસે ૩ નરાધમોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું છે. બાળકી સાથે આ કૃત્ય કરનાર આરોપીઓ હાલ ફરાર છે. જેથી ઘટનાને લઈને પોલીસ પણ હાલ એક્શન મોડમાં આવી ગઈ છે અને આરોપીઓને પોલીસ શોધી રહી છે.

એવા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે કે, જયપાલ સિંધી નામનો વ્યક્તિ બાળકીને બાઈક પર બેસાડીને લઈને ગયો હતો અને બાદમાં બાળકી સાથે સામૂહિક દુષ્કર્મની ઘટના બની હતી. સમગ્ર મામલે પાલિતાણા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. જેને લઈને પોલીસ પણ હવે આ મામલે આરોપીઓની શોધખોળ કરી રહી છે. પરંતુ ઘટનાને લઈને હાલ લોકોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ૫મા ધોરણમાં અભ્યાસ કરતી અને ૧૨ વર્ષની બાળકી સાથે સામૂહિક દુષ્કર્મની આ ઘટનાને લઈને જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. સાથે જ આ ઘટના જિલ્લામાં ટોક ઓફ ધી ટાઉન બની ગઈ છે. શહેરના સોનગઢ રોડ પર આવેલ રેલવે ફાટક પાસે આ સામૂહિક દુષ્કર્મની ઘટના બની છે. જેને લઈને પોલીસ પણ હાલ આરોપીઓને શોધી રહી છે.

### આંદોલનકારીઓએ રાજકીય રોટલા શેક્યા : કરસન પટેલ

# પાટીદાર આંદોલનથી સમાજને કંઈ ન મળ્યું : કરસન પટેલ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં આજથી આશરે ૯-૧૦ વર્ષ પહેલા પાટીદાર અનામત આંદોલન શરૂ થયું હતું. આ આંદોલનનો મુખ્ય ચહેરો હાર્દિક પટેલ હતો. પાટીદાર અનામત આંદોલનમાં અનેક પાટીદાર યુવાનો જોડાયા હતા. જ્યારે આંદોલન શરૂ થયું ત્યારે ગુજરાતમાં આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતા. પાટીદાર અનામત આંદોલન બાદ ગુજરાત સરકારે આર્થિક રીતે પછાત વર્ષને ૧૦ ટકા અનામત આપ્યું હતું. પરંતુ હવે આ મુદ્દે ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે વિસ્ફોટક નિવેદન આપ્યું છે. પાટીદાર અનામત આંદોલનના આટલા વર્ષો બાદ ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે પ્રતિક્રિયા આપી છે. ઉદ્યોગપતિ કરશન પટેલે કહ્યુ કે પાટીદાર અનામત આંદોલનથી સમાજને કંઈ મળ્યું નથી. અનામત આંદોલનનાં ૧૦ વર્ષ બાદ પહેલીવાર ઉદ્યોગપતિ કરશન પટેલે અનામત આંદોલનકારીઓ સામે આડકતરી રીતે સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, પાટીદાર અનામત આંદોલન કરનારાઓએ રાજકીય રોટલા શેક્યા છે. પાટીદાર અનામત આંદોલનથી કશું મળ્યું નથી. એટલું જ નહીં, પાટીદાર અનામત આંદોલનથી લેઉઆ પાટીદારની દીકરીને ઝસ પદ છોડવું પડ્યું હોવાનું કહીને ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે સીધી રીતે આંદોલનકારીઓ પર ઠીકરું ફોડ્યું છે. આ સાથે જ તેમણે બેધડક રીતે કહ્યું કે, અનામત આંદોલનમાં પાટીદાર યુવાનો શહીદ થયા અને ઉપરથી લેઉવા પાટીદારની દીકરીનું CM પદ ગયું. તેમણે આંદોલનકારીઓની નિયત સામે સવાલ ઉઠાવતાં કહ્યું કે, પાટીદાર આંદોલન અનામતનું હતું કે કોઈના કારનામાનું હતું? આજે પાટણમાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ હતો તેમાં પદ્મશ્રી કરસનભાઈ પટેલે આ વિસ્ફોટક નિવેદન આપ્યું છે.

# બહારથી આવી ચઢેલા દીપડાના આતંકથી પાંચ કાળિયારના મોત

। (એજન્સી) નર્મદા, તા.૫ ।

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલ જંગલ સફારીમાં ૪૦૦ સીસીટીવી કેમેરા હોવા છતાં દીપડો દીવાલ કૂદ્યો અને ૧ કાળિયારનો શિકાર કર્યો હતો. દીપડાના આતંકના આઘાતથી પાંજરામાં કેદ ૫ કાળિયારના મોત થવાની ઘટના બની છે. દીપડાના ડરથી ફરજ પરના ૭ કર્મચારી સંતાઈ ગયા, અને પ્રાણીઓમાં હાહાકાર મચી ગયો હતો. જ્યાં રોજ ૧૦ હજાર પ્રવાસીઓ મુલાકાતે આવે છે ત્યારે આ ઘટના મુસાફરોની સુરક્ષા સામે સવાલો ઉભી કરે છે. કેવડિયામાં ૩૭૫ એકરમાં બનાવવામાં આવેલા જંગલ સફારીમાં ૧ જાન્યુઆરીએ મોડી રાત્રે પાર્કની દીવાલ કૂદીને આવેલા એક દીપડાએ એક કાળિયારનો શિકાર કર્યો હતો. દીપડાને જોઈ ૫ કાળિયાર આઘાતથી મૃત્યુ પામ્યા હતા. બે વર્ષ પહેલાં પણ દીપડાએ હરણના બચ્ચના શિકાર કરતાં સલામતી માટે તેમને પાંજરામાં પૂરવામાં આવ્યા હતા. પરંતુ મેનેજમેન્ટ બદલાયા પછી હરણ સહિતના પ્રાણી છૂટા રાખવામાં આવે છે. પરંતુ બીજી તરફ નર્મદા જિલ્લાના જંગલ વિસ્તારમાં દીપડાના સંખ્યા વધી રહી છે. ગત વર્ષે દીપડાએ આ વિસ્તારની બે મહિલાને ફાડી ખાધી હતી. દીપડાને શોધવા વન-વિભાગની ટીમો જંગલ ખૂંદી રહી છે. ઝુ કિપરે દીપડાને હરણના મૃતદેહની બાજુમાં બેઠેલો જોયો હતો. કોલાહલ થતાં દીપડો શિકાર મકી દઈ દિવાલ કૂદી ફરી જંગલમાં ભાગી ગયો હતો. પાર્કમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા પરથી જાણવા મળ્યું હતું, કે દીપડો કેનાલ રોડ પર આંટાફેરા મારી રહ્યો હતો. અચાનક દિવાલ કૂદી હરણ હતા, ત્યાં આવી ગયો હતો. ત્યારે દીપડો જંગલ સફારી પાર્કમાં છે કે બહાર ગયો તે તપાસનો વિષય છે. જો દીપડો જંગલ સફારીમાં જ છુપાયો હોય તો પછી તેને આવડી મોટી જંગલ સફારીમાં કચરામાં સોય શોધવા જેવી બાબત છે.

### પોલીસને દોડતી કરનાર ચોર ટોળકી આખરે પોલીસના પાંજરે પુરાઈ

# વલસાડ જિલ્લા પોલીસની ઊંઘ હરામ? એક જ ઝાટકે ૭થી વધુ ચોરીના ભેદ ઉકેલ્યા

### પોલીસે સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત ૨૬ લાખ ૨૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે ચોર ગેંગના ૩ આરોપીઓને ઝડપી સળિયા પાછળ ધકેલી દીધા

। (એજન્સી) વાપી, તા.૫ ।

વાપીમાં જૈન દેરાસર સહિત અનેક જગ્યાએ ચોરી આચરી જિલ્લા ભરની પોલીસને દોડતી કરનાર ચોર ટોળકી આખરે પોલીસના પાંજરે પુરાઈ છે. જૈન દેરાસરમાં ચોરી થયાના ગણતરીના દિવસોમાં જ વલસાડ જિલ્લા પોલીસે સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત ૨૬ લાખ ૨૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે ચોર ગેંગના ૩ આરોપીઓને ઝડપી સળિયા પાછળ ધકેલી દીધા છે અને આરોપીઓની ધરપકડ બાદ એક જ ઝાટકે ૭થી વધુ ચોરીના ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. કોણ છે આ ચોર ગેંગ? જેણે વલસાડ જિલ્લા પોલીસની ઊંઘ હરામ કરી હતી? ઔદ્યોગિક નગરી વાપી અને આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી એક ચોર ટોળકી તરખાટ મચાવી રહી હતી. છેવાડાના વિસ્તારમાં જગ્યાએ આવેલા એકલ દોકલ મકાન અને બંગલો સાથે જ મંદિરોને પણ નિશાન બનાવી આ ચોર ટોળકી એ આતંક મચાવ્યો હતો. જેને કારણે વલસાડ જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી. વર્ષ ૨૦૨૪ ના ડિસેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયામાં આ ચોર ટોળકી એ વાપીના ચલાના મુક્તાનંદ માર્ગ પર આવેલા રંગઅવધૂત સોસાયટીની બાજુમાં આવેલી સર્વ હિતકારક જૈન સંઘના મંદિર અને ઉપાશ્રય ને નિશાન બનાવ્યું હતું. અને તેમાંથી ૩૦ તોલા થી વધુ સોનાના દાગીના અને ૧.૩૫ લાખથી વધુની કિંમતના ચાંદી ચાંદીના દાગીના ની ચોરી કરી હતી. આ સાથે જ અઢી લાખ જેટલા રોકડ રકમ અને ગુરુપૂજનની દાનપેટી પણ ઉઠાવી અને ફરાર થઈ ગયા હતા.

આમ આ ચોર ઢોલકી એ એક જ રાતમાં જૈન ઉપાશ્રય અને દેરાસરમાંથી અંદાજે ૨૪ લાખ ૧૩ હજારથી વધુની મુદ્દામાલની ચોરી કરી અને ફરાર થઈ ગયા હતા. આ ચોર ટોળકી જૈન ઉપાશ્રય અને મંદિર છેવાડાના વિસ્તારમાં છે જ્યાં રાત્રે અવર-જવર ઓછી હોય છે આથી જ આ ચોર ટોળકી એ તેને નિશાન બનાવ્યું હતું . આ ચોરીની ઘટના બનતા વાપી ટાઉન પોલીસ દોડતી થઈ ગઈ હતી. આખરે ગણતરીના સમયમાં જ વલસાડ જિલ્લા પોલીસને સફળતા મળી અને ચોર ટોળકીના ૩ સાગરિતોને ઝડપી સળિયા પાછળ ધકેલી દીધા છે. આરોપીઓ પાસેથી પોલીસે સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત ૨૬.૨૬ લાખથી વધુ નો મુદ્દામાલ પણ કબજે કરવામાં સફળતા મળી છે.

### બિલ્ડરોનું ૨૦૦૦ કરોડથી વધુનું કૌભાંડ

# સુરતમાં નકલી પ્રોપર્ટી કાર્ડ બનાવી ખેડૂતની જમીન પચાવી પાડી

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરત શહેરમાં બિલ્ડરોએ ખેડૂતોના નકલી પ્રોપર્ટી કાર્ડ બનાવી પ્લોટ વેચી ૨૦૦૦ કરોડથી વધુનું કૌભાંડ આચર્યુ હોવાની CID ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ કરાતા ખળભળાટ મચી ગયો છે. બિલ્ડરોએ સમૃદ્ધિ કોર્પોરેશનના નામે ભાગીદારી પેઢી સકારી અધિકારીઓ સાથે મીલિભગત કરી સુરતના ડુમસ અને વાટા ગામની આશરે ૫ લાખ વારની જમીનને પ્લોટિંગની સ્કીમ મૂકી વેચાણ કરી ખેડૂતોને કરોડોનું નુકસાન પહોંચાડ્યું છે. CID ક્રાઈમે સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ કચેરીના વર્ગ ૧ના અધિકારી કાનાલાલ પી. ગામીત, અનંત પટેલ, ડેટા એન્ટ્રી કર્મચારી અને સમૃદ્ધિ કોર્પોરેશનના કર્મચારીઓ સામે ફરિયાદ નોંધી હોવાનું જાણવા મળ્યું છે. વર્ષ ૨૦૨૨માં જીગ્નેશભાઈ નામક બ્રોકર ખેડૂત આઝાદ ચતુરભાઈ રામોલિયા પાસે બ્લોક નંબર ૮૦૩નું પ્રોપટી કાર્ડ લઈ જમીનના વેચાણ અંગે વાત કરી હતી. ખેડૂત રામોલિયાએ ડુમસ વિસ્તારમાં બ્લોક નંબર ૮૧૫, ૮૦૧-૪, ૮૩, ૭૮૭-૨વાળી જમીન ખરીદી હતી. રામોલિયાએ વેબસાઈટ પર ચેક કરતા જમીનના સર્વે નંબરો અલગ અલગ દેખાતા હતા. જુદી જુદી વ્યક્તિઓના નામે બોગસ પ્રોપર્ટી કાર્ડ બની ગયા હતા. સમૃદ્ધિ કોર્પોરેશનના ભાગીદારોએ જમીનના નકલી પ્રોપર્ટી કાર્ડ બનાવી ૨૫૦૦ કરોડનું મસમોટું કૌભાંડ આચર્યુ હતું. તપાસ કરતા માલૂમ પડ્યું કે, આ ષડયંત્રમાં તતકાલિન નાયબ નિયામક કે.પી. ગામીત, ભાગીદારો મનહર કાકડિયા, પ્રકાશ આસવાની, લોકનાથ ગંભીર,નરેશ શાહ વિરૂદ્ધ CID ક્રાઈમ બ્રાન્ચે સઘન તપાસ શરૂ કરી છે.ઉલ્લેખનીય છે કે જમીન કૌભાંડ બાબતે ખેડૂત આઝાદ રામોલીયાએ ઓગસ્ટ ૨૦૨૩માં સુરત પોલીસમાં ફરિયાદ કરી હતી, અનુસંધાને જમીન માફિયા સામે કાર્યવાહીનો સંતોષ ન જણાતાં સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. ખેડૂતે પોતાની જમીન બિનખેતીની છે કે નહીં તે જાણવા ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૮માં કલેક્ટરને પત્ર લખ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ચીનમાં ફેલાઈ રહેલો નવો વાયરસ સમગ્ર વિશ્વમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ચીનમાં ફેલાયેલા નવા વાયરસથી વિશ્વ ફરી એકવાર ચિંતિત છે. જો કે, મેડિકલ ક્ષેત્રના દેશના ટોચના અધિકારીએ કહ્યું છે કે ચીનમાં ફેલાતા માનવ મેટાપ્યુમોવાયરસના ફેલાવાને લઈને ગભરાવાની જરૂર નથી. તે વાયરસ જેવું છે જે સામાન્ય શરદીનું કારણ બને છે. ડાયરેક્ટોરેટ જનરલ ઑફ હેલ્થ સર્વિસિસના અધિકારી ડૉ. અતુલ ગોયલે હવામાં ફેલાતા તમામ વાયરસ સામે સાવચેતી રાખવાનું સૂચન કર્યું હતું. ડો. ગોયલે કહ્યું કે ચીનમાં ફેલાતા વાયરસને કારણે હાલની સ્થિતિ સર્જાઈ રહી છે. આપણે તેના કારણે ડરવાની જરૂર નથી. મીડિયા સાથે વાત કરતા ડો.ગોયલે કહ્યું કે ચીનમાંથી મેટાપ્યુમોવાયરસના ફેલાવાના અહેવાલો આવી રહ્યા છે. તે સામાન્ય શ્વસન વાયરસ જેવું જ છે જે સામાન્ય શરદીનું કારણ બને છે. તે વૃદ્ધ લોકો અને બાળકોમાં ફ્લૂ જેવા લક્ષણોનું કારણ બને છે. ડો.ગોયલે કહ્યું કે અમે દેશભરમાં શ્વસન સંબંધી રોગો અને સંબંધિત દર્દીઓના ડેટાનું વિશ્લેષણ કર્યું છે. કોઈપણ વિસ્તારમાં આવા કેસોમાં કોઈ વધારો થયો નથી. કોઈપણ રીતે, ઠંડીની મોસમમાં આવા કેસોમાં વધારો થાય છે. આવી સ્થિતિમાં તમામ હોસ્પિટલો પણ પોતાના સ્તરે તૈયાર રહે છે. તેમણે કહ્યું કે આ મામલે હું માત્ર એટલું જ કહેવા માંગુ છું કે આપણે બધાએ શ્વસન ચેપ સામે સાવચેતી રાખવાની છે. આનો અર્થ એ છે કે જો કોઈને ખાંસી અને શરદી છે

### પ્રશાંત કિશોરે હાઈટેક સુવિધા ધરાવતી વેનિટી વેન સાથે ધરણા કરતા વિવાદ



। (એજન્સી) પટણા, તા.૫ ।

BPSCની ૭૦મી પરીક્ષા રદ કરવાની માગણી કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં પટનાના ગાંધી મેદાનમાં ત્રણ દિવસથી ઉપવાસ પર બેઠેલા જન સૂરજના સંસ્થાપક પ્રશાંત કિશોર વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. તેમજ આમરણાંત ઉપવાસના સ્થળે પાર્ક કરેલી કરોડોની કિંમતની ફાઈવ સ્ટાર સુવિધાઓથી સજ્જ એક વેનિટી વેન પણ ખૂબ જ ચર્ચાઓમાં છે. આ વેનમાં દરેક હાઈટેક સુવિધાઓ છે. બહારથી ચમકતી અને અંદરથી પણ લક્ઝરી સુવિધાઓથી સજ્જ આ વેનિટી વેનની કિંમત કરોડોમાં હોવાનું કહેવાય છે. આ વેનમાં લક્ઝુરિયસ બેડ, કુશન સોફા, એસી, પંખો, આધુનિક વૉશરૂમ જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. વેનિટી વેનની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ટીકાઓ શરૂ થઈ ગઈ હતી.

### જર્મનીમાં દરરોજ ૧૦૦ જેટલા લોકોની લિંગ પરિવર્તન માટે અરજી



। (એજન્સી) જર્મની, તા. ૫ ।

ગયા વર્ષના અંતમાં પસાર થયેલા સંઘીય સ્તરના કાયદા હેઠળ જર્મનીમાં દરરોજ લગભગ ૧૦૦ લોકો લિંગ પરિવર્તન માટે અરજીઓ કરી રહ્યા છે. ૧ નવેમ્બરના રોજ અમલમાં આવ્યા પછી, દેશનો સ્વ-નિર્ધારણ કાયદો વ્યક્તિઓને તબીબી દેખરેખ અથવા મંજૂરીની જરૂર વગર તેમના કાયદેસર રીતે માન્યતા પ્રાપ્ત લિંગમાં ફેરફારની વિનંતી કરવાની મંજૂરી આપે છે. ૨ જાન્યુઆરીના રોજ પ્રકાશિત થયેલા ડેટા અનુસાર, ૧ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બરની વચ્ચે ઓછામાં ઓછા ૪,૩૬૧ લોકોએ તેમના લિંગ બદલવા માટે અરજી કરી છે, જે દરરોજ લગભગ ૧૧૦ લોકોની સરેરાસ આવે છે. બર્લિન અને મુન્સ્ટરમાંથી એકત્ર કરાયેલો ડેટા ચોક્કસ ન હતો, કારણ કે સ્થાનિક સત્તાવાળાઓએ વિગતવાર આંકડાઓ સોંપવામાં અસમર્થ હોવાનો દાવો કર્યો હતો. પહેલેથી જ ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરીને, આઉટલેટે તારણ કાઢ્યું હતું કે બર્લિન લિંગ પરિવર્તનની વિનંતીઓનું એકમાત્ર સૌથી મોટું સ્થાન હોવાનું માનવામાં આવે છે.

# બજેટમાં મિડલ ક્લાસને મોટી રાહત મળવાની શક્યતા

## ૧ ફેબ્રુઆરીએ રજૂ થનારા બજેટને લઈને ટેક્સ પેયર્સ અને નોન-ટેક્સ પેયર્સ બંને મોટી આશા લગાવી બેઠા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં બજેટ રજૂ કરશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા ૧ ફેબ્રુઆરીએ રજૂ થનારા બજેટને લઈને ટેક્સ પેયર્સ અને નોન-ટેક્સ પેયર્સ બંને જ મોટી આશા લગાવીને બેઠા છે. બજેટમાં મિડલ ક્લાસને મોટી રાહતની શક્યતા દેખાઈ રહી છે. બજેટ પહેલા એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે જો તમે બેંકમાં FD કરો છો તો તેના પર ટેક્સ ઓછો લાગશે અથવા તો કદાચ નહીં લાગશે. અત્યાર સુધી FD પર મળતા વ્યાજ પર ટેક્સ લગાવવામાં આવતો હતો. પરંતુ બેંકો દ્વારા માગ કરવામાં આવી રહી છે કે FD પર લાગતા ટેક્સને હટાવી દેવો જોઈએ. બેંકોનું કહેવું છે કે જો સરકાર ટેક્સ હટાવવાનો નિર્ણય લેશે તો તેનાથી બેંક ડિપોઝીટને પ્રોત્સાહન મળશે. જો નાણામંત્રી દ્વારા આ જાહેરાત કરવામાં આવે છે, તો તેનાથી એવા લોકોને



ઘણો ફાયદો થશે જેઓ બેંકમાં પૈસા જમા કરાવે છે અને તેના પર મળતા વ્યાજ દ્વારા પોતાની જરૂરિયાતો પૂરી કરે છે. એક અહેવાલ પ્રમાણે નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથે બજેટ પહેલા યોજાયેલી મીટિંગમાં નાણાકીય સંસ્થાઓ, ખાસ કરીને બેંકોએ ફિક્સ્ડ ડિપોઝિટ (FD) પર ટેક્સ ઈન્સેન્ટીવ આપવાની માગ કરી છે. તેમણે તર્ક આપ્યો હતો કે, તેનાથી બચતમાં વધારો થશે. બેંકો તરફથી આ સૂચન તાજેતરમાં સેવિંગમાં આવેલા ઘટાડાને કારણે આવ્યું છે. આ જ કારણ છે કે બેંકોને લોન આપવા માટે નાણાંની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. અહેવાલ પ્રમાણે એડલવાઈસ મ્યુચ્યુઅલ ફંડના એમડી અને સીઈઓ રાધિકા ગુપ્તાએ નાણામંત્રી સાથેની પ્રી-બજેટ મીટિંગમાં કેપિટલ માર્કેટની કાર્યક્ષમતા અને સર્વસમાવેશકતામાં સુધારા માટે સૂચનો આપ્યા હતા. તેમણે જણાવ્યું કે, બોન્ડ્સ અને ઈક્વિટી શેર્સમાં લાંબા ગાળાની બચતને પ્રોત્સાહન આપવા ભલામણો કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ મીટિંગમાં નાણા સચિવ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (DIPAM) સચિવ, આર્થિક બાબતો અને નાણાકીય સેવાઓ વિભાગના સચિવ અને મુખ્ય આર્થિક સલાહકાર પણ સામેલ થયા હતા. બેંકોએ સરકારને કહ્યું છે કે જો તમે બેંકમાં પૈસા જમા કરો છો તો તેના પર ટેક્સ ઓછો હોવો જોઈએ કારણ કે શેરબજારમાં પૈસા રોકવા પર ઓછો ટેક્સ લાગે છે. લોકો બેંકમાં વધુને વધુ પૈસા જમા કરે તે માટે આ સૂચન આપવામાં આવ્યું હતું. જો કોઈ વ્યક્તિની ૧૦ લાખ રૂપિયાની FD છે અને તેને વાર્ષિક ૮ ટકા વ્યાજ મળી રહ્યું છે તો તેને પાંચ વર્ષમાં કુલ ૪ લાખ રૂપિયા વ્યાજ મળશે. ધારો કે જો તે ૩૦%ની ઈક્મ ટેક્સ કેટેગરીમાં આવે છે તો ૪૦,૦૦૦ રૂપિયા સુધીની FD વ્યાજ પર કોઈ ટેક્સ લાગતો નથી. આ મર્યાદાથી વધુ રકમ પર આ સ્લેબ રેટ મુજબ ટેક્સ ભરવાનો રહેશે. હાલના નિયમો પ્રમાણે જોઈએ તો તેણે ૩.૬૦ લાખ રૂપિયા પર ૩૦% ટેક્સ ચૂકવવો પડશે, જે ૧.૦૮ લાખ રૂપિયા થાય છે. પરંતુ જો શેર માર્કેટમાં પૈસા લગાવવા પર લાગતો ટેક્સ (LTCG) અહીં લાહુ થાય તો તેને માત્ર ૧૨.૫% જ ટેક્સ ચૂકવવો પડે, એટલે કે કુલ ૪૫,૦૦૦ રૂપિયા.

### મહારાષ્ટ્રના રાજકારણમાં મધુર સંગીત!

## ઉદ્ધવ ઠાકરે જૂથ બાદ હવે સુપ્રિયા સુલેએ પણ કર્યા ફડણવીસના વખાણ

### સુપ્રિયા સુલેએ વખાણ કર્યા અને કહ્યું કે વર્તમાન સરકારમાં જો કોઈ કામ કરી રહ્યું છે તો તે માત્ર દેવેન્દ્ર ફડણવીસ છે

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

એવું ક્યારેય બની જ ના શકે કે, સમકાલીન રાજકીય વિમર્શમાં મહારાષ્ટ્રના રાજકારણની ચર્ચા ન થાય, કારણ કે, ત્યાંના નેતાઓ એવું થવા જ નહીં દેશે. હવે તાજેતરના મામલામાં જોઈએ તો મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનો વિરોધ કરનારા વિપક્ષી નેતાઓ હવે તેમની પશંસાના પુલ બાંધી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ વાળી શિવસેના યુબીટીએ પહેલા પોતાના મુખપત્ર સામનામાં ફડણવીસના વખાણ કર્યા હતા, ત્યારબાદ ઉદ્ધવ ઠાકરે અને સંજય રાઉતે પણ તેમના વખાણ કર્યા. બીજી તરફ હવે સુપ્રિયા સુલેએ પણ તેમાં મોડું ન કર્યું અને તેમણે પણ ફડણવીસના વખાણ કરી નાખ્યા. હકીકતમાં



શિવસેનાના મુખપત્ર ‘સામના’માં ફડણવીસ માટે લખવામાં આવ્યું હતું કે તેમણે નવા વર્ષની શરૂઆત ગઢચિરોલી જેવા નક્સલ પ્રભાવિત ક્ષેત્રોમાં વિકાસ કાર્યોથી કરી, જે અન્ય નેતાઓ માટે એક મિસાલ છે. આ ત્યારે વધુ આઘાતજનક લાગ્યું જ્યારે એક દિવસ પહેલા જ ‘સામના’ એ ડેપ્યુટી સીએન એકનાથ શિંદે પર નિશાન સાધતા તેમને ‘ડિપ્રેશનમાં’ હોવાનું જણાવ્યું હતું. આ બદલાતા વલણે રાજકીય વર્તુળોમાં ચર્ચા છેડી દીધી છે કે શું આ માત્ર ફડણવીસના કાર્યની પ્રશંસા છે કે પછી કંઈક મોટું થવાના સંકેત છે? સામના લેખ બાદ શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે મીડિયાને કહ્યું કે, અમારી પાર્ટી હંમેશા સત્યનું સમર્થન કરે છે. ફડણવીસે ગઢચિરોલીમાં જે કર્યું તે રાજ્ય માટે ગર્વની વાત છે. રાઉતે તો ત્યાં સુધી કહ્યું કે, મહારાષ્ટ્રનું મધુર સંગીત અહીંનું રાજકારણ જ છે, અમારી ટીકા રચનાત્મક છે, પરંતુ જ્યારે સારું કામ થાય છે ત્યારે તેની પ્રશંસા પણ કરીએ છીએ. બીજી તરફ NCP શરદ પવારની નેતા સુપ્રિયા સુલેએ પણ ફડણવીસના વખાણ કર્યા અને કહ્યું કે વર્તમાન સરકારમાં જો કોઈ કામ કરી રહ્યું છે તો તે માત્ર દેવેન્દ્ર

### બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ અંગે નવો પ્લાન

## કેન્દ્ર સરકારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શનના ડ્રાફ્ટ નિયમો જાહેર કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

આજના સમયમાં દરેક વ્યક્તિના હાથમાં સ્માર્ટફોન છે. નાનાથી લઈને વૃદ્ધ સુધી દરેક સોશિયલ મીડિયા પર એક્ટિવ છે. જ્યાં એક તરફ સોશિયલ મીડિયાના ફાયદા છે તો બીજી તરફ તેના ગેરફાયદા પણ છે. હવે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સોશિયલ મીડિયા પર એકાઉન્ટ બનાવવા માટે માતાપિતાની સંમતિ લેવી પડશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે પર્સનલ ડિજિટલ ડેટા પ્રોટેક્શન એક્ટ (DPDP) નિયમો માટે ડ્રાફ્ટ નિયમો જાહેર કર્યા છે. ૧૮મી ફેબ્રુઆરી સુધી મળેલા વાંધા-સૂચનોના આધારે બેઠકમાં ફેરફાર કરવામાં આવશે અન્યથા ચાલુ રાખવામાં આવશે. પર્સનલ ડિજિટલ ડેટા પ્રોટેક્શન નિયમોની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. સરકારે હવે તૈયાર કરેલા ડ્રાફ્ટમાં નિયમોના ભંગ બદલ કોઈ શિક્ષાત્મક કાર્યવાહીનો ઉલ્લેખ નથી. હવે સરકારે નિયમો જાહેર કરવા અંગે લોકો પાસેથી અભિપ્રાય માંગ્યો છે. આ અંગે અંતિમ નિર્ણય ૧૮ ફેબ્રુઆરી પછી લેવામાં આવશે.



જેમાં લોકોના અભિપ્રાયને ધ્યાને લેવામાં આવશે. આ સાથે નિયમોનું પાલન ન કરનાર કંપનીઓ પર દંડ પણ ફટકારવામાં આવશે. આ નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર પર્સનલ ડિજિટલ ડેટા પ્રોટેક્શન એક્ટ-૨૦૨૩ ની કલમ ૪૦ની પેટા-કલમ (૧) અને (૨) ની સત્તાનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારે અધિનિયમ લાગુ થયાની તારીખ અથવા ત્યારબાદ બનાવવામાં આવનાર સૂચિત નિયમોનો ડ્રાફ્ટ લોકોની જાણકારી માટે જાહેર કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આ ડ્રાફ્ટ નિયમો પર ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ પછી વિચારણા કરવામાં આવશે. આ નિયમમાં ડેટા ફિડ્યુશિયરી પર ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો દંડ લગાવવાની જોગવાઈ છે.




નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સિસ(નિમ્હાન્સ)ની સુવર્ણ જયંતી ઉજવણી દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડા, અને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા પણ હાજર રહ્યા હતા.

## મતદાર યાદીમાંથી નામ ક્યારે કાઢી નાખવામાં આવે છે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થઈ ગયો છે. હવે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ દ્વારા મતદાર યાદીમાંથી નામ હટાવવાના આરોપો પર દિલ્હી ચૂંટણી પંચનું સ્પષ્ટીકરણ આવ્યું છે. પંચે આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે AAP સાંસદના દાવા પાયાવિહોણા છે. સંજય સિંહે શુક્રવારે આરોપ લગાવ્યો હતો કે વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ મતદાર યાદીમાંથી નામ હટાવવાનું લક્ષ્ય અભિયાન ચલાવી રહી છે. AAP સાંસદની પત્ની અનિતા સિંહે પણ દાવો કર્યો હતો કે બીજેપીના ઈશારે કોઈએ તેમનું નામ નવી દિલ્હી મતદાર યાદીમાંથી હટાવવા માટે અરજી દાખલ કરી હતી. દિલ્હી ચૂંટણી કાર્યાલયે આરોપો પર વિગતવાર સ્પષ્ટતા આપી છે અને નામો કાઢી નાખવા માટે ખોટી અરજી દાખલ કરનારાઓ વિરુદ્ધ FIR દાખલ કરી છે. દિલ્હીના ચૂંટણી કાર્યાલયે સંજય સિંહ દ્વારા કરવામાં આવેલા આરોપોને નકારી કાઢતા કહ્યું કે તેમના દાવાઓ કે જિલ્લા ચૂંટણી અધિકારી (DEO), નવી દિલ્હી પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના મતદાર યાદીમાંથી નામ દૂર કરી રહ્યા છે.

### ડ્રેગન દગાબાજ નીકળ્યું

## લદ્દાખમાં ચીને ફરી છમકલું કર્યું, ભારતે તરત લાલ આંખ બતાવી

### ચીને લદ્દાખના હોતાન વિસ્તારમાં બે કાઉન્ટી બનાવવાની જાહેરાત કરી છે, જે હકીકતમાં ભારતમાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે લગભગ સાડા ચાર વર્ષ પહેલા અથડામણની સ્થિતિ ઊભી થઈ હતી. બંને દેશોની સેનાઓ સામસામે આવી ગઈ હતી. મારપીટ પણ થઈ હતી. આ ઘટના બાદ બંને દેશોના સંબંધ ખૂબ જ તણાવભર્યા થઈ ગયા હતા. બદલાતી હાલતની વચ્ચે બંને દેશોએ સંબંધને સામાન્ય બનાવવા માટે કેટલીય વાર વાર્તાઓ કરી. આખરે ઘટનાના લગભગ સાડા ચાર વર્ષ બાદ ભારત અને ચીન વચ્ચે સહમતિ બની ગઈ. રશિયાના કઝાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ વચ્ચે મુલાકાત થઈ હતી. ત્યાર બાદ લદ્દાખમાં LAC પર મહિનાઓથી જામેલા બરફ પીગળવા લાગ્યો અને ગત વર્ષે આ વિવાદનું નિવારણ લાવી દીધું. બંને દેશોની સેનાઓ પાછી હટી ગઈ અને પૂર્વની સ્થિતિ સ્થપાઈ. હવે ફરી એક વાર ચીને પોતાની ખોરી દાનત બતાવી દીધી છે. બેઈજિંગના આ પગલાથી લદ્દાખ



રીઝનમાં ફરીથી તણાવ વધવાની આશંકા વધી ગઈ છે. હકીકતમાં જોઈએ તો, ચીને લદ્દાખના હોતાન વિસ્તારમાં બે કાઉન્ટી બનાવવાની જાહેરાત કરી છે. જે રીઝન માટે ચીન તરફથી આ એલાન કર્યું છે, હકીકતમાં તે ભારતમાં છે. નવી દિલ્હીનો આરોપ છે કે ચીને લદ્દાખના આ વિસ્તાર પર ગેરકાયદેસર રીતે કબજો કર્યો છે. હવે એ જ વિસ્તારમાં બે કાઉન્ટી બનાવવાની જાહેરાત કરી દીધી છે. ભારતે પાડોશી દેશના આ પગલાનો આકરો જવાબ આપ્યો છે. ભારતે કડક શબ્દોમાં ચેતવણી આપી દીધી છે. આપને જણાવી દઈએ કે, લદ્દાખ વિસ્તારમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર બંને દેશોની વચ્ચે હંમેશા તણાવની સ્થિતિ સામે આવતી રહે છે. વર્ષ ૨૦૨૦ની અથડામણ બાદ માંડ માંડ સ્થિતિ સામાન્ય થઈ હતી, પણ ચીનની વાંકી ચાલથી ફરી એક વાર મામલો ગરમાય તેવી આશંકા વધી ગઈ છે. લદ્દાખના હોતાન વિસ્તારમાં બે કાઉન્ટી બનાવવાની ચીનની જાહેરાત બાદ ભારતે આકરી પ્રતિક્રિયા આપી છે. ભારતે કહ્યું કે, “અમે ચીનના હોતાન પ્રાંતમાં બે નવી કાઉંટીઓની સ્થાપનાથી સંબંધિત ઘોષણા જોઈ છે. આ તથાકથિત કાઉંટીઓના અધિકાર ક્ષેત્રનો અમુક ભાગ ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં આવે છે. ભારતીય ક્ષેત્ર પર ગેરકાયદેસર ચીની કબજો ક્યારેય સ્વીકાર કરવામાં નહીં આવે. નવી કાઉંટીઓના નિર્માણથી ન તો ક્ષેત્ર પર અમારી સંપ્રભુતામાં ભારતની દીર્ઘકાલિન અને સુસંગત સ્થિતિ પર અસર પડશે અને ન ચીનના ગેરકાયદેસર અને બળજબરીપૂર્વક કબજાના કાયદેસરની માન્યતા મળશે. અમે ડિપ્લોમેટિક ચેનલ દ્વારા ચીન સામે ગંભીર વિરોધ નોંધાવ્યો છે.”

### SFJ અલગતાવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે

## UAPA ટ્રિબ્યુનલે શીખ ફોર જસ્ટિસ પર ૫ વર્ષ માટે પ્રતિબંધ મૂકવાના કેન્દ્રના નિર્ણયની કરી પુષ્ટિ

### કોર્ટે SFJ વિરુદ્ધ કેન્દ્ર સરકારના પુરાવા વિશ્વાસપાત્ર ગણાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૫ ।

ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) ટ્રિબ્યુનલે કેન્દ્ર સરકારની ૮ જુલાઈના નોટિફિકેશનની પુષ્ટિ કરી છે, જેમાં ગુરપતવંત સિંહ પન્નુની આગેવાની હેઠળની શીખ્સ ફોર જસ્ટિસ (SFJ)ને પાંચ વર્ષ માટે ગેરકાયદેસર સંસ્થા તરીકે જાહેર કરવામાં આવી છે. દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ અનુપ કુમાર મેંદિરત્તાની આગેવાની હેઠળની બેન્ચે શુક્રવારે SFJ વિરુદ્ધ કેન્દ્રના પુરાવાઓ વિશ્વાસપાત્ર ગણાવ્યા હતા. પુરાવાઓમાં સોશિયલ મીડિયા દ્વારા યુવાનોની ભરતી અને કટ્ટરપંથી બનાવવા, શસ્ત્રો અને વિસ્ફોટકોની ખરીદી માટે દાણચોરીના નેટવર્ક દ્વારા આતંકવાદને ધિરાણ આપવું, વડાપ્રધાન અને ગૃહપ્રધાન સહિત રાજકીય વ્યક્તિઓને જાનથી મારી નાખવાની ધમકીઓ અને સેનામાં શીખ સૈનિકોમાં બળવો ભડકાવવાના પ્રયાસો બહાર આવ્યા હતા. જસ્ટિસ મેંદિરત્તાએ આ પુરાવાઓ વિશ્વસનીય માન્યા, ખાસ કરીને બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સહિત




આંતરરાષ્ટ્રીય ખાલિસ્તાની આતંકવાદી અને અલગતાવાદી જૂથો સાથે SFJના સંબંધો. ટ્રિબ્યુનલે SFJના પાકિસ્તાનની ISI સાથેના સંબંધો અને પંજાબમાં આતંકવાદને પુનર્જીવિત કરવાના તેમના પ્રયાસોની પણ નોંધ લીધી હતી. ગૃહ મંત્રાલયના નોટિફિકેશન મુજબ, કેન્દ્ર સરકારે તાજેતરમાં જ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની રચના કરી છે, જે તેની તપાસ કરશે કે શું પ્રતિબંધિત ખાલિસ્તાન તરફી જૂથ SFJને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ ગેરકાયદેસર સંગઠનના રૂપમાં જાહેર કરવા માટે પૂરતું કારણ છે. ૮ જુલાઈના રોજ, ગૃહ મંત્રાલયે SFJને ગેરકાયદેસર સંગઠન તરીકે જાહેર કરવાની મુદત ૧૦ જુલાઈ ૨૦૨૪થી વધુ પાંચ વર્ષ માટે લંબાવી હતી.

## તંત્રી લેખ...

# કૌશલ આધારિત શિક્ષણ


દેશભરની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કૌશલ આધારિત અભ્યાસક્રમ શરૂ કરવાની તૈયારી સમયની માંગ છે. ખરું તો એ છે કે આવા અભ્યાસક્રમ અત્યાર સુધી શરૂ કરી દેવા જોઈતા હતા, કારણ કે એક મોટી સંખ્યામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એવી ડિગ્રીઓ આપી રહી છે, જે આજના સમયમાં કશા કામની સાબિત નથી થઈ રહી. આ જ કારણે દેશમાં ડિગ્રી ધારક યુવાઓની ફોજ તો તૈયાર થઈ રહી છે, પરંતુ તે એવા કોઈ કૌશલ નથી ધરાવતી, જેની ઉદ્યોગ-ધંધામાં માંગ છે. આ જ કારણે કારોબાર જગતના પ્રતિનિધિ એ ફરિયાદ કરતા રહે છે કે તેમને તેમની જરૂરિયાતના હિસાબે હુનરમંદ યુવાઓ નથી મળી શકતા. હવે જ્યારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની પહેલ પર નવા સત્રથી કૌશલ આધારિત અભ્યાસક્રમ શરૂ થવા જઈ રહ્યા છે, તો પછી એ પણ જોવું જોઈએ કે તે કારોબાર જગતની જરૂરિયાતને પૂરી કરવામાં સમર્થ બનશે કે નહીં? યોગ્ય એ રહેશે કે કૌશલ આધારિત અભ્યાસક્રમ ઉદ્યોગ વેપાર જગતના પ્રતિનિધિઓ સાથે વ્યાપક વિચાર-વિમર્શથી જ તૈયાર કરવામાં આવે. એવા અભ્યાસક્રમોની નિરંતર સમીક્ષા પણ થતી રહેવી જોઈએ અને તેમાં સમયના હિસાબે બદલાવની વ્યવસ્થા પણ કરવી જોઈએ, કારણ કે આજના ટેકનિકલ યુગમાં ચીજો ઝડપથી બદલાઈ રહી છે. એ સમજવું જોઈએ કે સમય સાથે નવા પ્રકારના કૌશલની આવશ્યકતા વધતી જાય છે. આજે યુવાઓને એવા કૌશલથી સજ્જ કરવાની જરૂર છે, જેનાથી તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, ડિજિટલ બેંકિંગ, ઈ-કોમર્સ વગેરે ક્ષેત્રોમાં આસાનીથી કામ મેળવી શકે. કૌશલ વિકાસના અભ્યાસક્રમ એક તરફ જ્યાં સ્થાનિક જરૂરિયાત અને માંગને ધ્યાનમાં રાખીને તૈયાર કરવા જોઈએ, જ્યારે બીજી તરફ એ દૃષ્ટિએ પણ, કે આપણા યુવા બીજા દેશોમાં પણ આસાનીથી રોજગાર મેળવી શકે. તેનાથી જ ઉચ્ચ શિક્ષણ સંસ્થા અને વિશેષ રૂપે ડિગ્રી કોલેજ કૌશલ વિકાસના કેન્દ્ર બની શકશે. કૌશલ વિકાસ આધારિત અભ્યાસક્રમ માત્ર ઉચ્ચ સિક્ષણ સંસ્થાઓમાં જ ન ભણાવવા જોઈએ, પરંતુ તેનો સમાવેશ સ્કૂલી શિક્ષણમાં પણ કરવો જોઈએ, કારણકે એક મોટી સંખ્યામાં યુવાઓ ઈન્ટરમીડિયેટ બાદ જ રોજગારની શોધ શરૂ કરી દે છે. તેમાંથી અનેક માત્ર એટલા માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ લઈ લે છે, જેથી કોઈને કોઈ ડિગ્રી હાંસલ કરી શકે. એ કોઈથી છૂપું નથી કે મોટાભાગે તેમની ડિગ્રી તેમને રોજગાર અપાવવામાં સહાયક નથી બનતી અને આ રીતે તેમની ગણતરી ભણેલા-ગણેલા પરંતુ બેકાર યુવાઓમાં થવા લાગે છે. એ સમજવું જોઈએ કે એવા યુવાઓની વધતી સંખ્યા માટે એવા અભ્યાસક્રમ જવાબદાર છે, જેમાં કૌશલ વિકાસને પ્રાથમિકતા નથી આપવામાં આવતી.

## અમેરિકામાં આતંકવાદી હુમલો, ઇસ્લામિક સ્ટેટની એન્ટ્રી

જર્મનીમાં નાતાલ પર સાઉદી અરેબિયાના એક મુસ્લિમે ક્રિસ્ટમસ માર્કેટમાં ટ્રક ઘુસાડીને કરેલા હુમલામાં ૫ લોકોનાં મોત થયાં એ ઘટનાના પડઘા શમ્યા નથી ત્યાં અમેરિકાના ન્યૂ ઓર્લિયન્સમાં થયેલા હુમલાએ સૌને ચોંકાવી દીધા છે કેમ કે અમેરિકામાં હુમલો કરનાર પણ કટ્ટરવાદી મુસલમાન છે. ન્યૂ ઓર્લિયન્સ સ્ટેટના ન્યૂ ઓર્લિયન્સ શહેરના પ્રખ્યાત બોર્બન સ્ટ્રીટ વિસ્તારમાં થર્ટી ફસ્ટની રાત્રે સેંકડો લોકો નવા વર્ષને આવકારીને ન્યૂ યરનું સેલિબ્રેશન કરી રહ્યા હતા ત્યારે એક ટ્રક ભીડમાં ઘૂસી ગઈ અને સંખ્યાબંધ લોકોને કચડી નાખ્યા. આ કચડાયેલા લોકોમાંથી ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત થયાં અને જે ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે તેમાંથી પણ ઘણાની હાલત ખરાબ છે તેથી બીજા પણ કેટલાય ઢબી જશે એવું લાગે છે. પોલીસે હુમલાખોરને રોકવાનો પ્રયત્ન કર્યો તો તેણે બહાર આવીને પોલીસ પર ફાયરિગ શરૂ કરીને બીજા ૫ લોકોને ઢાળી દીધા. હુમલાખોર પણ પોલીસના ગોળીબારમાં મરાયો તેથી આ કાંડનો એ જ વખતે અંત આવી ગયેલો, પણ આ હુમલાએ આખા અમેરિકાને ફફડાવી નાખેલું. પોલીસે પહેલાં તો કોઈ પાગલે આ કૃત્ય કર્યું હશે એમ માનેલું અને એ દિશામાં તપાસ શરૂ કરી હતી. પછી આતંકી હુમલો છે તે દિશામાં તપાસ શરૂ કરી. આ તપાસમાં જે વિગતો બહાર આવી છે તેણે પોલીસને ચોંકાવી દીધી છે અને અમેરિકનોનો ફફડાટ વધારી દીધો છે કેમ કે હુમલાખોરની ઓળખ ૪૨ વર્ષીય શમસુદ્દીન જબ્બાર તરીકે થઈ છે અને આ શમશુદ્દીન જબ્બાર કુખ્યાત આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલો છે. પોલીસે આપેલી માહિતી પ્રમાણે, શમસુદ્દીન જબ્બારની પિકઅપ ટ્રકમાંથી કાળા રંગનો ધ્વજ મળી આવ્યો હતો અને આ ધ્વજ ઈસ્લામિક સ્ટેટ એટલે કે આઈએસઆઈએસનો ધ્વજ છે. સ્થાનિક સમય અનુસાર સવારે ૩:૧૫ વાગ્યે જે વિસ્તારમાં હુમલો થયો ત્યાંથી એજન્સીઓને વિસ્ફોટકો પણ મળી આવ્યા છે. આ ઉપરાંત એક સાયલન્સરવાળી બંદૂક પણ મળી આવી છે. એફબીઆઈનું માનવું છે કે આ હુમલામાં જબ્બારે બીજા કોઈની પણ મદદ લીધી હોવી જોઈએ અને આ વ્યક્તિ હુમલા પછીની અંધાધૂંધીનો લાભ લઈને ફરાર થઈ ગઈ હશે. જબ્બારે હુમલા પહેલાં સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કર્યા હતા, આ વીડિયોમાં જબ્બાર પોતે ઈસ્લામિક સ્ટેટથી પ્રભાવિત થઈને ખ્રિસ્તીઓને મારી નાખવાનો ઈરાદો ધરાવતો હોવાનું જણાવે છે. એજન્સીઓએ જબ્બારની આખી કરમ કુંડળી બહાર કાઢીને મૂકી છે એ સાંભળીને અમેરિકનો વધારે ફફડી ગયા છે. આ વિગતો પ્રમાણે, શમસુદ્દીન અમેરિકાના ટેક્સાસનો વતની હતો અને અમેરિકાની આર્મીમાં ફરજ પણ બજાવી ચૂક્યો હતો. શમસુદ્દીનનો જન્મ ખ્રિસ્તી તરીકે થયો હતો, પણ પછીથી તેણે ધર્માંતરણ કરીને ઈસ્લામ અપનાવી લીધો હતો. જબ્બારને ઓળખનારા લોકોનું કહેવું છે કે, જબ્બાર ઈસ્લામના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરતો અને નિયમિત રીતે મસ્જિદમાં જતો હતો. અમેરિકન આર્મીમાં હ્યુમન રિસોર્સથી માંડીને આઈટી સ્પેશિયાલિસ્ટ સુધીનાં કામ કરનાર જબ્બાર ફેબ્રુઆરી ૨૦૦૯થી જાન્યુઆરી, ૨૦10 સુધી અફઘાનિસ્તાનમાં તહેનાત હતો. આ કારણે તેની દેશભક્તિ સામે કોઈને શંકા નહોતી. જબ્બારે ૨૦૨૦માં એક વીડિયો સોશિયલ મીડિયા પર મૂકેલો કે જેમાં તેણે યુએસ આર્મીએ તેનું કઈ રીતે ઘડતર કર્યું તેની વાતો કરી હતી. જબ્બારે દાવો કરેલો કે, યુએસ આર્મીમાં કામ કરતી વખતે સેવા અને જવાબદારી વિશે જાણવા મળ્યું અને પોતે વધારે સારો માણસ મળ્યો. જબ્બારે બે વખત નિકાહ કર્યા હતા. પહેલા નિકાહ ૨૦૧૨માં તૂટી ગયા હતા ને બે વર્ષ પછી તેણે બીજા નિકાહ કર્યા હતા. પહેલા નિકાહ આર્મીમાં સતત કામના કારણે પત્નીને સમય નહોતો આપી શકતો તેના કારણે તૂટી ગયા હતા. યુએસ આર્મીમાંથી નિવૃત્ત થયા પછી જબ્બાર હ્યુસ્ટનમાં રિયલ એસ્ટેટ એજન્ટ તરીકે કામ કરતો હતો. આ દરમિયાન તે કટ્ટરવાદી મુસ્લિમોના સંપર્કમાં આવ્યો અને તેના વિચારો બદલાયા એવું મનાય છે. જબ્બાર સામે ભૂતકાળમાં બે ગુના નોંધાયા હતા, પણ તે બહુ ગંભીર નહોતા. ૨૦૦૨માં તેની સામે એક ચોરીનો ગુનો નોંધાયો હતો.

### વૈદિક ગ્રંથો તેમજ જીવન ચરિત્ર દર્શાવતાં સદગ્રંથો પણ છે, જેના દ્વારા આપણે જે તે સમયમાં શું ઘટના ઘટી એનું તાદ્રશ્ય દ્રશ્ય જોઈ શકીએ છીએ

# શું શૂળસૈયા પર સૂઈને મૃત્યુની પ્રતીક્ષા કરવી એ ભીષ્મ પિતામહનાં કર્મનું ફળ હતું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે આ કથાનક પરથી શું બોધ લેવાનો છે, એવો કોઈ પ્રશ્ન થાય તો સ્ત્રી દુશ્મન પક્ષમાંથી હોય, કે પોતાનાં પક્ષમાંથી હોય તેનું માન સન્માન થવું જ જોઈએ, અને તેની સાથે આ રીતનો વ્યવહાર ક્યારે થવો જોઈએ નહીં, નહીં તો કુરુક્ષેત્રનું યુદ્ધ થાય! અને એમાં આપણું કુળ પણ નાશ પામી શકે!**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ટાઈમ ટ્રાવેલ એ અત્યારે બહુ પ્રચલિત શબ્દ છે, અને એનાં પર બહુ બધા લેખકો એ લખ્યું છે એમાં આગળ ગતિ કરી હોય એવું બહુ ઓછું બતાવ્યું છે, પણ પાછળ ગતિ કરી હોય એવી ઘણી બધી ફિલ્મોની કહાની, કે પછી સીરીયલ બની છે, અને મૂળ તો આ વિચાર આપણી સંસ્કૃતિનો છે, અને આપણે ત્યાંથી જ લગભગ એ ચોરેલો છે. સમયમાં પાછળ ગતિ કરવી એટલે કે ભૂતકાળમાં ગતિ કરવી, અને સામાન્ય રીતે તો દિવસમાં આપણે આપણા અતિતમાં કેટલીય વાર ચાલ્યાં જતાં હોઈએ છીએ, અને આપણી પાસે તો એવા વૈદિક ગ્રંથો તેમજ જીવન ચરિત્ર દર્શાવતાં સદગ્રંથો પણ છે, જેના દ્વારા આપણે જે તે સમયમાં શું ઘટના ઘટી એનું તાદ્રશ્ય દ્રશ્ય જોઈ શકીએ છીએ, અને આપણી તીવ્રતા વધુ હોય તો આપણે અનુભવી પણ શકીએ. ગઈકાલે આપણે રામાયણ વિશે વાત કરી હતી અને સંતાપ કઈ રીતે ઓછો કરવાનો હોય છે, એ સમયમાં કોને કોને સંતાપ રહ્યો હશે, એ વિશે પણ વાત કરી હતી. આમ તો આ બધી અવતાર લીલા હતી પરંતુ એ રીતે ન જોઈએ તો! પોતાના પુત્ર સાથે થતો આટલો મોટો અન્યાય જોઈને પણ કૌશલ્યાનું મૌન, સીતાનું અપ હરણ, બીજી વારનો સીતાનો ત્યાગ, આ બધું દર્શાવે છે કે સ્ત્રી સશક્તિકરણની કમી ત્યારે પણ હતી, અને આજે પણ છે, અને એને કારણે જ સમાજમાં સ્ત્રીઓને જોઈએ તેટલું માન સન્માન મળતું નથી. સુધરેલા વર્ગમાં તો હજી પણ ઠીક છે બધું, પરંતુ પછાત વર્ગમાં તો પરિસ્થિતિ હજી પણ વણસેલી જ છે.હમણાં જ મધર્સ ડે ગયો અને બધાએ પોતપોતાની માતાના પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કર્યો, અને મા પ્રત્યે તો દરેકને માન હોય જ એમાં કોઈ શંકા નથી. પરંતુ જે તે પુરુષ પતિ હોય તો એ પોતાનાં પુત્રની માતા છે, એ રીતે એને શું માન સન્માન આપ્યું છે? તો આજે આપણે આપણાં એવા જ એક વૈદિક સદગ્રંથ મહાભારત વિશે વાત કરીએ, કથાથી આપણે સૌ પરિચિત છીએ, કે રાજા પાંડુના નિધન બાદ પાંડુ પુત્ર પાંડવો, અને ધૃતરાષ્ટ્ર પુત્ર કૌરવો વચ્ચે, પોતાના અધિકાર માટે યુદ્ધ થયું. એટલે કે દુર્યોધને પાંડવોને સોયની અણી જેટલી પણ જમીન આપવાની ના પાડી દીધી, અને એમાં માટે કેટલાય પ્રયત્નો છતાં દુર્યોધન માન્યો નહીં. ધૃતની ક્રિડા દરમિયાન પાંડવો પોતાની પત્ની દ્રૌપદીને હારી જાય છે, અને દુર્યોધન દ્વારા તેની સાથે વિરુદ્ધ બદલ વ્યવહાર થાય છે, અને ભરી સભામાં વસ્ત્રો ખેંચવામાં આવે છે. મહાભારતના આ બધા પાત્રોમાંથી સૌથી વધુ સંતાપ જો કોઈને થયો હોય તો મારી દ્રષ્ટિએ એ પિતામહા ભિષ્મ છે. કારણ કે હસ્તિનાપુરની રક્ષા માટે પોતે આજીવન વ્રત ધારી હતાં, અને એટલે જ તેમણે લગ્ન પણ કર્યા નહોતા. કૌરવો અને પાંડવો બંને સાથે તે સંબંધની રીતે એકસરખા જોડાયેલા હતા. દુર્યોધન જે કરી રહ્યો છે તે ખોટું છે એ જાણવા છતાં એને ચુપ રહેવું પડે છે, એ સંતાપ તેને છેક શૂળસૈયા સુધી લઈ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે પિતામહ ભીષ્મને ઈચ્છામૃત્યુંનું વરદાન હતું અને તેણે પોતાનો પ્રાણ ટકાવી રાખ્યો હતો. મકરસંક્રાંતિએ જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે જો મૃત્યુ ને સ્વીકારવામાં આવે તો આ બધા જ સંતાપનો એટલે કે પાપ કર્મનો નાશ થાય એવી આપણે ત્યાં એક પ્રચલિત માન્યતા છે. આપણે વિચારીએ તો આપણને પણ એમ થાય કે સભામાં એ વખતે હાજર રહેલા દરેકની કેવી દર્દનાક ઘડીઓ રહી હશે, પોતાની જ નજર સામે પોતાની પત્નીને નિર્વસ્ત્ર થતી જોવી એ પાંડવો માટે પણ અઘરું હશે પરંતુ કદાચ એ લોકો તો એને માટે યોગ્ય પણ હતા. કોણ પોતાની પત્નીને દાવ પર મૂકે?: શું એ કોઈ તમારી જાગીર છે? શું એ કોઈ સાધન છે? ખેર છોડો પરંતુ દ્રૌપદીના પિતા સમાન ગુરુદેવ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અને પિતામહ ભીષ્મ,અને સ્વયમ ધૃતરાષ્ટ્ર માટે પણ આ ઘડી આકરી વીતી હશે, એવું માની લઈએ તો એ બધાનો સંતાપ ત્યારે બહારના તાપ કરતા પણ વધી ગયો હશે, અને જીવનભર એણે એવી વ્યથા આપી હશે કે જે અકલ્પનીય છે. આપણે આ કથાનક પરથી શું બોધ લેવાનો છે, એવો કોઈ પ્રશ્ન થાય તો સ્ત્રી દુશ્મન પક્ષમાંથી હોય, કે પોતાનાં પક્ષમાંથી હોય તેનું માન સન્માન થવું જ જોઈએ, અને તેની સાથે આ રીતનો વ્યવહાર ક્યારે થવો જોઈએ નહીં, નહીં તો કુરુક્ષેત્રનું યુદ્ધ થાય! અને એમાં આપણું કુળ પણ નાશ પામી શકે! પરંતુ આપણે શું બોધ લીધો કે ભગવાન યોગ યોગેશ્વર ત્યારે સ્વયંમ હાજર હતા, અને છતાં તે આ ઘટનાને રોકી ન શક્યાં! ત્યારે પણ આવું થતું હતું, તો આજે આવું થાય એમાં શી નવાઈ! ઈનફેક્ટ આનો મતલબ એવો જ કરી શકાય કે આ બધું તો થતું આવ્યું છે, અને આગળ પણ થશે! દ્રૌપદીની વાત છોડી દઈએ, કારણ કે આપણામાં કદાચ હવે સ્ત્રી સન્માનની અધિકારી છે એવું માનનારા થયા છે, પરંતુ નીતિ ચૂક તો આ સિવાય પણ મહાભારતમાં ઘણીવાર થઈ, અને એનું ગિલ્ટ પણ સંતાપ વધારનારું હતું. આજે પણ આપણે એવું ઘણું કરતા હોઈએ છીએ, કે જેને આપણને ખબર હોય છે કે આવું ન કરવું જોઈએ, આ એક પ્રકારની નીતિવિરોધનું છે, અને છતાં ચૂપ રહીએ, કોઈ વાર મમતા ને કારણે, કોઈ વાર મોહને કારણે, તો કોઈ વાર અન્ય લોભ લાલચને કારણે, આવું બધું થતું જ હોય છે, અને આ દરેકના જીવનની સચ્ચાઈ છે,કે તેનું સૂક્ષ્મતમ ચિંતન કરવાથી ખબર પડે. પેલા ઈસુના વાક્ય જેવું છે કે જેણે પાપ ન કર્યું હોય એ પહેલો પથ્થર મારે! આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા દ્રૌપદીના ચીર પુરાયા અને તેની ઈજ્જત બચી ગઈ. પણ પિતામહ ભિષ્મનો સંતાપ એ હતો કે યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા જે થયું એ પોતાના હાથે થવું જોઈતું હતું, અને સેમ ફિલિંગ કૃપાચાર્ય તેમજ, દ્રોણાચાર્યની પણ હશે, કુંતી, ગાંધારી, વગેરે પણ અત્યંત વિચલિત હશે. શૂળસૈયા એ શબ્દને જુદી રીતે જોઈએ, તો આવી કોઈ ઘટના ઘટે અને આપણે ચૂપ રહીએ તો એ આપણી નીંદર ઉડાવી દે છે, અને ત્યારે આપણા હદયમાં શૂળ વાગી ગયું હોય, એવી વેદના થાય છે. અથવા તો અંતિમ સમયે તો આ બધી વેદનાઓ ઘેરી વળે છે કે, આટલી મેં ભૂલ કરી! આટલી વાર હું નીતિ ચુકી ગયો! કે ગઈ! આટલી વાર મેં અન્યાય થતો જોયો, છતાં હું મૌન રહ્યો! કોઈની પર અત્યાચાર થતો હતો છતાં મેં એ રોકવાની પણ કોશિશ ન કરી, કે એ વ્યક્તિને બચાવવાની પણ કોશિશ ન કરી, તો આ બધાંશૂળપરઆપણેમૃત્યુપહેલાંસૂવુંપડેછે,અનેપિતામહ ભીષ્મ ની જેમ મૃત્યુની પ્રતીક્ષા આટલી વેદનાઓ સાથે કરવી પડે છે. એમને તો મકરસંક્રાંતિએ મૃત્યુ સ્વીકારી, અને આ બધા જ સંચિત કર્મોમાંથી મુક્તિ મેળવી લીધી. પરંતુ આપણે કંઈ એના જેટલો જીવનમાં મોટો ત્યાગ કર્યો નથી, એટલે આપણા સંચિત કર્મો તો સાથે જ આવવાના છે, અને આવતા ભવે પણ આપણે આ જ શૂળનો સંતાપ સહન કરવો પડશે, અને જો ન કરવો હોય તો બને તેટલી નીતિઓનું પાલન કરવું, કોઈની સાથે થતાં અન્યાય સમયે ચુપ ન રહેવું, અને તેથી એ વધુ કોઈનો હક મારવો નહીં, કોઈની વસ્તુઓ છીનવી લેવાની ભૂલ કરવી નહીં! બહારનું તાપમાન તો હવે પ્રકૃતિ સાથે થતા ચેડા એટલે કે અત્યંત પ્રદૂષણ ને કારણે વધતું જ રહેવાનું છે, ત્યારે આપણે આંતરિક સંતાપને ઓછો કરી શકાય એવા કર્મ કરી અને આપણું જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### ગોકુળમાં થતા ઉત્પાતો જોઈ ઉપનંદકાકાએ સૂચન કર્યું કે, આપણે બાળકોને લઈ બીજે સ્થળે રહેવા જઇએ

# સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશે સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો, અને ત્યારે એ નિદ્રા પણ ભક્તિ બનશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વૃંદા એટલે ભક્તિ, વૃંદાવન એટલે ભક્તિનું વન, બાળક પાંચ વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદા વનમાં લઈ જાઓ, એટલે તેને ભક્તિના વનમાં લઈ જાવ, બાળકને પાંચ વર્ષ પૂરાં થયાં પછી લાડ કરશો નહીં, લાડનો સમય ગોકુળમાં પૂરો થયો, જે મા-બાપ બાળકને સારા સંસ્કાર આપે તે મા-બાપ બાળકના વેરી છે.**

કર્મનું ફળ ઈશ્વરને અર્પણ કર્યું, પછી એ ફળનો માલિક ઈશ્વર થયો. ઈશ્વર કોઇનું ઋણ રાખતો તથી. એ સામું અનંતગણું કરીને વાળે છે. અનુભવ ન થાય એનો અર્થ એ નથી કે સિદ્ધાંત.અનુભવ ન થાય તો માનજો, મારામાં, મારા કર્મમાં કાંઈક ખામી છે. પૂર્વજન્મના ખોટો સંસકારો અને વાસના બળી જશે એટલે કર્મમાં આનંદ આવશે. કર્મનું ફળ ક્યારે મળશે તે કહી શકાય નહી. ઠાકોરજી મંદિરમાં બિરાજે તેથી શાંતિ નહીં મળે પણ તે આપણી બુદ્ધિમાં બિરાજે તો જ શાંતિ થાય.જેવી રીતે સંસારના વિષયો બુદ્ધિમાં રાખો છો,તેવી રીતે બુદ્ધિ માં ભગવાનને રાખો તો જીવન કૃતાર્થ થાય.માલણ ટોપલીમાં ફળ રાખતી,તેમ તમે તમારી બુદ્ધિ ની ટોપલીમાં પ્રભુને રાખો!બાલકૃષ્ણ પાંચ વર્ષના થયા છે. બાલકૃષ્ણને વૃંદાવન જવાની ઈચ્છા છે. જગતમાં સૌ પ્રત્યે સદભાવ રાખો. તમારા આત્માને પ્રતિકૂળ લાગે તેવું વર્તન બીજા ભરચક કરો. તમે કોઈ જીવ પ્રત્યે કુંભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુંભાવ રાખશે. તેવો પ્રતિધ્વનિ!જેવો ધ્વનિ સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશે સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો. અને ત્યારે એ નિદ્રા પણ ભક્તિ બનશે. ગોકુળમાં થતા ઉત્પાતો જોઈ ઉપનંદકાકાએ સૂચન કર્યું કે, આપણે બાળકોને લઈ બીજે સ્થળે રહેવા જઈએ. અત્રેથી થોડે દૂર વૃંદાવન નામનું વન છેતે રહેવાને યોગ્ય છે.આ સૂચન સર્વને ગમ્યું.માલકૃષ્ણ સાથે બધા વૃંદાવન માં રહેવા આવ્યાં છે. વૃંદા એટલે ભક્તિ. વૃંદાવન એટલે ભક્તિનું વન. બાળક પાંચ વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદા વનમાં લઈ જાઓ. એટલે તેને ભક્તિના વનમાં લઈ જાવ. બાળકને પાંચ વર્ષ પૂરાં થયાં પછી લાડ કરશો નહીં.લાડનો સમય ગોકુળમાં પૂરો થયો. જે મા-બાપ બાળકને સારા સંસ્કાર આપે તે મા-બાપ બાળકના વેરી છે. જે મા- બાપ બાળકને ધર્મનું શિક્ષણ ન આપે, ભક્તિનું શિક્ષણ ન આપે તે મા-બાપને બાળકના દુશ્મન સમજવાં. બાળકનું હૃદય કોમળ હોય છે તેને જે બજ વાળશો,તે બાજુ વળશે.માટે બાલ્યાવસ્થામાં બાળકોને સારા સંસ્કાર આપો તો જુવાનીમાં બગડશે નહીં. એ સંસ્કાર એનું રક્ષણ કરશે.ઉપનંદ કાકા વનમાં લઈ જાય છે. જેને જ્ઞાની વયોવૃદ્ધ સંતોનો સંગ હોય તેને પતનની બીક રહેતી નથી. એકલો ચાલવા જાય તો પડવાની બીક રહે છે. કોઈનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે. ઈશ્વરનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે નહીં. વૃંદાવનમાં એકલા ન જવું.બીજા ને પણ સત્કર્મમાં પ્રેરણા આપવી. માટે તો ગોપીઓ સાથે વૃંદાવનમાં ગયા છે. વૃંદાવનમાં ગોવર્ધન પર્વત અને યમુનાના કિનારાઓ જોઈ રામ-કૃષ્ણને ઘણો આનંદ થયો. વૃંદાવનમાં આવ્યા પછી ભગવાન વત્સપાલ થયા છે.બાળમિત્રો સાથે તેઓ વાછરડાં ચરાવે છે. યમુનાના કિનારે બાળકો સાથે અનેક પ્રકારની રમતો રમે છે. ભગવાન પહેલાં વત્સપાલ બને છે અને પછી ગોપાળ બને છે. પહેલાં વાછરડાં ચરાવે છે, પછી ગાયોને ચરાવે છે.કોઈકોઈ વેળા ભગવાન બંસી બજાવે છે અને જુદા જુદા પ્રકાર ની રમતોથી ગોપબાળકોને આનંદ કરાવે છે. જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિ થી બોલાવે છે,પણ મોહક વિષયોમાં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી. જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે. બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન અંધશ્રદ્ધા.ભક્તિમાં આ બે વિઘ્નો આવે છે. બકાસુર એટલે બગલાસુર. બગલો એ દંભનું પ્રતીક છે,તેથી તો દંભીને બગભગત કહે છે. દંભસમાન કોઈ પાપ નથી.બીજાં પાપ માટે પ્રાયશ્ચિત્ત છે,પણ દંભનું પ્રાયશ્ચિત્ત નથી.જેનો સ્વાંગ ઉપરથી સારો છે,પણ જેની કરણી મેલી છે તે બકાસુર. બગલાની ચાંચમાં લોભ છે. કીર્તિ નો લોભ હોય અને ધનનો લોભ હોય ત્યાં દંભ આવે છે જ. એટલે દંભથી ખૂબ ચેતતા રહેવાનું ભક્તિના કિનારે પણ દંભ પેદા થઈ જાય છે,જેમ જમુનાજીના કિનારે કિનારે બકાસુર દેખાય છે તેમ.એક સમયે શ્રીહરિ ગોપ બાળકો સાથે વાછરડાંઓ ચરાવવા વનમાં ગયા. વનમાં તેઓ જાતજાતની રમતો રમવા લાગ્યા. આ ગોપબાળકોનું ભાગ્ય તો જુઓ! જેનાં દર્શન યોગીઓને પણ દુર્લભ છે, તે પરબ્રહ્મની સાથે તેઓ રમી રહ્યા છે. તેવામાં અઘા સુર ત્યાં આવ્યો. અઘાસુરને કંસે મોકલ્યો હતો. બકાસુર અને પૂતનાનો તે નાનો ભાઈ હતો. અઘ એટલે પાપ. જ્યાં અજ્ઞાન અને દંભ હોય ત્યાં પાપ આવે જ. એટલે અઘાસુર આવ્યો. અઘાસુર મોટા અજગરનું રૂપ લઈને આવ્યો અને સર્વ ગોપ બાળકોને ગળી જવાની ઈચ્છાથી મોં ફાડી માર્ગમાં સૂતો. અઘાસુર- અજગરના મુખને આ કોઈ પર્વતની ગુફા છે એમ માની બાળકો તેમાં પ્રવેશ કરવા તૈયાર થયાં,પણ કનૈયો એમનો મુખી.એટલે બધા કહે,કનૈયા,તું આગળ થા! બાળકોને શ્રદ્ધા છેકે, અમારો કનૈયો સાથે હોય તો પછી અમને ક્યાંય જવાનો ડર નથી. શ્રીકૃષ્ણ નાં મુખ સામે જોતાં, હસતાં અને તાળીઓ પાડતાં ગોપબાળકો અજગરના મુખમાં પેસી ગયાં. ગોપબાળકોને બચાવવા ભગવાને પણ અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ગમે ત્યાં જાઓ, ગમે તે કાર્ય કરો, પણ ભગવાનને કાયમ સાથે રાખજો. એને મુખી કરી આગળ કરશો તો તમારો જયજયકારથશે માટે પ્રભુને સાથે લઈને ફરો. પ્રભુને એટલે ઠાકોરજીની મૂર્તિને નહીં, પણ અંતરમાં ઠાકોરજીના સ્વરૂપને!અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ત્યારે બાળકો તાળી પાડતાં ગયાં છે.ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે.લૌકિક અને પરમત ભાષા ગૌણ છે. એટલે ભાગવતનો અર્થ જેને સમાધિનો અભ્યાસ છે તે સમજી શકાશે. વિલાસીને ભાગવતનો અર્થ સમજવો મુશ્કેલ છે. તાળી એ નાદબ્રહ્મ છે. નાદબ્રહ્મ અને નામબ્રહ્મ એક થાય,ત્યારે પરબ્રહ્મ પ્રગટ થાય. અંદર જઈને ભગવાને વિશાળ રૂપ ધારણ કર્યું એટલે અઘાસુરના પ્રાણ બ્રહ્મરંધ્ર માંથી બહાર નીકળ્યા અને બાળકો તેમજ વાછરડાંઓ બહાર આવ્યાં. અઘ એટલે પાપ. અઘાસુરએ પાપનું સ્વરૂપ છે.પાપમાં-પાપ સાથે રમે છે તે અઘાસુર.પાપ કરવામાં જે સુખ માને તે અઘાસુર કેટલીક વખત જોવામાં આવે છે કે, પાપી સુખ ભોગવતો હોય છે, પણ આ તો તેના પૂર્વ જન્મનાં કોઈ પુણ્યનું ફળ છે એમ માનવું. બાકી પાપનું પરિણામ દુઃખ જ છે.પાપ કરનારો કોઈ દિવસ સુખી થયો નથી અને સુખી થવાનો નથી. કોઈ પુણ્યશાળી બવ દુઃખી દેખાય તો સમજવું કે, તે તેના અગાઉના જન્મના કોઈ પાપનું ફળ ભોગવે છે. પુણ્યનું ફળ દુઃખ નથી જ. પાપ માંથી છૂટવા માટે પ્રતિકૂળની સામે અનુકૂળતા ઊભી કરો! મનુષ્યને કોઈ કોઈ વખત હું પાપ કરી રહ્યો છું તેનું ભાન થાય છે પણ તે પાપને છોડી શકતો નથી.પાપના પંજામાંથી છૂટવું કઠણ છે.અતિશય પુણ્ય નું જોર ન હોય ત્યાં સુધી પાપની આદત છૂટતી નથી.માટે જ્યાં સુધી ઈન્દ્રિયોને પાપ કરવાની આદત છે, ત્યાં સુધી તેને ભક્તિ રસ મળશે નહીં. પાણીથી ભરેલા લોટામાં દૂધ ભરવું હશે તો પાણી ને બહાર કાઢી નાખવું પડશે. મનમાં પાપનો વિચાર આવે તે જ ક્ષણે તેને કાપી નાખો. કદાચ પાપ થઈ જાય તો પ્રભુ પાસે રડી પડો કે, પ્રભુ, મારા પાપની ક્ષમા કરો! અંતરથી રડશો તો પ્રભુ દયાળુ છે, દયા કરશે જ.પાપ મોં ફાડી સામે ઊભું છે. અઘાસુર અજગર રૂપે આવેલો.મનુષ્ય સાવચેત ન રહે તો પાપરૂપી અજગર તેને ગળી જય છે. એ ગળવા તૈયાર જ ઊભો છે.પાપ શરીરમાં પ્રવેશ કરશે, તો પછી એ તમને છોડશે નહીં.જેના મનમાં, ઘરમાં પાપ છે ત્યાં પરમાત્મા આવતા નથી. એટલે પરમાત્માને ઘરમાં સ્થાપવા હોય તો પાપથી દૂર રહેજો. અજગરના મુખમાં પેઠેલા ગોપ બાળકો જાતે બહાર નીકળી શકતાં નથી. શ્રીકૃષ્ણ તેઓને બહાર કાઢે છે. પાપરૂપી અજગરના મુખમાં ગયેલો કોઈ જાતે બહાર નીકળી શકે નહીં. અજગરના મુખમાં ગયેલાને બહારનો માણસ બહારખેંચી શકે પાપમાંથી ભગવાન બચાવી શકે. સદગુરુ પાપના મોંમાં પડે તે પહેલાં ચેતવી શકે, પણ પાપનાં મોં માં પડ્યા પછી તો પ્રભુ જ તેમાંથી ઊગારી શકે.પ્રભુ સિવાય બીજાની એ તાકાત નથી.

## અનુરાગ કશ્યપ મુંબઈ છોડીને સાઉથમાં જતો રહેશે

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની માનસિકતાથી અકળાઈને છોડી દેવાનો નિર્ણય ફિલ્મ મેકર અનુરાગ કશ્યપે બોલિવૂડની હાલની સ્થિતિ પર પોતાની અકળામણ વ્યક્ત કરતા બોલિવૂડ અને મુંબઈ છોડી દેવાનો નિર્ણય કરી લીધો છે. તે પોતાની સર્જનાત્મકતા ટકાવી રાખવા માટે સાઉથમાં સ્થાયી થવા માગે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં અનુરાગ કશ્યપે હિન્દી ફિલ્મોના રિમેક, લાભ ખાટવાના અને સ્ટાર બનાવવાના વળગણ વિશે વાત કરી, જે સર્જનાત્મકતા અને નવીનતાને ગૂંગળાવી નાખે છે. અનુરાગ કશ્યપે કહ્યું, ‘‘મારા માટે હવે બહાર જઈને પ્રયોગ કરવાનું અઘરું થઈ ગયું છે કારણ કે એની એક કિંમત છે અને તેનાથી પ્રોડ્યુસર્સ નફા અને ફાયદા અંગે વિચારતા થઈ જાય છે. શરૂઆતથી જ, ફિલ્મ શરૂ થાય એ પહેલાં, એને કઈ રીતે વેચીશું એ વાત મહત્વની થઈ જાય છે. તેથી ફિલ્મ બનાવવાની મજા જતી રહે છે. એટલે જ આવતા વર્ષે મારે મુંબઈથી બહાર જતાં રહેવું છે. હું સાઉથમાં સ્થાયી થવાનો છું. જ્યાં કામની આઝાદી હોય ત્યાં જવું છે મારે. નહીંતર હું ઘરડો થઈને મૃત્યુ પામીશ. હું મારી પોતાની ઈન્ડસ્ટ્રીથી નિઃરાશ થઈ ગયો છું અને અકળાઈ ગયો છું. હું લોકોની માનસિકતાથી કંટાળી ગયો છું.’’ અનુરાગ કશ્યપે એવું પણ કહ્યું કે બોલિવૂડમાં કોઈ મંજૂમલ બોય્ઝ જેવી ફિલ્મ ક્યારેય નહીં બનાવે. એના બદલે બોલિવૂડ તેની રિમેક બનાવશે. અનુરાગે કહ્યું, ‘‘માનસિકતા જ એવી છે, જે પહેલાંથી બનેલું છે એની રિમેક બનાવી દો. એમને કશું નવું કરવું જ નથી. આ પહેલાની જનરેશનના કલાકારો અને જેમની પાસે બધું જ છે એવા લોકો સાથે કામ કરવું અઘરું છે. કોઈને અભિનય કરવો નથી.

# ‘દબંગ ૨’માં છેદી સિંહના ભાઈનો રોલ ઓફર થયો, જે મને મંજુર નોતો

**૨૦૧૦ની બ્લોકબસ્ટર ફિલ્મ ‘દબંગ’માં વિલન છેદી સિંહની ભૂમિકા ભજવીને દર્શકોના દિલ જીતી લીધા હતા**




સલમાન ખાનની ‘દબંગ’ અને ‘દબંગ ૨’એ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. પહેલા ભાગમાં સોનુ સૂદ વિલન બન્યો હતો. તેણે છેદી સિંહનું પાત્ર ભજવ્યું હતું. સલમાને તેને બીજા ભાગમાં છેદી સિંહના ભાઈની ભૂમિકાની ઓફર કરી હતી, પરંતુ અભિનેતાએ આ ઓફર ફગાવી દીધી હતી. બોલિવૂડ એક્ટર સોનુ સૂદે ૨૦૧૦ની બ્લોકબસ્ટર ફિલ્મ ‘દબંગ’માં વિલન છેદી સિંહની ભૂમિકા ભજવીને દર્શકોના દિલ જીતી લીધા હતા. તેણે તાજેતરમાં જ ખુલાસો કર્યો હતો કે સલમાન ખાને તેને ‘દબંગ ૨’માં છેદી સિંહના ભાઈની ભૂમિકા ભજવવાની ઓફર કરી હતી.અભિનવ કશ્યપ દ્વારા દિગ્દર્શિત ‘દબંગ’માં સંકેત આપવામાં આવ્યો હતો કે આગામી ભાગમાં છેદી સિંહનો ભાઈ ચુલબુલ પાંડે (સલમાન ખાન) પાસેથી બદલો લેશે. આ સેટઅપ હોવા છતાં, પ્રકાશ રાજે ‘દબંગ ૨’માં ઘણા વિલનને રજૂ કર્યા. જેમાં નિકિતિન ધીર અને દીપક ડોબરિયાલનો સમાવેશ થાય છે.સોનુ સૂદે એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું, ‘સલમાન અને અરબાઝ મારા પરિવાર જેવા છે. તેથી તેણે મને છેદી સિંહના ભાઈની ભૂમિકા ભજવવા માટે ફરીથી બોલાવ્યો, પરંતુ મેં તેને કહ્યું કે હું આ ભૂમિકા ભજવીને ઉત્સાહિત નથી. તો હું તે કેવી રીતે કરીશ? તેણે કહ્યું ઠીક છે, કોઈ વાંધો નથી.સોનીએ એ પણ જણાવ્યું કે સલમાને તેને ‘દબંગ ૨’ના પ્રીમિયરમાં આમંત્રણ આપ્યું હતું અને સિક્વલનો ભાગ ન હોવા છતાં તે કાર્યક્રમમાં હાજર રહ્યો હતો. ‘દબંગ’ અને ‘દબંગ ૨’ બંને મોટી હિટ હતી, પરંતુ ત્રીજો હપ્તો ‘દબંગ ૩’ બોક્સ ઓફિસ પર નબળી રહી હતી. સોનુની આગામી ફિલ્મની વાત કરીએ તો તે ‘ફતેહ’માં જોવા મળશે. તેણે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે અને તે નિર્માતા પણ છે. આ ફિલ્મ ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. સોનુ સિવાય તેમાં જેકલીન ફર્નાન્ડિસ, વિજય રાઝ અને નસીરુદ્દીન શાહ છે.

## મીટૂના આરોપોએ ડિરેક્ટરનું જીવન બરબાદ કર્યું?


વર્ષ ૨૦૧૮માં હોલિવૂડના ‘મીટૂ’ કેમ્પેઈનની શરૂઆત થઈ હતી. હોલિવૂડથી શરૂ થયેલા આ કેમ્પેઈનની આગ બોલિવૂડ સુધી પહોંચી અને ઘણા દિગ્ગજ સ્ટાર્સ તેનો ભોગ બન્યા. બોલિવૂડનો ડાયરેક્ટર સાજિદ ખાન પણ તેની ચપેટમાં આવ્યો અને તેનું જીવન બરબાદ થઈ ગયું. સાજિદ ખાને આ મુદ્દે દુઃખ વ્યક્ત કર્યું છે. સાજિદ ખાને તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે ‘ગત ૬ વર્ષમાં મે પોતાનું જીવન ખતમ કરવાના ઘણી વખત પ્રયત્ન કર્યા છે. મીટૂ કેમ્પેઈન બાદ મારું કરિયર પણ તબાહ થઈ ગયું હતું.’સાજિદ ખાને આ મુદ્દે ખુલીને વાત કરી છે. જેમાં સાજિદ ખાને જણાવ્યું, ‘મે છેલ્લા છ વર્ષમાં ઘણી વખત પોતાનું જીવન ખતમ કરવા વિશે વિચાર્યું છે. આ મારા જીવનનો સૌથી ખરાબ સમય રહ્યો છે. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ડાયરેક્ટર્સ એસોસિએશનથી લીલી ઝંડી મળ્યા બાદ પણ મારી પાસે ૬ વર્ષ સુધી કામ રહ્યું નહીં. હું ૧૪ વર્ષથી આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યો છું. મારા પિતાજી બાદ અમે તમામ ભાઈ-બહેનોએ અહીં કામ કરવાનું શરૂ કર્યું હતું. મને ખુશી થાત જો મારા માતા એ જોવત કે હું ફરીથી પગભર થઈ રહ્યો છું. છેલ્લા ૬ વર્ષમાં હું પોતાના કરિયરના સૌથી ખરાબ સમયમાંથી પસાર થયો છું.’વર્ષ ૨૦૧૮માં હોલિવૂડથી શરૂ થયેલું એક કેમ્પેઈન ‘મીટૂ’ એ બોલિવૂડમાં પણ ખૂબ હોબાળો મચાવ્યો હતો. આ કેમ્પેઈનમાં બોલિવૂડની એક્ટ્રેસે પણ ભાગ લીધો અને પોતાની સાથે થયેલા અનુભવને જણાવ્યા. આ દરમિયાન સાજિદ જ્યારે પોતાની ફિલ્મ હાઉસફુલ ૪ નું શૂટિંગ કરી રહ્યો હતો. ત્યારે શર્લિન ચોપડા સહિત અમુક એક્ટ્રેસે સાજિદ ખાન પર પણ મીટૂના આરોપ લગાવ્યા હતા.

### અર્જુન કપૂર જબરો ટ્રોલ થયો

## અર્જુન કપૂર ભૂમિ પેડનેકર સાથે ફિલ્મ કરશે

અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકર એક નવી ફિલ્મ માટે ફરી સાથે મળી રહ્યા છે. મેરે હસબન્ડ કી બીવી ફિલ્મ માટે અર્જુન કપૂર ભૂમિ પેડનેકર ફરી જોડાયા છે. નેટીઝન્સ ટ્રોલ કરી રહ્યા છે કે હીરો નહીં ચલેગા.બોલિવૂડ એક્ટર અર્જુન કપૂર છેલ્લે ફિલ્મ ‘સિંઘમ અગેન’માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ ના કરી શકી. અગાઉ ૨૦૨૩માં તેની ભૂમિ પેડનેકર સાથે ‘ધ લેડી કિલર’ નામની ફિલ્મ હતી. આ ફિલ્મને બોલિવૂડની સૌથી મોટી દુર્ઘટના માનવામાં આવે છે. લેડી કિલરની નિષ્ફળતા બાદ હવે અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકર ફરી એક નવી ફિલ્મ ટે સાથે આવી રહ્યા છે.અર્જુન કપૂરે તેની આગામી ફિલ્મ ‘મેરે હસબન્ડ કી બીવી’ની જાહેરાત કરી છે. અભિનેતાએ તેના ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મનું મોશન પોસ્ટર શેર કર્યું છે. પોસ્ટરમાં એક માણસનું જૂતું સ્ટિલેટો અને પંજાબી જુટ્ટી વચ્ચે ફસાયેલું જોવા મળે છે. આ સાથે કેપ્શનમાં લખ્યું છે- અહીં પ્રેમની ભૂમિતિ થોડી ટ્વિસ્ટેડ છે, કારણ કે આ પ્રેમ ત્રિકોણ નથી, આ એક સંપૂર્ણ વર્તુળ છે. ‘મેરે હસબન્ડ કી બીવી’ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી સિનેમાઘરોમાં આવશે. સોશિયલ મીડિયા યુઝર્સ તેમની નવી ફિલ્મની જાહેરાત પોસ્ટ પર અર્જુન કપૂર અને ભૂમિને ટ્રોલ કરી રહ્યા છે અને ફિલ્મને આપત્તિ ગણાવી રહ્યા છે. મુદસ્સર અઝીઝ ‘મેરે હસબન્ડ કી બીવી’નું નિર્દેશન કરી રહ્યા છે. ફિલ્મમાં અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકરની સાથે રકુલ પ્રીત સિંહ પણ જોવા મળશે. જેકી ભગનાની અને વાસુ ભગનાની આ ફિલ્મને પૂજા એન્ટરટેઈનમેન્ટ હેઠળ પ્રોડ્યુસ કરી રહ્યા છે. આ ફિલ્મ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.







### નવા વર્ષે બેક-ટુ-બેક 3 ફિલ્મો સાઈન કર્યાનો ખુલાસો

## અભિનેત્રી શ્રદ્ધા કપૂરની કિસ્મત ચમકી!

**સ્ત્રી-૨ સાથે રહસ્યમય મહિલા તરીકે સિલ્વર સ્ક્રીન પર પાછી ફરી હતી**

વર્ષ ૨૦૨૪ બોલિવૂડ બ્યૂટી શ્રદ્ધા કપૂર માટે આકર્ષક રહ્યું છે. સ્ત્રી-૨ સાથે રહસ્યમય મહિલા તરીકે સિલ્વર સ્ક્રીન પર પાછી ફરી હતી. જેમાં રાજકુમાર રાવ અભિનીત આ હોરર કોમેડી ફિલ્મ કોર્ડ બ્રેક કલેક્શન સાથે બોક્સ ઓફિસ પર મોટું કલેક્શન કર્યું હતું. શ્રદ્ધા અને રાજે તેમની મનમોહક કેમિસ્ટ્રીથી ચાહકોને મંત્રમુગ્ધ કર્યા હતાં, અક્ષયકુમાર, વરુણ ધવન અને તમન્ના ભાટિયાના આશ્ચર્યજનક કેમિયોએ પણ દરેકને આશ્ચર્યચકિત કર્યા હતાં. પરંતુ સ્ત્રી-૨ને રિલીઝ થયાને ચાર મહિનાથી વધુ સમય થઈ ગયો છે અને હવે નેટીઝન્સ શ્રદ્ધાની આગામી ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂ અભિનેત્રીએ તેની આગામી આવનારી ફિલ્મો વિશે જણાવ્યું હતું કે, તેણે ત્રણ ફિલ્મો સાઈન કરી છે. પરંતુ અત્યાર સુધી સત્તાવાર જાહેરાત કરાઈ નથી. ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે, શું અમને ૨૦૨૫ની શરૂઆતમાં તમારા વિશે વધુ માહિતી મળશે તો શ્રદ્ધાએ જવાબ આપ્યો કે ચોક્કસ, ચાહકો માટે સારા સમાચાર છે. ઘણા ઈન્ટરનેટ યુઝર્સે



આ વીડિયો જોયા બાદ શ્રદ્ધાના અભિનય કૌશલ્યની ટીકા કરી હતી. જેમાં એક યુઝરે કહ્યું કે, શ્રદ્ધા બધા ફિલ્મમાં એક જ જેવી એક્ટિંગ કરતી જોવા મળશે. જ્યારે અન્ય એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું, તે ભલે સારી અભિનેત્રી ન હોય પરંતુ તે ચોક્કસપણે એક એન્ટરટેઈનર છે. એક અદભૂત ડાન્સર, તેની મોટાભાગની ફિલ્મોએ સારો દેખાવ કર્યો હતો. તેણે લોકોમાં પોતાની ઓળખ બનાવી છે. હું ઈચ્છું છું કે તે પોતાની એક્ટિંગમાં પણ સુધારો કરે.શ્રદ્ધા કપૂરે સોશિયલ મીડિયા પર તેની તસવીરો શેર કરી છે. અભિનેત્રીએ તેના સૌશિયલ મીડિયા હેન્ડલ પર વર્ષ ૨૦૨૫ની શાનદાર શરૂઆત વિશે માહિતી આપી હતી.

### એક્ટર ગોવિંદા ૯૦ના દાયકાનો સુપરસ્ટાર ગણાય છે

## ‘મારી સાથે ડેડ હાજર રહેતા ન હતા, મોંઘી ભેટ આપી લાડ લડાવતા’



**ટીના જ્યારે ટીનેજમાં હતી ત્યારે તેના પિતા તેના વજન અને દેખાવને લઇને ઘણા ચિંતિત રહેતા હતા**

ગોવિંદા ૯૦ના દાયકાનો સુપરસ્ટાર ગણાય છે. તેણે થોકબંધ સફળ ફિલ્મો આપી છે. તે આ ફિલ્મોમાં એટલો વ્યસ્ત હતો કે તેને ઘરમાં સમય આપવાનો સમય જ નહોતો. તાજેતરમાં તેની દિકરી ટીના આહુજાએ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે તે નાની હતી, ત્યારે મોટા ભાગે તેના પિતા ગેરહાજર રહેતા હતા અને તે દિકરીના સ્કૂલના કાર્યક્રમોમાં પણ ભાગ લઈ શકતા નહોતા. તેથી તેનું સાટું વાળવા એ ટીના માટે ભેટસોગાદો લાવી આપીને તેને લાડ કરાવતા હતા. તેની સાથે તેના દરેક કાર્યક્રમમાં તેની માતા જ હાજર રહેતી હતી. આગળ ટીનાએ જણાવ્યું કે તેના પિતા તેના માટે ઘણી ભેટ લાવતા હતા, તેમને એવું લાગતું હતું કે આ રીતે ભૌતિક વસ્તુઓ લાવી આપવાથી તેમના પ્રત્યેનો દિકરીનો પ્રેમ વધી જશે. પરંતુ ટીનાને એવું લાગતું નહોતું. આ જ ઈન્ટરવ્યૂમાં ટીનાએ એમ પણ કહ્યું કે, ટીના જ્યારે ટીનેજમાં હતી ત્યારે તેના પિતા તેના વજન અને દેખાવને લઈને ઘણા ચિંતિત રહેતા હતા. તેણે કહ્યું કે તેના પિતા તેને વારંવાર વજન ઘટાડવા કહેતા હતા અને તેના વધતા પેટને વારંવાર નિશાન બનાવતા હતા. આ દરમિયાનની એક યાદ તાજી કરતા ટીનાએ કહ્યું કે એક વખત તેઓ સ્વિટ્ઝર્લેન્ડ ફરવા ગયા હતા, જ્યાં તેને દૂધ અને હોટ ચોકલેટ બહુ ભાવતા હતા. ત્યાંથી તેઓ લંડન પહોંચ્યા તો તેના પેન્ટ તેને ફિટ થવા માંડ્યા હતા. ત્યારે તેના પિતાએ કહ્યું હતું કે છોકરીઓએ સુંદર દેખાવું જોઈએ અને પોતાનું વજન હંમેશા જાળવી રાખવું જોઈએ. અન્ય સ્ટાર કિડ્સની જેમ ફિલ્મોમાં ટીના જોવા મળતી નથી. આમ છતાં સોશિયલ મીડિયા પર તે જાણીતી છે. તાજેતરના સમયમાં ટીનાએ સોશિયલ મીડિયા પર ઘણા ટ્રોલિંગ અને વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

# મારામાં અલગ અલગ પાત્રો કરવાની ભૂખ છે, હવે કામની ભૂખ નથી રહી: દીક્ષા જોશી

**દિક્ષા જોશીએ જણાવ્યું, પાત્ર તમને જીવનમાં ઘણું શીખવે છે અને જીવન તમને પાત્રને જીવતા શીખવે છે**



કાશી રાઘવ એ એવી ગુજરાતી ફિલ્મ છે, જેનું ગુજરાત સાથે કોલકાતામાં શૂટ થયું અને ઘણા નવા વિષય સાથે આ ફિલ્મ આવી રહી છે. તેમાં રેખા ભારદ્વાજ જેવા કલાકારોએ ગીત ગાયું છે. આ ફિલ્મમાં દીક્ષા જોશી અને ડિરેક્ટર ધ્રુવ ગોસ્વામીએ નવગુજરાત સમય સાથે વાત કરી હતી. દિક્ષા જોશીએ જણાવ્યું, ‘‘પાત્ર તમને જીવનમાં ઘણું શીખવે છે અને જીવન તમને પાત્રને જીવતા શીખવે છે. ૨૦૨૪નું વર્ષ મારા માટે આ પ્રકારના પરિવર્તનનું રહ્યું છે. મેં આ આખું વર્ષ મારી ઈનસિક્યોરિટી અને મારી જાત પર કામ કર્યું છે, મારો આત્મવિશ્વાસ વધી ગયો છે. હું હવે કોઈ પણ સ્થિતિનો સામનો કરવા અને તેમાંથી વધુ મજબૂત થઈને બહાર આવવા તૈયાર છું, કાશી પણ આવી જ છે. હવે હું વધુ સંવેદનશીલ બની છું. આ ફિલ્મના કેટલાંક દૃશ્યો એવા હતાં કે, એક સ્ત્રી તરીકે આ દેશની દરેક સ્ત્રીને સ્પર્શી જશે.’’ ‘‘આ દેશમાં ઘણી વખત સ્ત્રીઓને એ પણ ખબર નથી કે તેમના અધિકારો કયા છે. મેં સાઈકો ડ્રામેટીસ્ટની તાલીમ શરૂ કરી પછી હું એટલી દુઃખી વાર્તાઓ અને ઘટનાઓમાંથી પસાર થઈ છું કે હવે હું કોઈની પણ વાત સાથે મારી જાતને જોડી શકું છું. આ રીતે કાશીનું દુઃખ પણ મને પોતાનું લાગવા લાગ્યું છે. આ ફિલ્મમાં મારી દિકરીનો રોલ કરતી પિહુએ જ્યારે પહેલી વખત મારો હાથ પકડ્યો ત્યારે મને એવો અહેસાસ થયો, જે જીવનમાં પહેલાં ક્યારેય નહોતો થયો. એમાંથી મને કાશી જેવી મા મળી ગઈ. આમ આ ફિલ્મ સાથે હું એક વ્યક્તિ તરીકે પણ વિકસી છું.’’‘‘મારામાં અલગ અલગ પાત્રો કરવાની ભૂખ છે અને આ પ્રોસેસમાં રહેવાની ભૂખ છે. મને હવે કામની ભૂખ નથી રહી. હું એવું શું કરી શકું, જે મને સ્પર્શી જાય એવું કામ મારે કરવું છે. હું એક બે વર્ષે એક ફિલ્મ કરીશ જે નાના બજેટની હશે, પણ મને એ પાત્રમાં કેવું જીવન જીવવા મળશે એ મારે જીવવું છે. એના જ પરિણામે મેં ‘મારણ’, ‘કાશી રાઘવ’ અને ‘ઉંબરો’ કરી. મેં છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાર્થના કરી હતી એવા અંદરથી મને હલાવી નાંખે એવા પાત્ર કરવા મળ્યા મને. મારા માટે દર વખતે નવા પડકાર હતા અને મારું મન સંતોષથી ભરાઈ જાય એવી સ્થિતિ છે.’’ડિરેક્ટર ધ્રુવ ગોસ્વામીએ કહ્યું,‘‘આ ફિલ્મના પાંચેય પાત્રોની વાત કરું તો રાઘવ માટે મને જયેશ મોરે તો પહેલાંથી જ દેખાતા હતા. પરંતુ દિક્ષા માટે તો મને દૂર દૂર સુધી કોઈ વિચાર નહોતો. પરંતુ મારા મ્યુઝિક ડિરેક્ટરે દિક્ષા અને સુહર્દ સાથે એક શોર્ટ ફિલ્મ કરી હતી. એમાં એક શોટ હતો, જેમાં મને દિક્ષામાં કાશી અનુભવાઈ.

## જ્યારે બ્રેકઅપ થયું ત્યારે સમજાયું કે પ્રેમ નહીં, ક્રશ હતો



થોડા દિવસો પહેલા ક્રિતિ સેનન બિઝનેસમેન કબીર બહિયા સાથે ક્રિસમસ સેલિબ્રેટ કરતી જોવા મળી હતી. ક્રિતિએ તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર સેલિબ્રેશનની આ તસવીરો પણ શેર કરી છે. તાજેતરમાં જ ક્રિતિ એક પોડકાસ્ટમાં જોવા મળી હતી. આ પોડકાસ્ટમાં તેણે કરિયર અને અંગત જીવન વિશે ઘણી વાતો કરી હતી. સાથે સાથે પ્રેમને લઈને પોતાની લાગણીઓ શેર કરી હતી. ક્રિતિ સેનનને પોડકાસ્ટમાં તેના પ્રથમ ક્રશ વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે ‘હું માત્ર ત્યારે જ મારી વાત સાંભળું છું જ્યારે પ્રેમની વાત આવે છે. હું આ મામલે કોઈનું સાંભળતી નથી. જ્યારે હું અગિયારમાં ધોરણમાં હતી ત્યારે મારો પ્રથમ ક્રશ એક ઊંચો છોકરો હતો. હું ઘણી વખત તેની તરફ જોતી અમે બંને એકબીજાને પસંદ કરતા હતા. તે છોકરો મારા માતાના ફોન પર ફોન કરતો હતો. મારી માટે મારા માતાથી આ વાત છુપાવવી ખૂબ મુશ્કેલ હતી.’ ક્રિતિ તેના પ્રથમ ક્રશને યાદ કરીને ખૂબ હસવા લાગી હતી. ક્રિતિનો પ્રથમ ક્રશ સાથેનો સંબંધ તૂટી ગયો. પોડકાસ્ટમાં ક્રિતિએ જણાવ્યું કે, ‘જ્યારે બ્રેકઅપ થયું ત્યારે હું ખૂબ રડી હતી. પાછળથી મને સમજાયું કે આ પ્રેમ નથી, આ માત્ર એક ક્રશ હતો.ક્રિતિ સેનને આ વર્ષે ત્રણ ફિલ્મોમાં કામ કર્યું હતું, જેમાં તેરી બાતો મેં ઐસા ઉલ્ઝા જિયા, ક્રૂ અને દો પત્તીનો સમાવેશ થાય છે. ફિલ્મમાં અભિનયની સાથે ક્રિતિએ પ્રોડ્યુસર તરીકે પણ કામ કર્યું છે. ભવિષ્યમાં તે પોતાના પ્રોડક્શન હાઉસ હેઠળ વિવિધ ફિલ્મો બનાવવા માગે છે.

### શાલિનીએ ગૌરી અને શાહરુખ સાથની પોતાની લાઇફ અંગે વાત કરી

## ગૌરી ખાન લગ્ન પછી મારા માટે સૌથી મોટી તાકાત બની: શાલિની



**તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં શાલિનીએ કહ્યું કે, તેનો હસબન્ડ સંજય પસ્સી શાહરૂખ અને ગૌરી સાથે મોટો થયો છે**

ઓટીટી પર આવેલા વધુ એક રિયાલિટી ડોક્યુમેન્ટ્રી એન્ડ લાઈફ સ્ટાઈલ શો ‘ફેબ્યુલસ લાઈવ્ઝ ઓફ બોલિવૂડ વાઈવ્ઝ’ દરમિયાન શાલિનીએ ગૌરી અને શાહરુખ સાથની પોતાની લાઈફ અંગે વાત કરી હતી. તેણે કહ્યું કે તેનો પતિ સંજય પસ્સી દિલ્હીમાં ગૌરી ખાનનો પડોશી હતો. તેમજ તેણે શાહરૂખ સાથે કોલેજમાં અભ્યાસ કર્યો હતો. શાલિનીએ કહ્યું હતું કે કઈ રીતે શાહરૂખ અને ગૌરીએ તેને હંમેશા સહકાર આપ્યો છે, ખાસ તો એ જ્યારે યુવાન હતી અને તેણે સંજય સાથે લગ્ન કર્યા ત્યારે.તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં શાલિનીએ કહ્યું કે, તેનો હસબન્ડ સંજય પસ્સી શાહરૂખ અને ગૌરી સાથે મોટો થયો છે, જેઓ સંબંધો નિભાવવામાં ઘણા સારા છે. જ્યારે પોતાના વિશે તેણે કહ્યું કે તે થોડી મૂડી છે અને ક્યારેક તેના કારણે સંબંધો જાળવી રાખવામાં કાચી પડે છે. તે બીજા લોકો માટે હંમેશા હાજર રહે છે, છતાં ક્યારેક તેના મૂડને કારણે સંબંધોમાં અસર થાય છે.આગળ શાલિનીએ કહ્યું કે શાહરૂખ અને ગૌરી સાથેના તેના સબંધો તેના અન્ય મિત્રો કરતા ઘણા અલગ છે. તેણે શાહરૂખ અને ગૌરીને એવા દંપતિ ગણાવ્યા હતા જેમણે મુંબઈ જઈને સફળતા મેળવીને પોતાની અલગ દુનિયા બનાવી છે. છતાં તેઓ પોતાના જૂના મિત્રો સાથે સંબંધ જાળવી રાખે છે. ગૌરી હંમેશા શાલિની માટે તાકાત બની રહી છે. ખાસ તો તેણે બહુ યુવાન વયે સંજય સાથે લગ્ન કરી લીધા ત્યારે ગૌરીએ તેને ઘણો સહકાર આપ્યો હતો. શાલિની ગૌરીની ઈમાનદારીને વખાણે છે અને માને છે કે તે ગૌરી પર સંપૂર્ણ વિશ્વાસ મુકી શકે છે અને તેને વિશ્વાસ છે કે તેમનો તેને ૧૦૦ ટકા દિલથી ટેકો મળશે.

# દક્ષિણપૂર્વ એશિયાના ઉત્પાદક પ્રદેશોઃ વિયેટનામ, કંબોડિયા, મયનમાર

## આ દેશનાં મોટા ભાગનાં નાગરિકો આ વિસ્તારમાં પરંપરાગત રીતે સંગઠિત રહીને જીવનવ્યાપાર ચલાવે છે

દક્ષિણપૂર્વ એશિયાએ એક એવી વિસાળ અને વૈવિધ્યસભર ભૂમિ છે જ્યાં મકાન અને ઉત્પન્ન કરતી ઉદ્યોગો માટે ખૂબ સસ્તા કામકાજના ખર્ચે વિવિધ દેશો પ્રગતિ કરે છે. તેમાં ખાસ કરીને વિયેટનામ, કંબોડિયા અને મયનમાર દેશો ફેશન અને કપડાંના ઉત્પાદન માટે જાણીતા છે. આ પ્રદેશોમાંથી ઘણા બ્રાન્ડ્સ અને કંપનીઓ તેમના ઉત્પાદન માટે આ દેશોને પસંદ કરે છે, કારણકે અહીં સસ્તા મજૂરી ખર્ચ, ઓછી ઉત્પાદન ખર્ચ અને અનુકૂળ નીતિઓને કારણે વિદેશી બજારોમાં સસ્તા કપડાં ઉપલબ્ધ થાય છે. ૧. વિયેટનામ, વિયેટનામએ દક્ષિણપૂર્વ એશિયાના એક મહત્વપૂર્ણ કપડાં ઉત્પાદક દેશ છે. વિયેટનામે છેલ્લા દશકામાં મોટા પાયે કટોકટી કરી છે અને વૈશ્વિક કાપડ ઉત્પાદનમાં તેની ભાગીદારી વધારી છે. અહીંની મજૂરી ઊંચી મનોરથના મજૂરી ખર્ચના સસ્તી હોય છે, જેના કારણે વિયેટનામમાં ઉત્પાદિત કપડાં વિશ્વભરિ માંગ માટે ઉતારતા હોય છે. ફેક્ટરીઓ અને ઉત્પાદનઃ



વિયેટનામમાં ઘણા વૈશ્વિક ફેશન બ્રાન્ડ્સ, જેમ કે Nike, Adidas, H&M, Uniqlo, Zara વગેરે, તેમની વિશાળ સપ્લાય ચેઈન માટે ફેક્ટરીઓ ચલાવે છે. કોષ્ટકોઃ સસ્તા મજૂરીના કારણે, વિયેટનામમાં કાપડ અને પહેરવાની સામગ્રીની મેન્યુફેક્ચરિંગ કિંમત ઓછી છે, જે ઓછા કિંમતે ગુણવત્તાવાળી વસ્તુઓ પ્રદાન કરે છે. ૨. કંબોડિયા, કંબોડિયા પણ એક મહત્વપૂર્ણ કપડાં ઉત્પન્ન કરતી સ્થાન છે. દેશમાં મજબૂત મજૂરી બળ અને ઓછા મજૂરી ખર્ચના કારણે, ઘણા દેશો અહીંના ફેક્ટરીઓમાંથી મેન્યુફેક્ચર કરાવવામાં રસ ધરાવે છે. કમાવેલા ખર્ચઃ સસ્તી મજૂરી ખર્ચ, જે સાથોસાથ એક મજબૂત કોટારણું પ્રદાન કરે છે, આ દેશ માટે ફેશનની દુનિયામાં સસ્તી કિંમતે કાપડ સપ્લાય કરવાનું શક્ય બનાવે છે. લોગિસ્ટિક્સ અને ટ્રેડિંગઃ ઘણાં વૈશ્વિક બ્રાન્ડ્સ (જેમાં Gap, H&M, Levi's, Nike) કંબોડિયાના મેન્યુફેક્ચરિંગ યુનિટ્સમાંથી કપડાં મંગાવે છે. ૩. મયનમાર, મયનમાર એ પણ એક એવો દેશ છે જ્યાં મજૂરી ખર્ચ ઊંચા દેશોની તુલનામાં ઓછો છે. મયનમારનો કપડાં ઉદ્યોગ વર્ધમાન છે અને ઘણા દેશો અને કંપનીઓ અહીં પોતાનું ઉત્પાદન શરૂ કરી રહી છે. ઉત્પાદન ક્ષેત્રઃ મયનમારમાં મેન્યુફેક્ચરિંગ માટે સસ્તા કાચામાલ અને મજૂરી ઉપલબ્ધ છે. આ વાતને ધ્યાનમાં રાખીને, ઘણા વૈશ્વિક બ્રાન્ડ્સ માટે મયનમાર એક આકર્ષક પ્રદાન છે. કુલ ખર્ચમાં ઘટાડોઃ મયનમારમાં ઓછા મજૂરી ખર્ચો અને ઓછા નિકાસ કરનો ખર્ચ એ એક મોટું આકર્ષણ છે. કપડાંના ઉત્પાદનમાં સ્પષ્ટ લાભો, સસ્તી મજૂરીઃ આ દેશોમાં મજૂરી ખર્ચ એ પ્રધાન કારણ છે કે વૈશ્વિક બ્રાન્ડ્સ અહીં મોટા પાયે ઉત્પાદન માટે આધાર રાખે છે. સામાન્ય રીતે, દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં મજૂરી ખર્ચ પશ્ચિમી દેશોની તુલનામાં ઘણી મર્યાદિત હોય છે.

### તેના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પડકારો

દક્ષિણપૂર્વ એશિયાના ઘણા દેશોમાં લોકોને કામ કરવાની મોટી ઇચ્છા હોય છે, અને તે વિવિધ વ્યવસાયોમાં મૌલિક તાલીમ મેળવવામાં રસ ધરાવે છે, જે તેમને ફેક્ટરી અને મેન્યુફેક્ચરિંગ નોકરીઓમાં પસંદગી બનાવે છે. ફેક્ટરીઓની લવચીકતાઃ આ દેશમાં નાના અને મધ્યમ કદના ફેક્ટરીઓ પ્રચલિત છે, જે ટૂંકા સમયમાં ટ્રેન્ડી અને વૈશ્વિક બ્રાન્ડ્સ માટે નવી અને જુદી-જુદી સ્ટાઈલના કપડાં બનાવી શકે છે.

આમા થોડી વસતી એ એવી વસતી છે, જ્યાં લોકો મજૂરી માટે નોકરી કરતાં હોય છે અને આ ઠેકાણે સામાન્ય રીતે જીંદગી માટે જરૂરી વસ્તુઓ જેવી કે ઘરની મકાન, ખોરાક અને આરોગ્ય સેવાઓ માટે મોટા પડકારો સામે હોતા હોય છે. આ વિસ્તારની વસ્તી માટે ન્યાય અને સમાનતાના અભાવ જેવી સમસ્યાઓ ઊભી રહી શકે છે. આ વિસ્તારોના લોકો માટે ખાસ કરીને કૃષિ કામકાજ, ખેતરો, મજૂરી, અને ઘરેણાં બનાવવું, મજૂરી માટે ગુરુત્વ ધરાવતી આર્થિક પ્રવૃત્તિઓ છે.

આ વસ્તી ઘણીવાર વીમુક્ત અથવા અનોખા પ્રકારના કામકાજ કરતી હોય છે જેમ કે ખેતરો પર કામ કરવું, ખોરાક વેચવાનું, નાની મેન્યુફેક્ચરિંગ ક્રિયાઓ અથવા બીલ્ડિંગમાં મજૂરી કામ કરવું. આ વિસ્તારોમાં શૈક્ષણિક સંસાધનો અને આરોગ્ય સેવાઓ મર્યાદિત હોય છે. ખાસ કરીને આવા વસ્તીથી સંબંધિત લોકો માટે ઊંચી શિક્ષણ અને આરોગ્ય સંબંધી સાધનોની સમસ્યાઓ ભવિષ્યમાં સફળતા માટે અવરોધરૂપ બની શકે છે. શિક્ષણઃ આ વિસ્તારના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ મેળવવાનું એક મોટું પડકાર બની શકે છે. આથી, બાળકોના ભાવિ પર ગંભીર અસર પડી શકે છે.

# વિશ્વની સૌથી મોટી તોપ, જેને ખેંચીને હાથી પણ થાકી જાય

**જયબાણ તોપનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આ વિશાળ તોપને હાથી દ્વારા જ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે**



પ્રાચીન સમયથી યુદ્ધમાં શસ્ત્રોનું પ્રભુત્વ છે. સૈન્ય પાસે જે શસ્ત્રો છે તે મુજબ યુદ્ધ લડવામાં આવે છે. કેટલાક શસ્ત્રો એવા હોય છે જે લગભગ દરેક યુદ્ધમાં મહત્વપૂર્ણ હોય છે. તોપની જેમ, તેનો એક ગોળો ઘણા લોકોને નુકસાન પહોંચાડે છે. પ્રાચીન સમયમાં, તોપ યુદ્ધનો એક મહત્વપૂર્ણ ભાગ હતો અને આજે પણ તોપ સેનાઓ પર પ્રભુત્વ ધરાવે છે. બાબરે પ્રથમ વખત તોપનો અસરકારક ઉપયોગ કર્યો હતો. આવી જ એક અનોખી તોપ, જે હજુ પણ સુરક્ષિત સ્થિતિમાં રાખવામાં આવી છે. તેને વિશ્વની સૌથી મોટી તોપ કહેવામાં આવે છે.

આજે પણ જયપુરના જયગઢ કિલ્લામાં જયબાણ તોપ સુરક્ષિત રાખવામાં આવી છે. જયબાણ તોપ મહારાજા સવાઈ જયસિંહ II (૧૬૯૯-૧૭૪૩) ના શાસન દરમિયાન જયગઢમાં બનાવવામાં આવી હતી. તેણે તેના સામ્રાજ્યના રક્ષણ માટે તેનું નિર્માણ કર્યું હતું. આ એકમાત્ર વિશાળ તોપ છે, જે યુદ્ધ માટે બનાવવામાં આવી હતી. પરંતુ, આ તોપનો ઉપયોગ ક્યારેય યુદ્ધ માટે થયો જ નહીં. જયબાણ તોપનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આ વિશાળ તોપને હાથી દ્વારા જ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે. જયબાણ તોપના બેરલની લંબાઈ ૬.૧૫ મીટર (૨૦.૨ ફૂટ) છે. અને તેનું વજન ૫૦ ટન છે. બેરલની ટોચની નજીકનો પરિઘ ૨.૨ મીટર (૭.૨ ફૂટ) છે અને પાછળનો પરિઘ ૨.૮ મીટર (૯.૨ ફૂટ) છે. બેરલનો બોર વ્યાસ ૧૧ ઈંચ છે. ટોચ પર બેરલની જાડાઈ ૮.૫ ઈંચ છે. આ તોપ કિલ્લાની અંદર જ બનાવવામાં આવી હતી. જયબાણ તોપ બે વિશાળ પૈડા પર બનાવવામાં આવી હતી.

**આ તોપનો ઉપયોગ ક્યારેય યુદ્ધ માટે થયો જ નહીં**

આમાં એક વ્હીલનો વ્યાસ લગભગ ૧.૩૭ મીટર (૪.૫ ફૂટ) છે. આ ઉપરાંત, વાહનમાં પરિવહન માટે બે દૂર કરી શકાય તેવા વધારાના વ્હીલ્સ પણ છે, જેનો વ્યાસ લગભગ ૯ ફૂટ છે. આશરે ૧૦૦ કિલો ગનપાઉડર સાથે ૫૦ કિલો વજનના શેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટ્રાયલ તરીકે એક વખત ચલાવવામાં પણ આવી હતી. એવું માનવામાં આવે છે કે, જયબાણ તોપનું માત્ર એક જ વાર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યારે તે ફોડવામાં આવી ત્યારે તે શેલ લગભગ ૩૫ કિલોમીટર દૂર આવેલા ચક્ષુ નામના નગરમાં પડ્યો હતો અને ત્યાં પડતાં તળાવનું નિર્માણ થયું હતું. જયપુરના જયગઢ કિલ્લામાં ઘણી ઐતિહાસિક વસ્તુઓ છે. પરંતુ, સૌથી કિંમતી જયબાણ તોપ છે. તેને જોવા માટે હજારો પ્રવાસીઓ અહીં આવે છે. જયબાણ તોપ જોવા માટે એક ટિકિટ ૫૦ રૂપિયા છે. આ તોપ એટલી મજબૂત બનાવવામાં આવી છે કે, વર્ષો પછી પણ તેને કાટ લાગ્યો નથી. આ તોપ હજુ પણ એવી જ દેખાય છે. જયબાણ તોપ જયપુરના રાજાઓ માટે બ્રહ્માસ્ત્રથી ઓછી ન હતી. આથી આજે પણ રાજવી પરિવાર દ્વારા તહેવારો દરમિયાન આ જયબાણ તોપની પૂજા કરવામાં આવે છે.

**ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના એક સંશોધનમાં જાણવા મળ્યું**

# ૬૦ ટકા ભારતીય બાળકો મગજની ઈજાને કારણે મૃત્યુ પામે છે

## આ સ્થિતિ સાથે જન્મેલા શિશુઓમાં મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ HIE છે, જે દર વર્ષે આશરે 3 મિલિયનને અસર કરે છે




એક સંશોધનમાં સામે આવ્યું છે કે ૬૦ ટકા ભારતીય બાળકો મગજની ઈજાને કારણે મૃત્યુ પામે છે. હવે આ સંશોધનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે સામાન્ય રક્ત પરીક્ષણ દ્વારા ઈજાને સરળતાથી શોધી શકાય છે. તેમજ ઈજા પાછળનું કારણ પણ જાણી શકાશે. તે ભારતમાં જીવલેણ રોગના દરજ્જે પહોંચી રહ્યું છે. આ સંશોધનમાં ઘણા કારણો સૂચવવામાં આવ્યા છે, જેમાંથી એક હાયપોક્સિક-ઈસ્કેમિક એન્સેફાલોપથી છે. આ પ્રકારની મગજની ઈજા ત્યારે થાય છે જ્યારે બાળકને જન્મ પહેલાં અથવા તરત જ પૂરતો ઓક્સિજન મળતો નથી. જેટલું તેમને મળવું જોઈએ.

આ સ્થિતિ સાથે જન્મેલા શિશુઓમાં મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ HIE છે, જે દર વર્ષે આશરે ૩ મિલિયનને અસર કરે છે. ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના સંશોધકોએ જનીન અભિવ્યક્તિની પેટર્ન શોધી કાઢી હતી જે લોહીમાં શોધી શકાય છે. ઈજાનું કારણ સૂચવી શકે છે અને ડોકટરોને કહી શકે છે કે શું નવજાતની સારવાર કરી શકાય છે. સંશોધકોએ જણાવ્યું હતું કે ઓક્સિજનની અછતને કારણે મગજની ઈજા કલાકોથી મહિનાઓ સુધી પ્રગતિ કરી શકે છે અને મગજના વિવિધ ભાગોને અસર કરી શકે છે. જે માથાનો દુખાવો, વાઈ, બહેરાશ અથવા અંધત્વ જેવી વિવિધ સંભવિત ન્યુરોડિસેબિલિટીમાં પરિણમી શકે છે.

આ સંશોધન વધુમાં જણાવે છે કે આ રોગનો ભાર દક્ષિણ એશિયા અને ખાસ કરીને ભારતમાં સૌથી વધુ છે. વિશ્વમાં HIE સંબંધિત તમામ મૃત્યુમાં આ દેશનો હિસ્સો ૬૦ ટકા છે. ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના સંશોધકોએ જનીન અભિવ્યક્તિની પેટર્ન શોધી કાઢી હતી જે લોહીમાં શોધી શકાય છે. ઈજાનું કારણ સૂચવી શકે છે અને ડોકટરોને કહી શકે છે કે શું નવજાતની સારવાર કરી શકાય છે. સારવારને પ્રતિસાદ આપી શકે છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે મગજની ઈજાની સારવાર માટે થાય છે. JAMA નેટવર્ક ઓપન જર્નલમાં પ્રકાશિત, એક સરળ પરીક્ષણ નવજાત શિશુમાં મગજની ઈજાના પ્રારંભિક નિદાન તરફ દોરી શકે છે અને સારવારના નિર્ણયોમાં મદદ કરી શકે છે. અભ્યાસમાં ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો તેમજ ઉચ્ચ આવક ધરાવતા દેશો ના બાળકોનો સમાવેશ થાય છે.


**આ આર્ટ ખરીદનારનું નામ જસ્ટિન સન છે**

# 52 કરોડમાં વેચાઇ ગયું છે આ દિવાલ પરનું કેળું



## ઈટાલિયન કલાકાર મૌરિઝિયો કેટેલનનું આર્ટ વર્ક 'કોમેડિયન' કે જે દિવાલ પર ટેપથી ચિપકાવેલું કેળુ હતું

પ્રખ્યાત ઈટાલિયન કલાકાર મૌરિઝિયો કેટાલાન દ્વારા બનાવવામાં આવેલ એક અનોખી આર્ટ વર્ક, જેમાં દિવાલ પર તાજું કેળું અટવાયું હતું, બુધવારે એક હરાજીમાં રૂ. ૫૨ કરોડ ($6.2 મિલિયન)માં વેચાયું હતું. કેળુ તો લગભગ બધાએ ખાધું હશે. એક ડઝન કેળા બજારમાં ૫૦-૭૦ રૂપિયામાં સરળતાથી મળી જાય છે, પરંતુ અમે તમને જણાવીએ કે એક કેળુ ૫૨ કરોડ રૂપિયામાં વેચાયું તો શું તમે વિશ્વાસ કરશો? ભલે તમને વિશ્વાસ ન આવે પરંતુ આ સત્ય છે. વિશ્વના સૌથી મોંઘા કેળાની કિંમત ૬૨ લાખ ડોલર એટલે કે આશરે ૫૨ કરોડ રૂપિયા આંકવામાં આવી. પરંતુ આ કેળુ ખાવાનું નથી, પરંતુ એક આર્ટિસ્ટે પોતાની આર્ટમાં ઉપયોગ કર્યું છે. ઈટલીના કલાકાર મોરિઝિયો કેટેલનની કૃતિ 'કોમેડિયન' જે દીવાલ પર ટેપથી ચોંટાડેલું એક કેળુ હતું, તેની ન્યૂયોર્કના સોથબીમાં ૬૨ લાખ ડોલરમાં હરાજી થઈ છે. આ આર્ટ માટે વિશ્વભરના લોકોએ બોલી લગાવી હતતી. તે પોતાની



સાદગી માટે ખુબ ચર્ચામાં રહ્યું. આ આર્ટમાં એક કેળુ ટેપથી દીવાલ પર ચોંટાડેલું છે. તેની હરાજી આઠ લાખ ડોલરથી શરૂ થઈ, જે માત્ર ૫ મિનિટમાં ૫.૨ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ હતી. ત્યારબાદ તેને ૬.૨ મિલિયન ડોલરમાં ખરીદવામાં આવ્યું. આ રીતે તે વિશ્વનું સૌથી મોંઘુ કેળુ બની ગયું, જે ભારતીય રૂપિયામાં ૫૨ કરોડમાં વેચાયું છે. આ આર્ટને ખરીદનાર ક્રિપ્ટોક્યુરેન્સી પ્લેટફોર્મ ટોર્નના સંસ્થાપક જસ્ટિસ સન છે. તેમણે ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરી દીવાળ પર ટેપથી ચોંટાડેલા કેળાના આર્ટને ખરીદ્યુ. છહિં.ર્ષ્દ્ઘ અનુસાર ખરીદ્યા બાદ હવે જસ્ટિન સન એક નવી જવાબદારી પણ સંભાળશે. હકીકતમાં તેમણે સમય સમય પર કેળાને તે આર્ટમાં બદલવું ખુદ પડશે, કારણ કે તે ઓટોમેટિક ખરાબ થઈ જશે અને આર્ટ પણ ખરાબ દેખાશે. આ કારણે તે કેળાને ટેપમાંથી કાઢી થોડા દિવસમાં બદલવું પડશે. ઓક્શન પહેલા તે વાતની પણ ચર્ચા થતી રહી કે કેળાના આર્ટને આટલું અટેન્શન કેમ મળ્યું છે. એક સભ્યએ કહ્યું કે આ રસપ્રદ છે. આ કેળાની છાલ અને વાડેવિલ કોમેડીનો સંદર્ભ છે. તેમાં એવું ઘણું છે જે હસ્વા જેવું છે. આ પહેલું પગલું છે- હાસ્યને ઓળખવું. બીજુ પગલું છે કે મહત્વને ઓળખવું. મહત્વનું છે કે થોડા સમય પહેલા આ આર્ટ ખુબ ચર્ચામાં હતું. હકીકતમાં એક અન્ય આર્ટિસ્ટે કેળુ કાઢીને ખાઈ લીધુ હતું. ૫૨ કરોડ રૂપિયામાં વેચાયું એક કેળું, જાણી લો શું છે ખાસિયતપ. આપણામાંથી મોટા ભાગના લોકોને ફળોમાં કેળા તો ખાધા જ હશે. વાત કરીએ કેળાના ભાવની તો બજારમાં એક ડઝન કેળા ૫૦થી ૭૦ પિયાના ભાવે મળી જાય છે, પરંતુ જો તમને કોઈ કહે કે એક કેળું ૫૨ કરોડ રૂપિયામાં વેચાયું છે તો તમને એ વાત પર વિશ્વાસ થાય ખરો? તમને કદાચ માનવામાં નહીં આવે, પરંતુ આ એક વિચિત્ર લાગતી હકીકત છે. ચાલો જાણીએ આ અનોખી ઘટના વિશેપ વિશ્વના સૌથી મોંઘા કેળાની કિંમત ૬૨ લાખ ડોલર એટલે કે લગભગ ૫૨ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. જોકે, તમને સાંભળીને આશ્ચર્ય થશે પણ આ કેળું ખાવા માટે ન હતું, પરંતુ એક કલાકારે પોતાની કળાને પ્રદર્શિત કરવામાં માટે કેળાનો આ અનોખી રીતે ઉપયોગ કર્યો હતો અને આ આર્ટ વર્કને જોઈને લોકો પણ ચોંકી ઉઠ્યા છે. ઈટાલિયન કલાકાર મૌરિઝિયો કેટેલનનું આર્ટ વર્ક 'કોમેડિયન' કે જે દિવાલ પર ટેપથી ચિપકાવેલું કેળુ હતું. આ કેળાંની ન્યૂયોર્કમાં સોથેબીઝ ખાતે ઈ૬.૨ મિલિયનમાં હરાજી કરવામાં આવી હતી. આ આર્ટ માટે દુનિયાભરના લોકોએ બોલી લગાવી હતી, આ આર્ટ તેની સાદગી માટે ખૂબ ચર્ચામાં રહ્યું હતું.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કરી મુસાફરી

# ભારતની સૌથી ઝડપી ટ્રેનની શરૂઆત, ૪૦ જ મિનિટમાં દિલ્હીથી મેરઠ પહોંચાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે (પાંચમી જાન્યુઆરી) સવારે સાહિબાબાદ અને ન્યૂ અશોક નગર વચ્ચે દિલ્હી-મેરઠ નમો ભારત કોરિડોરના ૧૩ કિલોમીટર લાંબા વધારાના વિભાગનું ઉદ્‌ઘાટન કર્યું હતું. વડાપ્રધાન મોદી સવારે ૧૧.૩૦ વાગ્યે હિંડોન એરબેઝથી સાહિબાબાદ પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાહિબાબાદ આરઆરટીએસ સ્ટેશનથી ન્યૂ અશોક નગર આરઆરટીએસ સ્ટેશન સુધી નમો ભારત ટ્રેનની સવારી પણ કરી હતી. આ દરમિયાન તેઓ બાળકોને મળ્યો હતા. આ બાળકોએ વડાપ્રધાન મોદીને ઘણી ગિફ્ટ્સ આપી હતી, જેમાં પેઈન્ટિંગ્સ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટનથી દિલ્હી અને મેરઠ વચ્ચે મુસાફરીની પ્રક્રિયા સરળ બની જશે. આ માત્ર મુસાફરીના સમયને ઘટાડશે નહીં પરંતુ સલામતી, વિશ્વસનીયતા, હાઈ સ્પીડ અને આરામદાયક મુસાફરીનો અનુભવ પણ આપશે. હવેથી ન્યૂ અશોક નગરથી મેરઠ સાઉથની મુસાફરી વધુ સરળ બની જશે. નમો ભારત ટ્રેન સાંજે ૫ વાગ્યાથી દર ૧૫ મિનિટે મુસાફરો માટે ઉપલબ્ધ રહેશે. સામાન્ય કોચનું ભાડું ૧૫૦ રૂપિયા અને પ્રીમિયમ કોચનું ભાડું ૨૨૫ રૂપિયા હશે. આ કનેક્ટિવિટી સાથે દિલ્હી અને મેરઠ વચ્ચેની મુસાફરી ખૂબ જ આરામદાયક અને સુલભ બની જશે. લાખો મુસાફરોને





આ નવી કનેક્ટિવિટીનો સીધો ફાયદો થશે. પીએમ મોદીએ અંદાજે રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે દિલ્હી મેટ્રો ફેઝ-૪ના જનકપુરી અને કૃષ્ણા પાર્ક વચ્ચેના ૨.૮ કિલોમીટરના સ્ટ્રેચનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

### કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ નારાજ

# પત્નીને ટિકિટ ન આપતાં દિગ્ગજ નેતાએ કોંગ્રેસને રામ-રામ કર્યા

। (એજન્સી) દેહરાદુન, તા.૫ ।

ઉત્તરાખંડમાં ૨૩ જાન્યુઆરીના રોજ નગર નિગમની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં પ્રદેશ કોંગ્રેસના એક દિગ્ગજ નેતાની પત્નીને ટિકિટ ન મળતાં તેમણે પક્ષ સાથે છેડો ફાડી નાખ્યો છે. આ દિગ્ગજ નેતા પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ મથુરા દત્ત જોષી છે. મથુરા દત્ત જોષી શનિવારે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની ઉપસ્થિતિમાં ભાજપમાં સામેલ થયા હતાં. તદુપરાંત કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય તથા રાજ્યના મંત્રી બિટ્ટુ કર્ણાટક અને કોંગ્રેસ નેતા જગત સિંહ ખાટી પણ ભાજપમાં જોડાયા છે. બિટ્ટુ કર્ણાટક રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવતના અંગત સભ્યો પૈકી એક છે. કોંગ્રેસના આ ત્રણેય નેતાઓ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી તથા ભાજપ પ્રદેશ અધ્યક્ષ મહેન્દ્ર ભટ્ટની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાયા હતાં. બિટ્ટુ કર્ણાટક કોંગ્રેસથી નારાજ થયા છે. તેમણે પક્ષના નગર નિગમ ચૂંટણી માટે અલ્મોડામાંથી ટિકિટ ન મળતાં પક્ષ સાથે છેડો ફાડવાનું નક્કી કર્યું હતું. ઉત્તરાખંડમાં ૨૩ જાન્યુઆરીએ યોજાનારી નગર નિગમની ચૂંટણી પહેલાં જ મથુરા જોષીએ પોતાની પત્ની રૂકમણી જોષી માટે ટિકિટ માગી હતી. જે હાલ પિથોરાગઢની જિલ્લા પંચાયતના સભ્ય છે. કોંગ્રેસે મથુરા દત્ત જોષીની પત્નીને ટિકિટ ન આપતાં મથુરા પક્ષથી નાખુશ થયા હતા. મથુરા દત્ત જોષીએ જણાવ્યું કે, હું ૧૯૭૮માં કોંગ્રેસ પક્ષ સાથે જોડાયો હતો. બૂથ સ્તરથી માંડી સંગઠ બનાવવામાં મદદ કરી હતી. પક્ષ હંમેશાથી કામ કરાવતો રહે છે, પરંતુ ક્યારેય તેનુ ઈનામ આપતો નથી.' ઉલ્લેખનીય છે, કોંગ્રેસે મેયર પદ માટે તેમના સાથી સભ્ય અંજુ લુંઠીને ટિકિટ આપી છે. ભાજપમાં જોડાયા બાદ મથુરા દત્તે જણાવ્યું હતું કે, છેલ્લા થોડા વર્ષમાં અંદાજે ૧૦૦૦ લોકોએ પક્ષ છોડ્યો છે. જેના લીધે પક્ષની સ્થિતિ કથળી છે. નોંધનીય છે કે, મથુરા દત્ત જોષી ૨૦૧૪માં મુખ્ય પ્રવક્તા બન્યા હતા.

# મધ્યપ્રદેશમાં ચાર્જિંગ વખતે EVની બેટરીમાં બ્લાસ્ટ

। (એજન્સી) રતલામ, તા.૫ ।

મધ્યપ્રદેશના રતલામના લક્ષ્મણપુર પીએનટી કોલોની સ્થિત એક મકાનમાં મોટો અકસ્માત થયો છે.

ચાર્જિંગ માટે મૂકેલા સ્કૂટરમાં આગ લાગી ગઈ હતી. સ્કૂટરની બાજુમાં જે એક્ટિવા પાર્ક કરેલું હતું તે પણ આગની લપેટમાં આવી ગયું હતું. અકસ્માતમાં એક ૧૧ વર્ષની બાળકીનું મોત થઈ ગયું અને અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થયાં છે. મળતી માહિતી મુજબ, પીએનટી કોલોનીમાં રહેતાં ભગવતી મૌર્ય અને તેના પરિવારના લોકો ઈ-સ્કૂટર ચાર્જિંગમાં મૂકીને સુઈ ગયા હતાં. રાત્રે ચાર્જિંગ પૂરુ થયાં બાદ તેમાં એકાએક આગ લાગી ગઈ અને તેના કારણે બાજુમાં પડેલી એક્ટિવા પણ આગની લપેટમાં આવી ગઈ.

આગ લાગતા સમયે ઘરમાં તમામ સભ્ય સૂઈ રહ્યા હતાં. ધુમાડો થવાથી બાળકીની ઊંઘ ખુલી તો તેણે મદદ માટે બૂમ પાડી. આસપાસના લોકોએ આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો અને ફાયર વિભાગને આ વિશે સૂચના આપી. ફાયર વિભાગે ઘરના સભ્યોને સુરક્ષિત બહાર કાઢ્યા, પરંતુ ૧૧ વર્ષની બાળકી અંતરા ચૌધરી અંદર જ રહી ગઈ હતી. થોડીવાર બાદ બાળકીને પણ બહાર કાઢવામાં આવી, પરંતુ ત્યાં સુધી તે એટલું બળી ગઈ હતી કે તેની અંદર જ મોત થઈ ગઈ હતી. અંતરા પોતાની માતા સોનાલીની સાથે પોતાના નાના ભગવતી મૌર્યના ઘરે આવી હતી. તેને રવિવારે સવારે ગુજરાતના વડોદરામાં પરત આવવાનું હતું.

### તેના કરતા યુવા ખેલાડીઓને તક આપો: ઈરફાન પઠાણ

# વિરાટ કોહલી પર બરાબરનો ભડક્યો પૂર્વ ગુજરાતી ક્રિકેટર

### પૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણનું માનવું છે કે કોહલીને જ્યારે સમય મળે ત્યારે ઘરેલું ક્રિકેટમાં રમવું જોઈએ

। (એજન્સી) સિડની, તા.૫ ।

ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ભારતના સુપરસ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યો ન હતો. તેણે પાંચ ટેસ્ટની ૯ ઈનિંગ્સમાં ૨૩.૭૫ની સરેરાશથી માત્ર ૧૯૦ રન બનાવી શક્યો હતો. જો કે તેણે પહેલી ટેસ્ટમાં સદી ફટકારી હતી. પરંતુ પછી તે પોતાના આ પ્રદર્શનને આગળ વધારી શક્યો ન હતો. તે ઘરઆંગણે રમાયેલી ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં પણ ફ્લોપ રહ્યો હતો. હવે ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે કોહલીની આકરી ટીકા કરી છે. તેણે કોહલીને તેના નિરાશાજનક પ્રદર્શન માટે જવાબદાર ઠેરવ્યો છે. તેણે કોહલીને મહાન બેટર સુનીલ ગાવસ્કરની શરણ લેવાની સલાહ પણ આપી હતી. પઠાણનું માનવું છે કે કોહલીને જ્યારે સમય મળે ત્યારે ઘરેલું ક્રિકેટમાં રમવું જોઈએ. અહીં તમને જણાવી દઈએ કે કોહલી વર્ષ ૨૦૧૨થી ઘરેલું ક્રિકેટ રમ્યો નથી. સિડની ટેસ્ટ મેચમાં ભારતની હાર બાદ પઠાણે કહ્યું હતું કે, ભારતને સુપરસ્ટાર કલ્ચરની જરૂર નથી. ભારતને હવે ટીમ કલ્ચરની જરૂર છે. કૃપા કરીને મને કહો કે વિરાટ કોહલી છેલ્લે ક્યારે ડોમેસ્ટિક ક્રિકેટ રમ્યો હતો? તે વાતનો એક દાયકા કરતાં વધુ સમય થઈ ગયો છે. તે પછી મહાન સચિન તેંડુલકર પણ રમ્યો હતો. જેણે હવે સંન્યાસ લઈ લીધો છે.

### હું ભારતીય છું એટલે આવું કર્યું : સુનિલ ગાવસ્કર

# ઓસ્ટ્રેલિયામાં સુનિલ ગાવસ્કરનું ઘોર અપમાન

### ઓસ્ટ્રેલિયાને ટ્રોફી આપતી વખતે ગાવસ્કરને સ્ટેજ પર આવવાનું આમંત્રણ અપાયું ન હતું જેને લઈને નારાજગી

। (એજન્સી) સિડની, તા.૫ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ૫ ટેસ્ટ મેચની સીરિઝને ભારતે ગુમાવી દીધી છે. મહાન ભારતીય બેટર સુનીલ ગાવસ્કર અને ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ખેલાડી એલન બોર્ડરના સન્માનમાં આ સીરિઝનું આયોજન કરવામાં આવે છે. ૧૦ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયન ટીમે ભારત પાસેથી જીત મેળવી છે. આ સીરિઝની નિર્ણાયક અને છેલ્લી મેચ સિડનીમાં રમાઈ હતી. જેમાં ભારતીય ટીમ માત્ર ત્રણ દિવસમાં હારી ગઈ હતી. ઓસ્ટ્રેલિયાને ટ્રોફી આપતી વખતે ગાવસ્કરને સ્ટેજ પર આવવાનું આમંત્રણ અપાયું ન હતું. જેને લઈને ભારતીય દિગ્ગજ આનાથી નાખુશ થઈ ગયા હતા. ગાવસ્કરે ઓસ્ટ્રેલિયન ટીમને તેમના અને એલન બોર્ડરના નામની ટ્રોફી આપવા માટે આમંત્રણ ન આપવા પર નારાજગી વ્યક્ત કરી છે. પર્થમાં રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં હારી ગયેલી ઓસ્ટ્રેલિયાએ ભારતને પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં છ વિકેટે હરાવીને ૨૦૧૪ પછી પહેલી વખત બોર્ડર ગાવસ્કર ટ્રોફી જીતી હતી.

### ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી કબજે કરી

# સિડની ટેસ્ટ મેચમાં ભારતનો ઓસ્ટ્રેલિયા સામે ૬ વિકેટે પરાજય

### પાંચમી ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયાએ ૬ વિકેટે જીતી : આ જીત સાથે કાંગારૂ ટીમે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઇનલમાં પણ એન્ટ્રી કરી લીધી છે

। (એજન્સી) સિડની, તા.૫ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪-૨૫ની પાંચમી અને અંતિમ મેચ સિડનીમાં રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમને ૬ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમને જીતવા માટે ૧૬૨ રનનો ટાર્ગેટ હતો, જેણે રમતના ત્રીજા દિવસ (૫ જાન્યુઆરી)ના બીજા સેશનમાં હાંસલ કર્યો હતો. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી ૩-૧થી કબજે કરી લીધી. ઓસ્ટ્રેલિયાએ ૯ વર્ષ બાદ ભારત સામે ટેસ્ટ શ્રેણી જીતી છે.

આ જીત સાથે કાંગારૂ ટીમે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પણ એન્ટ્રી મેળવી લીધી છે. હવે WTC ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. ઉઝના વર્તમાન ચક્રની ફાઈનલ આગામી વર્ષે ૧૧-૧૫ જૂન દરમિયાન ક્રિકેટ લોર્ડ્સના મક્કા ખાતે રમાશે. ભારતીય ટીમ સતત બે ફાઈનલ રમી હતી, જ્યાં તેને પહેલા ન્યુઝીલેન્ડ અને પછી ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે ભારતીય ટીમનું ત્રીજી વખત WTC ફાઈનલમાં પહોંચવાનું સપનું ચકનાચૂર થઈ ગયું છે.

સિડની ટેસ્ટમાં ભારતીય ટીમનો બીજો દાવ ૧૫૭ રનમાં સમેટાઈ ગયો હતો. તમને જણાવી દઈએ કે આ મેચમાં ભારતીય ટીમે તેની પ્રથમ ઈનિંગમાં ૧૮૫ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ઓસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ પણ ૧૮૧ રનમાં સમેટાઈ ગયો હતો. એટલે કે પ્રથમ દાવના આધારે ભારતને ચાર રનની લીડ મળી હતી. ભારતે પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચ ૨૯૫ રને જીતી લીધી હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ એડિલેડ ટેસ્ટ ૧૦ વિકેટે જીતી હતી. આ પછી બ્રિસબેન ટેસ્ટ ડ્રો રહી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયાએ મેલબોર્ન ટેસ્ટ ૧૮૪ રને જીતી હતી.

લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાની શરૂઆત સારી રહી હતી અને તેણે માત્ર ૩.૪ ઓવરમાં ૩૯ રન બનાવી લીધા હતા. અહીંથી પ્રસિદ્ધ કૃષ્ણાએ ભારતીય ટીમને વાપસી કરવા માટે નેતૃત્વ કર્યું હતું. પ્રસિદ્ધે પહેલા સેમ કોન્સ્ટાસ (૨૨)ને વોશિંગ્ટન સુંદરના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. પછી તેણે માર્નસ લેબુશેન (૬) અને સ્ટીવ સ્મિથ (૪)નો પણ શિકાર કર્યો. યશસ્વી જયસ્વાલે લાબુશેન અને સ્મિથ બંનેનો કેચ પકડ્યો હતો. અહીંથી ઉસ્માન ખ્વાજ અને ટ્રેવિસ હેડ વચ્ચે ૫મી વિકેટ માટે ૪૬ રનની ભાગીદારી થઈ હતી. સિરાજે ઉસ્માન ખ્વાજાને વિકેટકીપર રિષભ પંતના હાથે કેચ આઉટ કરાવીને આ ભાગીદારીનો અંત લાવ્યો હતો. અહીંથી ટ્રેવિસ હેડ અને બ્યૂ વેબસ્ટરે ભારતીય ટીમને કોઈ તક આપી ન હતી અને ઓસ્ટ્રેલિયાને જીતના મુકામ સુધી લઈ ગયા હતા.

ભારતે બીજા દાવમાં મજબૂત શરૂઆત કરી હતી. યશસ્વી જયસ્વાલે બીજી ઈનિંગમાં સ્ટાર્કની પહેલી જ ઓવરમાં ૧૬ રન આપ્યા હતા. પરંતુ ભારતીય ટીમને પહેલો ફટકો કેએલ રાહુલના




રૂપમાં લાગ્યો હતો, જેને સ્કોટ બોલેન્ડે બોલ્ડ કર્યો હતો. રાહુલ અને યશસ્વી વચ્ચે પ્રથમ વિકેટ માટે ૪૫ બોલમાં ૪૨ રનની ભાગીદારી થઈ હતી. રાહુલના આઉટ થયા બાદ યશસ્વી (૨૨) પણ બોલેન્ડનો શિકાર બન્યો હતો. વિરાટ કોહલી (૬)નું ખરાબ ફોર્મ ચાલુ રહ્યું અને તેણે ફરીથી બોલને ઓફ-સ્ટમ્પની બહાર જવાનું શરૂ કર્યું. કોહલી સ્ટીવ સ્મિથના હાથે બોલેન્ડના હાથે કેચ આઉટ થયો હતો. શુભમન ગિલ પણ ૧૩ રન બનાવીને બેઉ વેબસ્ટરના બોલ પર વિકેટ પાછળ કેચ આઉટ થયો હતો.

૭૮ રનમાં ચાર વિકેટ પડી ગયા બાદ રિષભ પંતે ભારતીય ઈનિંગની કમાન સંભાળી હતી. પંતે માત્ર ૨૯ બોલમાં સિક્સર અને ફોર ફટકારીને પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. પંતની તોફાની ઈનિંગ્સનો અંત પેટ કમિન્સે કર્યો હતો. ઓફ-સ્ટમ્પની બહારનો બોલ પંતના બેટની કિનારી સાથે અથડાયો અને વિકેટકીપર કેરીના હાથમાં ગયો. પંતે ૩૩ બોલમાં ૬ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૬૧ રન બનાવ્યા હતા. નીતિશ રેડ્ડી (૪) બીજા દાવમાં પણ નિરાશ થયો અને તેણે ખૂબ જ બિનજરૂરી શોટ રમ્યો અને બોલેન્ડના બોલ પર કમિન્સના હાથે કેચ આઉટ થયો.

ત્રીજા દિવસની રમતમાં ભારતીય ટીમે ટૂંક સમયમાં જ બાકીની ચાર વિકેટ ગુમાવી દીધી હતી. રવિન્દ્ર જાડેજા (૧૩) સૌથી પહેલા આઉટ થયો હતો, જેને ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સે એક શાનદાર બોલ પર ફસાવી દીધો હતો. ત્યારબાદ કમિન્સે વોશિંગ્ટન સુંદર (૧૨)ને પણ બોલ્ડ કર્યો હતો. મોહમ્મદ સિરાજ (૪) અને જસપ્રિત બુમરાહ (૦) આઉટ થનારા છેલ્લા બે બેટ્સમેન હતા. બંનેને સ્કોટ બોલેન્ડે આઉટ કર્યા હતા. ભારતની બીજી ઈનિંગમાં બોલેન્ડે છ વિકેટ લીધી હતી જ્યારે કમિન્સને ત્રણ વિકેટ મળી હતી. વેબસ્ટરે પણ એક વિકેટ લીધી હતી.

### સંધ્યા થિયેટર કેસ

# દર રવિવારે પોલીસ સ્ટેશનમાં હાજરી આપશે અલ્લુ અર્જુન

### ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી દર રવિવારે સવારે ૧૦ થી બપોરના ૧ વાગ્યાની વચ્ચે હાજર થવું પડશે

। (એજન્સી) હૈદરાબાદ, તા.૫ ।

અલ્લુ અર્જુન હાલના દિવસોમાં પોતાની ફિલ્મ 'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન બનેલી દુર્ઘટનાને લઈને સતત પોલીસ સ્ટેશન અને કોર્ટના ધક્કા ખાઈ રહ્યા છે. આ વચ્ચે હવે આ મામલે જોડાયેલી વધુ એક માહિતી સામે આવી છે. સાઉથના સ્ટાર એક્ટર અલ્લુ અર્જુન આજે કોર્ટના નિર્દેશ બાદ હૈદરાબાદની નામપલ્લી કોર્ટમાં હાજર થયો હતો. કોર્ટના આદેશ



મુજબ અલ્લુ અર્જુને ૫૦,૦૦૦ રૂપિયાની બે જામીનને રજૂ કર્યા હતા. ૩ જાન્યુઆરીના રોજ સંધ્યા થિયેટર નાસભાગ કેસમાં કોર્ટે તેને શરતી જામીન આપ્યા હતા. શરતો અનુસાર તેણે દર અઠવાડિયે (દર રવિવારે) કોર્ટમાં હાજર રહેવું પડશે અને સહી કરવી પડશે અને તેને દેશની બહાર મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અહીં તમને જણાવી દઈએ કે અગાઉ હૈદરાબાદની એક કોર્ટે અલ્લુ અર્જુનને નિયમિત જામીન આપ્યા હતા. કોર્ટે અલ્લુ અર્જુન અને પોલીસ વકીલોની દલીલો સાંભળ્યા બાદ પોતાનો આદેશ આપ્યો હતો. કોર્ટે અલ્લુ અર્જુનને ૫૦,૦૦૦ રૂપિયાની બે જામીન અને બીજો ૫૦,૦૦૦નો વ્યક્તિગત બોન્ડ જમા કરવા માટે નિર્દેશ આપ્યો હતો. એક અહેવાલ અનુસાર, જામીનની શરતોના ભાગ રૂપે અલ્લુ અર્જુનને બે મહિના સુધી અથવા ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી દર રવિવારે સવારે ૧૦ થી બપોરના ૧ વાગ્યાની વચ્ચે તપાસ અધિકારી સમક્ષ હાજર થવું પડશે. અભિનેતાને તપાસમાં કોઈપણ પ્રકારની અડચણ ઉભી ન કરવા અને સાક્ષીઓને પ્રભાવિત કરવાનું ટાળવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટે વધુમાં કહ્યું હતું કે અરજદારે તપાસમાં સંપૂર્ણ સહકાર આપવો પડશે અને તે કેસમાં દખલ નહીં કરે અને સાક્ષીઓ પર દબાણ લાવવાનો પ્રયાસ કરશે નહીં. અભિનેતાએ તેના રહેણાંકનું સરનામું બદલતા પહેલા કોર્ટને જાણ કરવી પડશે અને પરવાનગી વિના તેને દેશ છોડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હકીકતમાં સંધ્યા થિયેટર નાસભાગ કેસમાં પોલીસે અલ્લુ અર્જુન વિરુદ્ધ FIR નોંધીને તેની ધરપકડ કરી હતી. પોલીસે અલ્લુ અર્જુનની પૂછપરછ પણ કરી હતી. જો કે, અલ્લુ અર્જુને બધા જ આરોપોને નકારી કાઢ્યા હતા. આ નાસભાગ દરમિયાન એક મહિલાનું મોત થયું હતું. જ્યારે તેનો પુત્ર ગંભીર રીતે ઘાયલ થયો હતો. જે હાલ ખાનગી હોસ્પિટલમાં દાખલ છે. આ મામલામાં અલ્લુ અર્જુન અને પુષ્પા ૨ના નિર્માતાઓએ પીડિત પરિવારને ૨ કરોડ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. અલ્લુ અર્જુને ૧ કરોડ રૂપિયા આપ્યા હતા. જ્યારે મૈથ્રી મૂવિઝ અને ડિરેક્ટર સુકુમારે ૫૦-૫૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. ફિલ્મ નિર્માતા અને તેલંગાણા ફિલ્મ વિકાસ નિગમના અધ્યક્ષ દિલ રાજુએ પરિવારને આ વળતર સોંપ્યું હતું.

# ચોર સોનાના ઘરેણાં સહિત લસણ-ડુંગળી પણ ઉપાડી ગયા

। (એજન્સી) પટના, તા.૫ ।

હાલમાં ઠંડી વધવાની સાથે સાથે ચોરનો આતંક પણ વધી ગયો છે. બિહારના અલગ અલગ શહેરોમાંથી ચોરીના અલગ અલગ કિસ્સાઓ સામે આવી રહ્યા છે. પણ વૈશાલી જિલ્લામાંથી ચોરીનો એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. આ અજીબોગરીબ ઘટના વૈશાલી જિલ્લામાં થઈ છે. જેને જાણીને સૌ કોઈ ચોંકી ગયા હતા.

વૈશાલીના લાલગંજમાં થયેલી આ ચોરી આખી પંથકમાં ચર્ચાનો વિષય બની છે. હકીકતમાં જોઈએ તો, તાજેતરમાં ઘરેણાં, કપડાં, ટીવી અને કેમેરાની સાથે સાથે રાશનની પણ ચોરી કરી લીધી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, વૈશાલીના લાલગંજમાં ચોર ટોળકીએ બંધ ઘરમાંથી લાખો રૂપિયાના સામાન સાથે સાથે લસણ, ડુંગળી અને દાળ પણ ઉપાડીને લઈ ગયા હતા. હકીકતમાં જોઈએ તો, લાલગંજના લખન સરાય ગામના બે ઘરમાં ચોરી થઈ હતી. ચોર ઘરમાંથી મોંઘા ઘરેણાં અને કિંમતી સામાન સાથે સાથે રસોડામાં રહેલી લસણ, ડુંગળી પણ ચોરી ગયા હતા. ચોરીનો આ અનોખો કિસ્સાની તપાસ કરવા માટે પોલીસ પણ આવી હતી.

ઘટનાની જાણકારી મળતા લાલગંજ પોલીસ ડોગ સ્ક્વોડની ટીમ લઈને પહોંચી અને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમ્યાન ડોગ સ્ક્વોડ ઘરથી લગભગ ૮૦૦ મીટર દૂર એક ચોરીનો સામાન પણ જપ્ત થયો હતો.

# છત્તીસગઢના અબુઝમાડમાં સુરક્ષાદળોએ કર્યું એન્કાઉન્ટર

। (એજન્સી) રાયપુર, તા.૫ ।

છત્તીસગઢના અબૂઝમાડ ક્ષેત્રમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર નક્સલવાદીઓ ઠાર થયા છે. તેમના શબ જપ્ત કરવામાં આવ્યા છે. આ અથડામણમાં સુરક્ષા દળોએ એક-૪૭ અને એસએલઆર સહિત ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. દંતેવાડા ડીઆજીના હેડ કોન્સ્ટેબલ સન્નુ કરમ આ અથડામણમાં શહીદ થયા છે. સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ હજી ચાલુ છે. જેમાં ડીઆરજી (ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ) અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)ના જવાનો તૈનાત છે. આ અથડામણ છત્તીસગઢના નક્સલ પ્રભાવિત નારાયણપુર અને દંતેવાડા જિલ્લા સુધી વિસ્તરી છે. પોલીસ કર્મીઓએ જણાવ્યા મુજબ, આ અથડામણ નારાયણપુર-અબુઝમાડ બોર્ડર પરથી શરૂ થઈ છે. આ ઓપરેશનમાં આસપાસના ચાર જિલ્લાના સુરક્ષાદળો સામેલ છે. પોલીસ કર્મીઓએ જણાવ્યું હતું કે, નક્સલ વિરોધી અભિયાનમાં ડીઆરજી અને એસટીએફની સંયુક્ત ટીમને અબુઝમાડ જિલ્લામાં રવાના કરી હતી. આ ટીમ સાંજે ૬.૦૦ વાગ્યે નક્સવાદ પ્રભાવિત વિસ્તારમાં પ્રવેશતાં જ નક્સલવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો. જેના જવાબમાં સુરક્ષાદળોએ કાર્યવાહી કરી હતી. છત્તીસગઢમાં તંગદિલી સતત વધી રહી છે.

### શિલાન્યાસ કાર્યક્રમમાં રાજ્યપાલ અને CMએ આપી હાજરી

# ગાંધીનગર ખાતે રૂ. ૩૦૦ કરોડના ખર્ચે બનશે ભવ્ય આંજણા ધામ





। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

અમદાવાદ-મહેસાણા હાઈવે પર જમિયતપુરા ગામ પાસે રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે આકાર લેનાર આંજણા ધામના શિલાન્યાસ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી. આ પ્રસંગે સમાજના શૈક્ષણિક સંકુલ માટે માતબર દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં વિવિધ સમાજના લોકો તેમના સમાજ માટે ભગીરથ કાર્યો કરી રહ્યા છે. ત્યારે આંજણા ચૌધરી સમાજ દ્વારા સમાજના બાળકોના સર્વાંગી વિકાસ માટે ભવ્ય શૈક્ષણિક સંકુલ આંજણા ધામનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ-મહેસાણા હાઈવે પર જમિયતપુરા ગામ પાસે રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે આકાર લેનાર આંજણા ધામના શિલાન્યાસ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી. આ પ્રસંગે સમાજના શૈક્ષણિક સંકુલ માટે માતબર દાન આપનાર ચૌધરી સમાજના દાતાઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આંજણા સમાજના સર્વાંગી વિકાસ માટે અંદાજે રૂ. ૩૦૦ કરોડથી વધુના ખર્ચે આધુનિક બહુહેતુક વૈશ્વિક કક્ષાનું આંજણા ધામ નિર્માણ પામશે. આંજણાધામ માટે દાન આપનાર સમાજના દાનવીર આગેવાનોનું રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરાયું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સ્વયં પણ રૂપિયા પાંચ લાખના દાનની ઘોષણા કરી હતી અને કહ્યું હતું કે, પરિશ્રમ અને મહેનતનો પૈસો પવિત્ર હોય છે. તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે,આંજણા ચૌધરી સમાજ તો અર્બુદા માતાના વંશજો છે અને સમાજશક્તિનો પરિચય સમાજે દેશવિદેશમાં પણ આપ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### આગામી ૨ દિવસ બાદ તાપમાનમાં ઘટાડો થઈ શકે

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. ત્યારે આગામી દિવસોને લઈ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી. અમદાવાદમાં આજથી ઠંડીનું જોર વધશે. તાપમાન ૧૨ ડિગ્રી થતાં એક અઠવાડિયા સુધી કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. આગામી અઠવાડિયે શહેરનું તાપ માન ૧૦ ડિગ્રીથી નીચે ગગડવાની સંભાવના છે. ગુજરાતમાં સૌથી ઓછું નલિયામાં ૯ ડીગ્રી આસપાસ તાપમાન નોંધાયું છે. રાજ્યમાં ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટી જશે અને ફરી ઠંડીનો ચમકારો જોવા મળશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બે દિવસ બાદ તાપમાનમાં સામાન્ય ઘટાડો થાય તેવી આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બને કારણે તાપમાનમાં ઘટાડો થાય તેવી આગાહી કરવામાં આવી છે. જો કે હાલ ઉત્તર પૂર્વથી પૂર્વના પવન ફૂંકાઈ રહ્યાં છે જેના પગલે આગામી ૨ દિવસ બાદ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી બે દિવસ બાદ ફરી ઠંડી વધે તેવી શકયતા છે. જેમાં રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં ઠંડીના કારણે તાપમાનમાં ઘટાડો જોવા મળી શકે છે.


### અમદાવાદમાં રેપિડો સેવા પર ૩૦ દિવસનો પ્રતિબંધ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદમાં ૧ જાન્યુઆરીથી તમામ રિક્ષાઓમાં ફરજિયાત મીટરનો કાયદો લાગુ કરાયો. આ પછી રિક્ષા ચાલકોની અનેક રજૂઆતો બાદ શહેરમાં રેપિડો અને ઉબેર સામે આરટીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદ આરટીઓ દ્વારા જોગવાઈના ભંગ બદલ રેપિડોને ૩૦ દિવસ સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ઉબેરને ૧૫ દિવસમાં ટુ વ્હીલર વાહનોના ઉપયોગ બંધ કરવાની બાંહેધરી આપવા કહ્યું. શહેરમાં રિક્ષા એસોસિએશને ખાનગી એગ્રીગેટર કંપનીઓના નોન ટ્રાન્સપોર્ટ ટુ વ્હીલર બાબતે અનેક રજૂઆતો કરી હતી. જેને ધ્યાનમાં રાખીને અમદાવાદ આરટીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી. અમદાવાદ શહેરમાં રેપિડો, ઉબેર સહિતના ઓનલાઈન એપના માધ્યમથી લોકો પરિવહન કરતા થયા છે. આ દરમિયાન રિક્ષા ચાલકોએ આરટીઓમાં રેપિડો અને ઉબેર જેવી ઓનલાઈન સેવાને લઈને અનેક રજૂઆતો કરી હતી. શહેરમાં સફેદ નંબર પ્લેટના વાહનોનો ઉપયોગ કરવાની સાથે એગ્રીગેટરની જોગવાઈનો ભંગ કરવા બદલ રેપિડો અને ઉબેર સામે આરટીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદ આરટીઓ જે.જે પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ આરટીઓ દ્વારા રેપિડોને ફક્ત થ્રી વ્હીલર ઓટો રિક્ષાના એગ્રીગેટર લાયસન્સ ઈશ્યૂ કર્યા હતા.

**બે પાયલટ સહિત ૩ના મોત નિપજ્યા । કોસ્ટગાર્ડના એર એન્કલવ પર એએલએચ ધ્રુવ હેલિકોપ્ટર તેના રૂટિન રાઈડ સમયે ક્રેશ થઈ ગયું હતું**

# પોરબંદર એરપોર્ટ પર હેલિકોપ્ટર ક્રેશ થતા તેના ફૂરચા ઊડી ગયા



। (એજન્સી) પોરબંદર, તા.૫ ।

પોરબંદર એરપોર્ટ પર હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હોવાની ભયાનક ઘટના બની છે. કોસ્ટગાર્ડના એર એક્લવ પર છન્ઉૅ ધ્રુવ હેલિકોપ્ટર જે હતું તે ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં બે પાયલટ સહિત ૧ ક્રૂ મેમ્બરનું મોત નીપજ્યું હતું. આ ઘટના બની ત્યારે તાત્કાલિક ધોરણે કોસ્ટગાર્ડ ઓફિસર્સ, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બાદમાં તેમણે બચાવ કામગીરી હાથ ધરી પરંતુ ત્યાં સુધીમાં ઘટનાસ્થળે જ પાયલટ અને ક્રૂ મેમ્બરના મોત નીપજ્યા હોવાના મીડિયા અહેવાલો મળી રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે રવિવારે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ પોરબંદર એરપોર્ટ પર હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. આ ALH ધ્રુવ હેલિકોપ્ટર તેના રૂટિન ફ્લાઈંગ શેડ્યૂલ પ્રમાણે ઊડાન ભરી રહ્યું હતું. આ સમયે જ્યારે તેનું લેન્ડિંગ કરવામાં આવ્યું હતું ત્યારે તે દુર્ઘટનાનો શિકાર બન્યું અને કયા કારણોસર ક્રેશ થઈ ગયું એની માહિતી સામે આવી નથી. પરંતુ એટલું પ્રાથમિક અહેવાલોમાં કહેવાયું છે કે તે લેન્ડિંગ સમયે ક્રેશ થઈ ગયું હતું અને બાદમાં આગ લાગતા તેના ફૂરચે ફૂરચા ઊડી ગયા હતા. પોલીસ અધિકારી ભાગીરથ સિંહ જાડેજાએ જણાવ્યું કે આ ઘટના બપોરના ૧૨.૩૦ આસપાસ બની હતી. તેમણે પણ આ માહિતીની પુષ્ટી કરી હતી. આ ત્રણેય ચાલક દળના સભ્યો હેલિકોપ્ટરમાં સવાર હતા. જેમને દુર્ઘટના ઘટી એટલે તાત્કાલિક બહાર કાઢવાની તજવીજ શરૂ કરાઈ હતી. હેલિકોપ્ટરમાં આગ ફાટી નીકળતા કાળા ધુમાડાના ગોટેગોટા ઊડવા લાગ્યા હતા. એટલું જ નહીં બાદમાં ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ત્યાં હાજર થઈ ગઈ અને બચાવ કામગીરીમાં ત્રણેયને ગંભીર હાલતમાં હેલિકોપ્ટરના કાટમાળમાંથી બહાર કઢાયા હતા. આ ઘટનાક્રમમાં બે પાયલટ અને એક ક્રૂ મેમ્બર હતા જેમને ગંભીર હાલતમાં પોરબંદરની ભાવસિંહજી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પરંતુ ત્યાં સારવાર દરમિયાન ત્રણેયનું મોત નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે પોરબંદર એરપોર્ટ પર આ હેલિકોપ્ટર ક્રેશ થયું હોવાને લીધે હવે ત્યાં ઓપરેટ થતી કે લેન્ડ થતી ફ્લાઈટ્સના શેડ્યૂલ પણ રવિવાર પૂરતા બદલી કાઢવામાં આવ્યા હતા. હવે પોરબંદરથી ઓપરેટ થતી ફ્લાઈટ્સ રાજકોટ ડાયવર્ટ કરાઈ છે.

### ફ્લેટમાંથી મૃતદેહ મળી આવ્યો

## ૨૫ વર્ષીય સ્ટેટ લેવલ કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય રીતે મોત

। (એજન્સી) સુરત, તા.૫ ।

શહેરના પાલ વિસ્તારમાં રહેતો અને સ્ટેટ લેવલમાં કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય મોતને લઈને પરિવાર આઘાતમાં સરી ગયું છે. કારણ કે, માત્ર ૨૫ વર્ષનો યુવક જીમથી આવ્યા બાદ ઘરે સોફા પર બેઠા બાદ ઢળી પડ્યો હતો અને મોડી સાંજે પરિવાર ઘરે પહોંચતા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે, પોલીસે હાલ આ મામલે યુવકનો પીએમ કરાવવા સિવિલ ખાતે મૃતદેહ ખસેડી આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. બનાવની વિગતો જોઈએ તો, સુરતના પાલ સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી સ્ટેટ લેવલના કબડ્ડી ખેલાડીનું મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. ૨૫ વર્ષીય જય મુકુલભાઈ પ્રજાપતિ ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશનના કામકાજ સાથે સંકળાયેલો હતો.

## ધો. ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરતમાં વધુ એક આપઘાતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માતા-પિતાએ મોબાઈલ વારંવાર જોવાની ના પાડી ઠપકો આપતા લાગી આવતા ધોરણ ૮માં અભ્યાસ કરી રહેલી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, શહેરના પાંડેસરા વિસ્તારમાં આવીર ભાવ સોસાયટીમાં રહેતા નિશા પરિવારની ધોરણ ૮માં અભ્યાસ કરતી દીકરી છેલ્લા લાંબા સમયથી મોબાઈલની લતે ચડી હતી. મોબાઈલ વગર કોઈપણ કામ કરતી ન હતી. જેને લઈને માતા-પિતાએ ઠપકો આપ્યા બાદ તેની પાસેથી મોબાઈલ છીનવી લીધો હતો અને મોબાઈલ નહીં ચલાવવા બાબતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

### જાહેરમાં સરઘસનો મામલે પિટિશન ફાઈલ થઈ

## પાટીદાર સમાજને લાંછનરૂપ ઘટના પહોંચી હાઈકોર્ટમાં

### અરજદારે કહ્યું કે, સુપ્રીમ અને હાઈકોર્ટે આપેલા હુકમોનું પાલન કરાવો : આરોપીઓના જાહેર સરઘસ કાઢવા ગેરકાયદે છે

। (એજન્સી) અમરેલી, તા.૫ ।

અમરેલીના લેટરકાંડ બાદ પાટીદાર યુવતીનો કાઢવામાં આવેલા વરઘોડા મામલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન રિટ અરજી દાખલ કરવામાં આવી છે. આરોપીઓનું ખોટી રીતે સરઘસ નહી કાઢવા અંગે હાઈકોર્ટ દ્વારા અગાઉ જારી નિર્દેશો અને સુપ્રીમકોર્ટે ડી.કે.બાસુના કેસમાં જારી કરેલી માર્ગદર્શિકાનું ચુસ્ત પણે પાલન કરવા ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ થઈ છે.

ગુજરાતમાં પાટીદાર યુવતીના સરઘસનો મુદ્દાને લઈને અનેક સવાલો થયા છે. અમરેલીના લેટરકાંડમાં પાટીદાર યુવતીના પોલીસ વાર દ્વારા કાઢવામાં આવેલા સરઘસને લઈ ગુજરાતનું રાજકારણ સતત ગરમાઈ રહ્યું છે. અરજદાર તરફથી કરાયેલી અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા કે, તેની વિરુદ્ધ રાજકોટ બી ડિવીઝનમાં નોંધાયેલી ફરિયાદના કેસમાં પોલીસ દ્વારા તેને ટોર્ચર કરવામાં આવ્યો હતો અને તેનું પણ સરઘસ કઢાય તેવી દહેશત છે. ખુદ હાઈકોર્ટે અગાઉં પોલીસ દ્વારા જાહેરમાં સરઘસ કાઢવાના મુદ્દાને લઈ ચુકાદો આપવામાં આવ્યો છે. સુપ્રીમકોર્ટે ડી.કે. બાસુના કેસમાં સંબંધિત માર્ગદર્શિકા પણ જાહેર કરવામા આવી છે. તેનો ચુસ્તપણે અમલ ગુજરાતમાં કરાવવો જોઈએ. આ પ્રકારે ગેરકાયદે સરઘસો પર પ્રતિબંધ મૂકાવવા જોઈએ. અરજદારનું પણ પોલીસ દ્વારા સરઘસ કાઢવામાં ના આવે તેવી દાદ માંગવામાં આવી હતી. છતાં ગુજરાતમાં આરોપીઓના સરઘસ નીકળી રહ્યાં છે. પિટિશનમાં આરોપીઓના નીકળતા સરઘસ અંગે અનેક સવાલો પિટિશનમાં કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, અરજદાર આરોપી વિરૂધ્ધ અંગત અદાવતમાં ફરિયાદી અને તેના બે ભાઈઓ પર જીવલેણ હુમલી અને જાનથી મારી નાંખવાની ધમકી સહિતના આરોપો સબબ ફરિયાદ નોંધાઈ હતી. એ સિવાય પણ અન્ય ગુના નોંપાયેલા છે. આ મુદ્દે કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે આક્ષેપ કરતા કહ્યું કે, પાટીદાર દીકરી ટાઈપીંગ કરતી હતી.

### શેરીમાં રમતી માસુમ બાળકીઓને એક યુવકે કર્યા ગંદા ગંદા સ્પર્શ

। (એજન્સી) સુરત, તા.૫ ।

સમાજમાં દિવસેને દિવસે વિકૃતતા પેદા થઈ રહી છે. માસુમ બાળકો પણ તેનો શિકાર બની રહ્યાં છે. ત્યારે સુરતમાં વધુ એક ચોંકવનારી ઘટના સામે આવી છે. જેમાં એક યુવાને જાહેરમાં વિકૃતતાની હદ વટાવી છે. શેરીમાં રમતી નાની નાની બાળકીઓની છેડતી કરી હતી. સુરતના ભેસ્તાન વિસ્તારની આ ઘટના છે. જ્યાં યુવક બાળકીઓને ઊંચકી વિકૃતતા અનુભવતો હતો. યુવાનની વિકૃતતાને કારણે એક બાળકી ત્યાંથી ભાગી ગઈ હતી. છતાં યુવાને વિકૃતતા પોતાની ચાલુ રાખી હતી. યુવકની વિકૃતતાની આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

ભેસ્તાન પોલીસે બાળકીઓની છેડતી કરનાર નરાધમની ધરપકડ કરી છે. જેણે ઘર બહાર રમતી નાની દીકરીઓને રમાડવાના બહાને વિકૃત હરકત કરી છેડતી કરી હતી. ઉના વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષય મહંમદ અન્સારીની ધરપકડ કરાઈ છે. સમગ્ર વિકૃતિની હરકતની ઘટના ત્યાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ હતી. હાલ સુરત પોલીસ અન્ય કોઈ દીકરી સાથે છેડતી કરી છે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

આ કેસના આરોપી મોહમ્મદ નાસિર અંસારીની વિકૃત માનસિકતા સામે આવી છે. ભેસ્તાન પોલીસે મોહમ્મદ અંસારીની ધરપકડ કરી છે. મોહમ્મદ અંસારીએ રમાડવાનો ઢોંગ કરી બાળકીને ઉંચકી લઈ અશ્લીલ હરકતો કરી હતી. ઝઝૂફ વાઈરલ થતાં આરોપીની ધરપકડ કરાઈ છે. સુરતમાં ફરી એકવાર માનવ રૂપના રાક્ષસે માસૂમ બાળકીઓ સાથે શારીરિક છેડતી કરવાની ઘટના બની છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. CCTV ફૂટેજના આધારે ભેસ્તાન પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

બે બાળકીઓ સાથે અડપલાં કરનાર આરોપી તેમના જ સોસાયટીમાં રહેતો હતો. તારીખ ૨ જાન્યુઆરીના બપોરના સમયે બે માસૂમ બાળકીઓ પોતાની નાની સાયકલ પર રમતી હતી. આ દરમિયાન આરોપીએ તેમને જોઈ અને તેમની નજીક ગયો હતો. થોડા સમય સુધી આસપાસ કોઈ વ્યક્તિ નથી જોઈને તે પાછો બાળકીઓની પાસે આવ્યો હતો. જે બાદ બેમાંથી એક બાળકીને સાયકલ પરથી ઉંચકીને પોતાના ખોળામાં લઈ દીધી. તે એવું દેખાડવા માંગતો હતો કે તે બાળકી સાથે રમત રમે છે, પરંતુ તેનો ઈરાદો ખોટો હતો. આ આરોપીએ બાળકીને ઉંચકીને તેના કપડાંની અંદર હાથ નાખીને છેડતી શરૂ કરી. નજીક રમતા અન્ય ત્રણ બાળકીઓ પણ આ મુંજવણભર્યા દશ્યો જોઈ રહ્યા હતા. ૧૦ વર્ષથી પણ નાની ઉંમરના બે બાળાઓ સાથે આ ઘટના બની. એક રીક્ષાવાળો ત્યાં આવી પહોંચ્યો, ત્યારે આરોપી તે સ્થળેથી હટ્યો હતો. પરંતુ થોડા સમયમાં તે ફરીથી પાછો આવ્યો અને બીજી બાળકી સાથે પણ આ જ રીતે છેડતી કરી હતી. ભેસ્તાન પોલીસે CCTV આધારે તપાસ હાથ ધરી હતી અને આ શંકાસ્પદ વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ ભેસ્તાન પોલીસે પોક્સો અધિનિયમ હેઠળ તેની સામે આગળની કાર્યવાહી શરૂ કરી છે. આ વિશે સુરત એસીપી નીરવ ગોહિલે જણાવ્યું હતું કે, તારીખ. ૨/૦૧/૨૦૨૫ના રોજ બે નાની બાળકી પોતાના ઘરના આંગણે રમતી હતી.

